ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 23 સપ્ટેમ્બર 2026 બુધવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ -12

વર્ષ : 18
અંક : 84


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
હૂથીઓ સામે સાઉદીની મદદ કરશે બ્રિટન: હવામાં ફાઇટર પ્લેનમાં ઈંધણ ભરશે, યુદ્ધથી યમનમાં 1.2 લાખ...

4 
ધરતી તપી રહી છે, આકાશ કોરું છે અને ખેડૂત કંગાળ થઈ રહ્યો છે

6 
આલિયા ભટ્ટ બનાવશે કોરિયન ફિલ્મ 'ધ હાઉસમેઇડ'ની ભારતીય રીમેક

7 
હોમ લોન લેતા પહેલા વ્યાજદરની સરખામણી જરૂરી, 0.25%નો તફાવત પણ બચાવી શકે લાખો રૂપિયા

કેટલીક શરતો સાથે 7 દિવસની અંદર હોર્મુઝ ખોલવા રાજી ઈરાન

મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ 7 દિવસમાં ખોલવા સંમતિ આપી

જાપાનની 'ક્યોડો ન્યૂઝ' મુજબ, ઈરાને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સામે પર્સિયન ગલ્ફમાંથી સૈન્ય દબાણ ઘટાડવાની કડક શરત મૂકી

નવી દિલ્હી, તા.22

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે ઈરાને વિશ્વને મોટી રાહત આપી છે. ઈરાન સૌથી મહત્વપૂર્ણ તેલ સપ્લાય રૂટ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને ૭ દિવસમાં ખોલવા માટે તૈયાર છે, પરંતુ તેણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક કડક શરત મૂકી છે. ઈરાન સંબંધિત આ સમાચાર જાપાનની 'ક્યોડો ન્યૂઝ' એ પ્રકાશિત કર્યા છે, ત્યારબાદ હવે વિશ્વની નજર ડોનાલ્ડ ટ્રમ્પ તરફ મંડરાયેલી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને તેલના આસમાને પહોંચતા ભાવ વચ્ચે ઈરાને એક એવો દાવ રમી દીધો છે, જેનાથી સમગ્ર વિશ્વ માટે આગામી ૭ દિવસમાં મોટા સમચાર આવી શકે છે. વિશ્વની સૌથી સંવેદનશીલ દરિયાઈ પટ્ટી ગણાતા હોર્મુઝ સ્ટ્રેટને ઈરાન આગામી સાત દિવસમાં ફરીથી ખોલવા માટે રાજી થઈ ગયું છે. તેહરાને તેના બદલામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક એવી કડક શરત મૂકી છે, જેનાથી વોશિંગ્ટનમાં હોબાળો મચી ગયો છે. હવે ટ્રમ્પ પાસે એક જ રસ્તો બચ્યો છે.

જાપાનની જાણીતી સમાચાર એજન્સી 'ક્યોડો ન્યૂઝ' એ ઈરાની સરકારના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને આ સમગ્ર ઘટનાક્રમનો ખુલાસો કર્યો છે. ઈરાનના આ અધિકારીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને સંદેશ આપ્યો છે કે, તેમનો દેશ વાટાઘાટોના રસ્તા બંધ કરવાના મૂડમાં નથી, પરંતુ સાથે જ તેમણે અમેરિકાને એ વાતનો અહેસાસ પણ કરાવી દીધો છે કે તાળી એક હાથે વાગતી નથી. ઈરાનનું માનવું છે કે, છેલ્લા કેટલાક સમયથી અમેરિકી વહીવટીતંત્ર જે પ્રકારનું આક્રમક વલણ અપનાવી રહ્યું છે, તેનાથી શાંતિના કોઈ પ્રયાસો સફળ થઈ શકે નહીં. જો અમેરિકા ખરેખર આ આંતરરાષ્ટ્રીય સંકટનો ઉકેલ ઈચ્છતું હોય તો તેણે માત્ર વાતો કરવાને બદલે ગ્રાઉન્ડ લેવલ પર પોતાની



ગંભીરતા અને કટિબદ્ધતા સાબિત કરવી પડશે.

હવે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, ઈરાનની એ કઈ શરત છે, જેણે વોશિંગ્ટનથી લઈને તેલ બજારો સુધી હલચલ મચાવી દીધી છે? ખરેખર, ઈરાનની મુખ્ય અને કડક માંગ એ છે કે, અમેરિકા પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી) અને તેની આસપાસના વિસ્તારોમાંથી પોતાનું સૈન્ય દબાણ તુરંત ઘટાડે.

અમેરિકાએ જે રીતે આ વિસ્તારમાં પોતાની નૌકાદળ, લડાકુ વિમાનો અને ઘાતક મિસાઈલોની તૈનાતી વધારી દીધી છે, ઈરાન તેને પોતાના માથા પર લટકતી તલવાર માને છે. ઈરાનનું કહેવું છે કે જ્યાં સુધી તેના પર સૈન્ય કાર્યવાહીનો ખતરો મંડરાતો રહેશે, ત્યાં સુધી કોઈપણ પ્રકારની શાંતિ સમજૂતીનો કોઈ અર્થ રહેતો નથી. ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે શરત મૂકી છે કે, જો અમેરિકા પર્સિયન ગલ્ફમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લે છે, તો ઈરાન માત્ર સાત દિવસની અંદર સ્ટ્રેટ ઓફ હોર્મુઝને તમામ વેપારી જહાજો અને તેલ ટેન્કરોની અવરજવર માટે સુરક્ષિત રીતે ખોલી દેશે.

આ મોટા રાજદ્વારી વળાંક વચ્ચે વિશ્વભરના નિષ્ણાતોની નજરો એ વાત પર પણ ટકેલી હતી કે, શું આગામી દિવસોમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ની બેઠક દરમિયાન કોઈ મોટો ચમત્કાર થઈ શકે છે? શું અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન એક મંચ પર આવીને હાથ મિલાવી શકે છે?

જોકે, ઈરાની અધિકારીએ આ તમામ અટકળો પર વિરામ મૂકી દીધો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે UNGA દરમિયાન બંને ટોચના નેતાઓ વચ્ચે કોઈ મુલાકાત કે સીધી વાટાઘાટોનો કોઈ પ્લાન નથી. નિષ્ણાતોનું માનવું છે કે, ઈરાન કોઈ નક્કર પરિણામ કે શરત વિના પોતાના રાષ્ટ્ર પ્રમુખને ટ્રમ્પ સામે મોકલવા નથી માંગતું. જ્યાં સુધી અમેરિકા સૈન્ય દબાણ ઘટાડવા પર કોઈ લેખિત ભરોસો ન આપે, ત્યાં સુધી ઈરાનનો કોઈ મોટો નેતા ટ્રમ્પ સાથે ટેબલ પર બેસવા તૈયાર થશે નહીં. તેવામાં હવે ટ્રમ્પ પાસે માત્ર પડદા પાછળથી કૂટનીતિ ચલાવવાનો જ છેલ્લો રસ્તો બચ્યો છે.

વિશ્વના તેલની નસ: હોર્મુઝ સમગ્ર વિશ્વની 'ઓઈલ સપ્લાયની કરોડરજ્જુ' કહેવામાં આવે તો ખોટું નહીં હોય. પર્સિયન ગલ્ફને ઓમાનની ખાડી અને અરબ સાગર સાથે જોડતો આ સાંકડો રસ્તો વિશ્વનો સૌથી સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર છે. વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતા કુલ કાચા તેલનો લગભગ ૨૦ થી ૩૦ ટકા હિસ્સો માત્ર આ એક જ રસ્તા પરથી પસાર થઈને સમગ્ર વિશ્વમાં સપ્લાય થાય છે.

ગેસની અછતનો ડર: કાચા તેલ ઉપરાંત, કતાર અને આસપાસના ખાડી દેશોમાંથી નીકળતા એલપીજી અને લિક્વિફાઈડ નેચરલ ગેસ નો મોટો હિસ્સો આ જ રસ્તેથી એશિયાઈ અને યુરોપીય દેશો સુધી પહોંચે છે.

કેન્સરની દવા ₹2,700ની, MRP ₹27 હજાર, આ ધોળા દિવસે લૂંટ છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.22

સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓ પર 10 ગણી વધુ કિંમત વસૂલવાને 'ધોળા દિવસે લૂંટ' ગણાવી છે. કેન્સરની દવાઓની MRP સાથે જોડાયેલી એક અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં કોર્ટે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્સરની જરૂરી દવાઓ 27,000માં વેચાઈ રહી છે, જ્યારે તેમની PTR (રીટેલરને મળતી કિંમત) માત્ર 2,700 છે. આ ધોળા દિવસે લૂંટ છે. દર્દીને એવી દવા માટે કેવી રીતે ઠગી શકાય, જેને બનાવનારી કંપની રીટેલરને 2,700માં વેચે છે, પરંતુ તેના પર MRP 27,000 છાપવામાં આવે છે એટલે કે 10 ગણી વધુ. જસ્ટિસ સંદીપ મહેતાએ સુનાવણી દરમિયાન કહ્યું કે, નવાઈની વાત એ છે કે જે અધિકારીઓએ આના પર નિર્ણય લેવો જોઈએ, તેઓ સંપૂર્ણપણે મૌન છે. તેમણે ઉમેર્યું કે અમારે આનું કારણ આપવાની જરૂર નથી.

સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું, 'જ્યારે દર્દીઓ આયુષ (AYUSH) સ્કીમ હેઠળ સારવાર કરાવી રહ્યા હોય છે, ત્યારે તેનો પૂરો ખર્ચ કરદાતાઓએ (ટેક્સપેયર્સ) ભોગવવો પડે છે. હોસ્પિટલો આ ઊંચી કિંમતો પર દવાઓ ખરીદે છે, અને પછી સરકાર પાસેથી તેના પૈસા રી-ઈમ્બર્સ (પાછા) મેળવે છે. આખરે આ કરદાતાઓના જ પૈસા છે. આ સ્પષ્ટપણે છેતરપિંડીનો મામલો છે'. સુપ્રીમ કોર્ટે એ વાત પર ભાર મૂક્યો કે દવા ઉત્પાદકો અને સપ્લાય ચેઈનને અનુચિત પ્રોફિટ માર્જિન કમાવવાની છૂટ આપવામાં આવે છે, જ્યારે નિયામક સંસ્થાઓ



(રેગ્યુલેટરી બોડીઝ) બીજી તરફ જોતી રહે છે, જેના કારણે ગંભીર બીમારીઓ સામે લડી રહેલા પરિવારો ગંભીર નાણાકીય સંકટમાં ફસાઈ જાય છે. કોર્ટના જણાવ્યા અનુસાર, ખાનગી હોસ્પિટલો અને વિતરકો ઓછી જથ્થાબંધ કિંમતે દવાઓ ખરીદીને અને વધારેલી મહત્તમ છૂટક કિંમત (MRP) પર રી-ઈમ્બર્સમેન્ટનો દાવો કરીને કરદાતાઓના પૈસાથી ચાલતી આરોગ્ય સેવાઓમાંથી ભારે સબસીડી વસૂલે છે. અદાલતે સંકેત આપ્યો કે જીવનરક્ષક દવાઓ પર પ્રોફિટ માર્જિનને મર્યાદિત કરવા અને ખાનગી તથા સરકારી સહાયતા પ્રાપ્ત તબીબી સારવાર બંનેમાં વ્યાપક નાણાકીય છેતરપિંડી રોકવા માટે તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપની (રેગ્યુલેટરી ઈન્ટરવેન્શન) જરૂર છે.

હવે દીવાલ પર પંખા લગાવશે

વિદ્યાર્થીએ આત્મહત્યા કરતાં IIT બોમ્બેએ હોસ્ટેલમાંથી સીલિંગ ફેન હટાવીદેવાયા...

મુંબઈ, તા.22

IIT બોમ્બેમાં B.Techના બીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થી સાહિલ વાકોડેએ આત્મહત્યા કર્યા બાદ હાલ કેમ્પસમાં હોબાળો મચી રહ્યો છે. ત્યારે આ દરમિયાન એક મોટો બદલાવ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીની મોત બાદ હવે સીલિંગ ફેનને હટાવીને તેની જગ્યાએ વૉલ-માઉન્ટેડ ફેન લગાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.



મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લાના રહેવાસી અને એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થી સાહિલનો મૃતદેહ શુક્રવારે પવઈ કેમ્પસ સ્થિત તેની હોસ્ટેલના રૂમમાં લટકતી હાલતમાં મળ્યો હતો. ત્યારે તંત્રએ હવે સીલિંગ ફેનની જગ્યાએ દીવાલ પર ફિટ કરવાના પંખા લગાવવાનું કામ શરૂ કર્યું છે.

સૂત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે, વિદ્યાર્થીઓની આત્મહત્યાની હાલની ઘટનાઓ બાદ IIT બોમ્બે હોસ્ટેલમાંથી સીલિંગ ફેન હટાવવાની કામગીરી ચાલી રહી છે. કેમ્પસમાં તમામ હોસ્ટેલ અને અન્ય જરૂરી જગ્યાઓએ વૉલ માઉન્ટેડ ફેન લગાવવામાં આવશે. કેમ્પસમાં આ વૉલ માઉન્ટેડ ફેન મોટા પ્રમાણમાં મૂકવામાં આવ્યા હતા, તેની તસવીર સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહી છે.

NCP (SP)ના પ્રવક્તા અનીશ ગવંડેએ આઈઆઈટી બોમ્બેના આ પગલાંની ટીકા કરતા કહ્યું કે, પંખા બદલવાથી વિદ્યાર્થીઓની આત્મહત્યાની સમસ્યાનું સમાધાન નહીં થઈ શકે. તેમણે સવાલ કર્યો કે, તેની જગ્યાએ આત્મહત્યા રોકવા માટે માનસિક સ્વાસ્થ્યની મદદ માટે પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. ગવંડેએ ઉમેર્યું હતું કે, 'શું IIT બોમ્બેને ખરેખર એવું લાગે છે કે, સીલિંગ ફેનની જગ્યાએ વૉલ-માઉન્ટેડ ફેન લગવવાથી દેશભરની IITમાં આત્મહત્યાની સમસ્યા પૂરી થઈ જશે? છેલ્લા 20 વર્ષમાં IITમાં 117થી વધુ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું છે.' જુલાઈમાં એક વિદ્યાર્થીની આત્મહત્યા પછી સંસ્થાએ પંખા બદલવાની વાત કરી હતી અને ગયા અઠવાડિયે સાહિલની આત્મહત્યા બાદ આ મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

બિહારના જમુઈ છેડતી કાંડના બે આરોપીઓનું એન્કાઉન્ટર, એકનો પગ ભાંગ્યો

જમુઈ, તા.22

બિહારના જમુઈ જિલ્લામાં સગીર વિદ્યાર્થીની સાથે છેડતી મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. કેસમાં ફરાર ચાલી રહેલા 2 આરોપીઓનું એન્કાઉન્ટર થયાના અહેવાલ સામે આવી રહ્યા છે.

પોલીસ સાથે થયેલી આ અથડામણમાં એક આરોપીના પગમાં ગોળી વાગવાની અને બીજા આરોપીનો પગ ભાંગી જવાની માહિતી સામે આવી રહી છે. અથડામણ બાદ બંને આરોપીઓને જમુઈ સદર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. આરોપીઓને હોસ્પિટલ લઈ જવાનો વીડિયો પણ સામે આવ્યો છે.

તમને જણાવી દઈએ કે ગત દિવસોમાં જમુઈ છેડતી કાંડનો વીડિયો વાઈરલ થયો હતો. ત્યારબાદ પોલીસ પ્રશાસને ગુનેગારો સામે મોટું અને આક્રમક અભિયાન શરૂ કર્યું છે.

આરોપીઓની ધરપકડ માટે જિલ્લાના વિવિધ સંભવિત ઠેકાણાઓ પર સઘન દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને ગુનેગારો



વચ્ચે કથિત રીતે એન્કાઉન્ટર થયુ હતું. સૂત્રો પાસેથી મળેલી પ્રાથમિક માહિતી પ્રમાણે આ કાર્યવાહી દરમિયાન એક આરોપીના પગમાં ગોળી વાગી છે, જ્યારે બીજાનો પગ ભાંગી ગયો છે.

એવી માહિતી સામે આવી રહી છે કે પોલીસ ટીમ જ્યારે દબિશ આપી રહી હતી, ત્યારે જ ગુનેગારો સાથે આમનો-સામનો થઈ ગયો. આ દરમિયાન થયેલી કાર્યવાહીમાં મુખ્યત્વે નંદન યાદવ નામના આરોપીના પગમાં ગોળી વાગી હોવાનું કહેવાય છે. તો બીજી તરફ તેના સાથી હરેરામ યાદવનો પગ ભાંગી જવાની માહિતી મળી છે. જોકે, એન્કાઉન્ટરની આ આખી ઘટનાને લઈને પોલીસના ઉચ્ચ અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં નથી આવી.

અથડામણ સ્થળ: પોલીસ અને ગુનેગારો વચ્ચે અથડામણ કુંદર બરાજ નજીક થઈ, જ્યાં પોલીસ ટીમ નંદનને પકડવા પહોંચી હતી.

આરોપીઓની ઓળખ અને સ્થિતિ: મુખ્ય આરોપી નંદન યાદવ અને હરેરામ યાદવ બંને પુખ્ત વયના (બાલિગ) છે. બંને પ્રતાપપુર ગામના રહેવાસી છે અને વ્યવસાયે ટ્રેક્ટર ડ્રાઈવર છે.

પોલીસ કાર્યવાહી: પોલીસ પર હુમલો કરીને ભાગવા દરમિયાન જવાબી ફાયરિંગમાં નંદનના પગમાં ગોળી વાગી, જ્યારે ભાગતી વખતે હરેરામનો પગ ભાંગી ગયો.

ધરપકડનો આંકડો: કેસમાં અત્યાર સુધી 6 આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે (ત્રણ સોમવારે, એક મંગળવારે સવારે). SIT બાકીના 1 આરોપીની તલાશ કરી રહી છે. સારવાર અને સુરક્ષા: બંને ઘાયલોને પોલીસ કસ્ટડીમાં જમુઈ સદર હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ભારે પોલીસ બંદોબસ્ત તહેનાત છે.

ઉલ્લેખનીય છે કે 19 સપ્ટેમ્બરે સાંજે 7:00 વાગ્યે મડવા પહાડ પાસે રોમિયોના એક ટોળાએ સ્કૂટી પર જઈ રહેલા સગીર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને બળજબરીથી રોકીને અભદ્ર વર્તન અને મારપીટ કરી હતી. ત્યારબાદ આરોપીઓએ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો. વાઈરલ ફૂટેજમાં મુખ્ય આરોપી નંદન યાદવ વિદ્યાર્થીનીને બળજબરીથી ઉપાડીને અપહરણ કરવાનો પ્રયાસ કરતો સ્પષ્ટપણે જોવા મળ્યો હતો, જે બાદ સમગ્ર જિલ્લામાં ભારે આક્રોશ ફેલાઈ ગયો હતો.

વિશેષ તપાસ ટીમ (SIT)ને મંગળવારે વહેલી સવારે ગુપ્ત માહિતી મળી હતી કે મુખ્ય આરોપી નંદન યાદવ કુંદર બરાજ વિસ્તારમાં છુપાયેલો છે. પોલીસ ટીમે જ્યારે વિસ્તારની ઘેરાબંધી કરી, તો પોતાને ઘેરાયેલો જોઈને નંદને પોલીસ ટીમ પર હુમલો કરી દીધો અને ભાગવાનો પ્રયાસ કર્યો.

પોલીસ દ્વારા આત્મરક્ષાર્થે કરવામાં આવેલા જવાબી ફાયરિંગમાં એક ગોળી સીધી નંદનના પગમાં જઈને વાગી અને તે ત્યાં જ ઢળી પડ્યો. આ જ દરમિયાન તેની સાથે ભાગી રહેલા હરેરામ યાદવનો પગ ભાંગી ગયો. પોલીસ ટીમે ઝડપી કાર્યવાહી કરીને બંનેને ઘટનાસ્થળેથી જ પકડી લીધા. તપાસમાં સામે આવ્યું છે કે નંદન યાદવ અને હરેરામ યાદવ બંને પુખ્ત વયના છે, પ્રતાપપુર ગામના રહેવાસી છે અને વ્યવસાયે ટ્રેક્ટર ડ્રાઈવર છે. કેસમાં ત્રણ આરોપીઓને સોમવારે જ પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે મંગળવારે એક આરોપી રામાશીષ મંડળને પકડવામાં આવ્યો હતો.




સોશિયલ મીડિયાથી હરખાઈને ઓનલાઇન ખરીદતા લોકો સાવધાન, ભણેલી-ગણેલી યુવતીએ પણ ગુમાવ્યા 81000 રૂપિયા

અમદાવાદ, તા.22

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં રહેતી અને ખાનગી બેંકમાં નોકરી કરતી 29 વર્ષીય યુવતી સાથે રૂ.81 હજારની સાયબર છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. યુવતીએ ઈન્સ્ટાગ્રામ પર હેર રીમુવર મશીનની રીલ જોઈને ઓનલાઈન ઓર્ડર કર્યો હતો. જોકે, ઓર્ડર મળ્યા બાદ પાર્સલ ખોલતાં તેમાં હેર રીમુવર મશીનની જગ્યાએ માત્ર બેટરી મળી આવી હતી. ખોટો સામાન મળતાં યુવતીએ ઓનલાઈન કસ્ટમર કેરનો સંપર્ક કર્યો હતો. આ જ વાતનો લાભ લઈને સાયબર ઠગે યુવતીને વોટ્સએપ વીડિયો કોલ કર્યો હતો અને સ્ક્રીન શેર કરાવી તેના મોબાઈલમાં Customer.in APK નામની એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવી હતી. ત્યારબાદ યુવતીનો મોબાઈલ હેક કરીને તેના બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂ.81 હજાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

દરિયાપુર વિસ્તારમાં રહેતી યુવતી ખાનગી બેંકના લોન વિભાગમાં VSRM તરીકે નોકરી કરે છે. ગત 15 સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે તે ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઈ રહી હતી. આ દરમિયાન હેર રીમુવર મશીનની એક રીલ તેના ધ્યાનમાં આવી હતી. રીલના ડિસ્ક્રિપ્શનમાં આપેલી લિંક પર ક્લિક કરીને યુવતીએ હેર રીમુવર મશીનનો ઓર્ડર કર્યો હતો. ઓર્ડર કરતી વખતે તેણે કેશ ઓન ડિલિવરીનો વિકલ્પ પસંદ કર્યો હતો. ત્યારબાદ 18 સપ્ટેમ્બરના રોજ ડિલિવરી બોય યુવતીના ઘરે પાર્સલ લઈને પહોંચ્યો હતો. યુવતીએ પાર્સલના બદલામાં રોકડ રકમ ચૂકવી હતી અને ત્યારબાદ પાર્સલ ખોલ્યું હતું.

પાર્સલ ખોલતાં યુવતીને મોટો આંચકો લાગ્યો હતો, કારણ કે તેણે જે હેર રીમુવર મશીનનો ઓર્ડર આપ્યો હતો તેના બદલે બોક્સમાંથી માત્ર બેટરી નીકળી હતી. આ અંગે યુવતીએ તરત જ ડિલિવરી બોયનો સંપર્ક કર્યો હતો. ડિલિવરી બોયે તેને જ્યાંથી ઓર્ડર કર્યો હતો તે સાઈટ પરથી જ રિપ્લેસમેન્ટની પ્રક્રિયા કરવા માટે જણાવ્યું હતું. યુવતીને લાગ્યું કે ઓનલાઈન ઓર્ડરમાં ભૂલ થઈ હોવાથી હવે કસ્ટમર કેર મારફતે યોગ્ય વસ્તુ મંગાવી શકાશે. પરંતુ હકીકતમાં



આ જ તબક્કાથી સાયબર ઠગાઈનું કાવતરું આગળ વધ્યું હતું.

19 સપ્ટેમ્બરના રોજ યુવતીએ પાર્સલ પર આપવામાં આવેલી Shopify Customer Care નામની વેબસાઈટ પર લોગિન કર્યું હતું. ત્યાં દર્શાવવામાં આવેલા ટોલ ફ્રી નંબર અને અન્ય સંપર્ક નંબર પર યુવતીએ ફોન કર્યો હતો. ફોન ઉપાડનાર વ્યક્તિએ ઓર્ડર રિપ્લેસમેન્ટ કરાવવા માટે યુવતીનો વોટ્સએપ નંબર માંગ્યો હતો. યુવતીએ વિશ્વાસ કરીને પોતાનો વોટ્સએપ નંબર આપ્યો હતો. ત્યારબાદ થોડા સમય બાદ યુવતીને વોટ્સએપ પર વીડિયો કોલ આવ્યો હતો. વીડિયો કોલ કરનાર વ્યક્તિએ પોતાનું નામ સુમિત પરમાર હોવાનું જણાવ્યું હતું.


વીડિયો કોલ દરમિયાન સામેવાળી વ્યક્તિ તરફથી લેપટોપની સ્ક્રીન દેખાઈ રહી હતી, જેના કારણે યુવતીને સામેની વ્યક્તિ કસ્ટમર કેર સાથે સંકળાયેલી હોવાનું વધુ વિશ્વાસ થયું હતું. ઠગે યુવતીને ઓર્ડર રિપ્લેસમેન્ટની પ્રક્રિયા સમજાવવાના બહાને તેના મોબાઈલની સ્ક્રીન શેર કરવા માટે કહ્યું હતું. યુવતીને શરૂઆતમાં આ પ્રક્રિયા સામાન્ય લાગતાં તેણે ઠગની વાત માની લીધી હતી. ત્યારબાદ ઠગે વોટ્સએપ પર Customer.in APK નામની ફાઈલની લિંક મોકલી હતી અને આ ફાઈલ પર ક્લિક કરીને એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવા માટે કહ્યું હતું.

એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવા માટે યુવતીને મોબાઈલની સેટિંગ્સમાં જઈને કેટલીક પરમિશન આપવાનું કહેવામાં આવ્યું હતું. યુવતીએ ઠગની સૂચના પ્રમાણે મોબાઈલમાં જરૂરી સેટિંગ્સ કરી હતી. આ દરમિયાન ઠગને યુવતીના મોબાઈલ સુધી વધુ નિયંત્રણ મળ્યું હોવાની આશંકા છે. ઠગે ત્યારબાદ યુવતીને તેના મોબાઈલમાં રહેલું વોટ્સએપ બિઝનેસ એકાઉન્ટ પણ ડિલીટ કરાવ્યું હતું. ત્યારબાદ તેણે યુવતીને ગૂગલ પે એપ્લિકેશન ખોલવા માટે કહ્યું હતું. જોકે, ગૂગલ પે ખોલવા માટે કહેવામાં આવતાં યુવતીને સમગ્ર મામલો શંકાસ્પદ લાગ્યો હતો. યુવતીને કોઈ ગડબડ હોવાની શંકા થતાં તેણે તરત જ વીડિયો કોલ કાપી નાખ્યો હતો અને ઠગનો નંબર બ્લોક કરી દીધો હતો. પરંતુ ત્યાં સુધીમાં ઠગને યુવતીના મોબાઈલમાં જરૂરી ઍક્સેસ મળી ગઈ હોવાનું સામે આવ્યું હતું. યુવતીએ મોબાઈલ બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મોબાઈલ યોગ્ય રીતે બંધ પણ થતો ન હતો. જેના કારણે તેની શંકા વધુ મજબૂત બની હતી. મોબાઈલમાં કંઈક ગડબડ થઈ હોવાનું જણાતાં યુવતી મોબાઈલની દુકાન પર ગઈ હતી અને ત્યાં મોબાઈલની તપાસ કરાવી હતી. મોબાઈલ અંગે તપાસ કર્યા બાદ યુવતીએ ફરીથી ગૂગલ પે ડાઉનલોડ કર્યું હતું અને પોતાના બંને બેંક ખાતાના બેલેન્સની તપાસ કરી હતી. બેંક ખાતાના બેલેન્સ ચેક કરતાં યુવતીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. એક બેંક ખાતામાંથી રૂ.45 હજાર અને બીજા બેંક ખાતામાંથી રૂ.36 હજાર ઉપાડી લેવામાં આવ્યા હતા. આમ, બંને ખાતામાંથી કુલ રૂ.81 હજારની રકમ ઠગના ખાતામાં ટ્રાન્સફર થઈ ચૂકી હતી.

માણેકચોકમાંથી મોકલેલા 12 લાખના દાગીનાનાં પાર્સલ ન પહોંચ્યા: આંગડિયા પેઢી તાળું મારી ફરાર

અમદાવાદ, તા.22

અમદાવાદના માણેકચોક વિસ્તારમાં આવેલી જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢી સામે સોનાના દાગીનાના પાર્સલ સેરવીને ફરાર થઈ જવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ત્રણ અલગ-અલગ સોની વેપારીઓએ ભરોસો રાખીને આંગડિયા પેઢીમાં મોકલેલા કુલ 78.520 ગ્રામ સોનાના દાગીનાના છ પાર્સલ તેમના ગંતવ્ય સ્થળે પહોંચ્યા જ નહીં. આ પાર્સલની કુલ કિંમત રૂ.12,02,374 જેટલી હોવાનું સામે આવ્યું છે. વેપારીઓએ આંગડિયા પેઢીના સંચાલકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ સંપર્ક ન થતાં માણેકચોક સ્થિત ઓફિસે તપાસ કરતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ઓફિસ પર તાળું લાગેલું જોવા મળતાં વેપારીઓમાં ભારે ચકચાર મચી હતી. સમગ્ર મામલે ભોગ બનનાર વેપારીઓએ ખાડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. માણેકચોક વિસ્તારમાં શ્રીજી ઓર્નામેન્ટ નામની દુકાન ધરાવતા મૌલિકભાઈ હસમુખભાઈ સોનીએ પોતાના વેપારીઓને સોનાના દાગીના મોકલવા માટે જય રણછોડ એન્ડ કુ. આંગડિયા પેઢીનો સંપર્ક કર્યો હતો. આંગડિયા



મારફતે સોનાના દાગીના સુરક્ષિત રીતે વેપારીઓ સુધી પહોંચશે તેવા વિશ્વાસ સાથે તેમણે બે અલગ-અલગ પાર્સલ આંગડિયા પેઢીમાં જમા કરાવ્યા હતા. ગત 23 જૂનના રોજ 10.340 ગ્રામ સોનાના દાગીનાનું એક પાર્સલ ભરૂચ મોકલવા માટે આપવામાં આવ્યું હતું. ત્યારબાદ 27 જૂનના રોજ ફરી 17.510 ગ્રામ સોનાના દાગીનાનું બીજું પાર્સલ ભરૂચ મોકલવા માટે આંગડિયા પેઢીને સોંપવામાં આવ્યું હતું. બંને પાર્સલમાં રહેલા સોનાના દાગીનાની કુલ કિંમત રૂ.4,36,410 જેટલી હતી.

પાર્સલ નક્કી કરેલા સ્થળે સમયસર ન પહોંચતાં મૌલિકભાઈને શંકા ગઈ હતી. સામાન્ય રીતે આંગડિયા મારફતે મોકલવામાં આવતા પાર્સલ સમયસર વેપારી સુધી પહોંચી જતા હોય છે, પરંતુ આ બંને પાર્સલ અંગે કોઈ માહિતી ન મળતાં તેમણે જય રણછોડ એન્ડ કુ.ની માણેકચોક સ્થિત ઓફિસનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ફોન પર સંચાલકો સાથે સંપર્ક થઈ શક્યો નહોતો. ત્યારબાદ મૌલિકભાઈ પોતે આંગડિયા પેઢીની ઓફિસે પહોંચ્યા હતા. ત્યાં પહોંચ્યા બાદ ઓફિસ બંધ અને તાળાબંધ હાલતમાં જોવા મળતાં તેઓ ચોંકી ગયા હતા. આંગડિયા પેઢીના સંચાલકો તથા જવાબદાર વ્યક્તિઓનો કોઈ પત્તો ન લાગતાં અન્ય વેપારીઓ સાથે પણ તપાસ કરતાં મામલો વધુ ગંભીર હોવાનું સામે આવ્યું હતું. આ તપાસ દરમિયાન મૌલિકભાઈના મિત્ર મૈનાક મહાવિરકુમાર જૈને પણ આ જ આંગડિયા પેઢી મારફતે પોતાના વેપારીઓને સોનાના દાગીના મોકલ્યા હોવાની માહિતી મળી હતી.

મોંઘવારીનો અસહ્ય માર: આસમાને પહોંચતા ભાવોએ મધ્યમ અને ગરીબ વર્ગની કમર તોડી, સરકારના મૌન સામે જનરોષ

અમદાવાદ, તા.22

વર્તમાન સમયમાં દેશભરમાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં થયેલા અસાધારણ અને બેફામ વધારાએ સામાન્ય નાગરિકોનું જીવવું દુષ્કર બનાવી દીધું છે. મોંઘવારીના આ રાક્ષસી કદના કારણે મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે અને તેઓ આર્થિક સંકટના ઊંડા અંધકારમાં ધકેલાઈ ગયા છે. એક તરફ સામાન્ય લોકોની આવક સ્થિર અથવા મર્યાદિત છે, તેની સામે બીજી તરફ જીવનજરૂરી ચીજોના સતત વધતા ભાવોનો અસહ્ય બોજ સામાન્ય માણસની કમર તોડી રહ્યો છે. બજારની વર્તમાન પરિસ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે કે સંગ્રહખોરો અને નફાખોરો પર સરકારનો કોઈ જ અંકુશ રહ્યો નથી, જેના કારણે કાળાબજારિયાઓ બેફામ બનીને જનતાને લૂંટી રહ્યા છે, છતાં જનતાના મતોથી ચૂંટાયેલી સરકાર આ ગંભીર બાબતે ભેદી મૌન ધારણ કરીને બેઠી છે, જે અનેક સવાલો ઊભા કરે છે.

છેલ્લા એક દાયકાના ગાળામાં થયેલો ભાવવધારો આંખે ઉડીને વળગે તેવો અને ચોંકાવનારો છે. વર્ષ 2013માં જે ખાંડનો ભાવ આશરે રૂ. 37 પ્રતિ કિલો હતો, તે આજે કુદકે ને ભુસકે વધીને આશરે



રૂ. 84 સુધી પહોંચી ગયો છે, જે સીધો 127 ટકાનો તોતિંગ વધારો દર્શાવે છે. આ તો માત્ર શરૂઆત છે, રસોડામાં દરોજ વપરાતી વિવિધ દાળોના ભાવ પણ આસમાને છે. સામાન્ય માણસના ભોજનનો મુખ્ય હિસ્સો ગણાતી તુવેરની દાળ રૂ. 74થી વધીને રૂ. 160 થઈ ગઈ છે, જ્યારે અડદની દાળ રૂ. 71થી વધીને રૂ. 160 અને ચણાની દાળ રૂ. 50થી વધીને રૂ. 125 પ્રતિ કિલોના સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે ગરીબની થાળીમાંથી પ્રોટીન ગાયબ થઈ રહ્યું છે. માત્ર અનાજ કે કઠોળ જ નહીં, પરંતુ ખાદ્યતેલો અને દૂધ જેવા અતિ આવશ્યક પદાર્થોના ભાવોમાં પણ ભારે ઉછાળો જોવા મળ્યો છે. જે સરસિયાનું તેલ પહેલા રૂ. 102 આસપાસ મળતું હતું તે હવે રૂ. 263 અને મધ્યમ વર્ગમાં લોકપ્રિય સિંગતેલ રૂ. 164થી વધીને રૂ. 286 પ્રતિ કિલો થઈ ગયું છે, જેનાથી ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગયું છે. બાળકો અને વૃદ્ધો માટે અનિવાર્ય એવા દૂધનો ભાવ પણ પ્રતિ લિટર રૂ. 36થી વધીને રૂ. 85 પર પહોંચી ગયો છે. આ ઉપરાંત, જીવન ટકાવી રાખવા માટે જરૂરી એવો લોટ રૂ. 21થી વધીને રૂ. 69 અને ચોખા રૂ. 29થી વધીને રૂ. 71 પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે. રસોડાના સ્વાદ અને સુગંધ ગણાતા મસાલાઓ જેવા કે જાયફળ, જીરું, લાલ મરચું અને હળદરના ભાવમાં તો પ્રતિકિલોએ રૂ. 150થી લઈને રૂ. 800 સુધીનો અકલ્પનીય વધારો ઝીંકાયો છે. શાકભાજીમાં પણ મે 2013માં માત્ર રૂ. 23 પ્રતિ કિલો મળતી ડુંગળીના ભાવ વધીને રૂ. 84 થઈ ગયા છે, જે 217 ટકાનો જંગી વધારો છે અને તે ગ્રાહકોની આંખોમાં પાણી લાવી રહી છે.

આ સમગ્ર પરિસ્થિતિમાં સૌથી મોટી વિડંબના એ છે કે ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતા આ ઊંચા ભાવોનો કોઈ જ આર્થિક લાભ આ ચીજવસ્તુઓના પાયાના ઉત્પાદક એવા ખેડૂતોને મળી રહ્યો નથી. યોગ્ય આર્થિક વળતર અને ટેકાના ભાવના અભાવે દેશનો અન્નદાતા ગણાતો ખેડૂત પણ આજે ગંભીર આર્થિક સંકટમાં મૂકાયો છે અને દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યો છે. બજારમાં સક્રિય વચેટિયાઓ અને સંગ્રહખોરોની બેફામ નફાખોરીના કારણે એક તરફ ગ્રાહકો લૂંટાઈ રહ્યા છે અને બીજી તરફ ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે.

અમદાવાદના ગોતામાં સિલ્વર ઓક કોલેજ બહાર ક્રેનની ટક્કરથી આશાસ્પદ યુવતીનું મોત

અમદાવાદ, તા.22

અમદાવાદના ગોતા વિસ્તારમાં સિલ્વર ઓક કોલેજ નજીક એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. કોલેજમાં B.Sc. પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી 19 વર્ષીય વિદ્યાર્થિની પ્રેરણા નિનામા કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કરીને પગપાળા ઘરે જવા માટે નીકળી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી મહાકાય ક્રેને તેને અડફેટે લીધી હતી. ક્રેનની જોરદાર ટક્કરથી યુવતી રસ્તા પર પટકાઈ હતી અને ત્યારબાદ ક્રેન તેના પરથી ફરી વળી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે પ્રેરણા નિનામાને ઘટનાસ્થળે જ જીવ ગુમાવવો પડ્યો હતો. બનાવ બાદ ક્રેનનો ચાલક વાહન સ્થળ પર જ છોડીને ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ પ્રેરણા નિનામા સિલ્વર ઓક કોલેજમાં B.Sc.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. રોજિંદી જેમ તે કોલેજમાં અભ્યાસ માટે ગઈ હતી. અભ્યાસ પૂર્ણ થયા બાદ તે કોલેજની બહાર નીકળી હતી અને પગપાળા જઈ રહી હતી. કોલેજથી અંદાજે 200 મીટર જેટલું અંતર જ કાપ્યું હતું ત્યાં પાછળથી પૂરપાટ ઝડપે આવેલી એક ક્રેને તેને અડફેટે લીધી હતી. અચાનક બનેલી ઘટનાને કારણે યુવતીને બચવાની તક પણ મળી નહોતી.

ક્રેનની ટક્કર એટલી જોરદાર હતી કે પ્રેરણા રસ્તા પર ફંગોળાઈને પટકાઈ હતી. યુવતી જમીન પર પટકાયા બાદ પણ ક્રેન અટકી નહોતી અને મહાકાય વાહન તેના પરથી ફરી વળી ગયું હતું. જેના કારણે યુવતીને શરીરના અનેક ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડેલી યુવતીને જોઈને આસપાસના લોકોમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા જોતા લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

અકસ્મતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી પ્રેરણાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. એક તરફ યુવતીના પરિવારજનો પોતાની દીકરીના ભવિષ્યને લઈને અનેક સપનાઓ જોઈ રહ્યા હતા, ત્યારે બીજી તરફ કોલેજમાંથી બહાર નીકળ્યાના થોડા જ સમયમાં બનેલા અકસ્માતે સમગ્ર પરિવારને આઘાતમાં મૂકી દીધો છે. 19 વર્ષની ઉંમરે કોલેજના



પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી યુવતીના અચાનક મોતથી તેના પરિવાર અને પરિચિતોમાં શોકની લાગણી ફેલાઈ છે.

અકસ્માત સર્જાયા બાદ ક્રેનનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. અકસ્માતને કારણે થોડા સમય માટે રસ્તા પર પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતાં ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતગ્રસ્ત વિસ્તારની તપાસ કરી હતી અને મૃતક વિદ્યાર્થિનીના મૃતદેહને જરૂરી કાર્યવાહી માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં ક્રેનની ઝડપ અને ચાલકની બેદરકારી અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અકસ્માત બાદ ક્રેન ચાલક ફરાર થઈ જતાં પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે. ઘટનાસ્થળની આસપાસના CCTV કેમેરાના ફૂટેજ તેમજ અન્ય ઉપલબ્ધ પુરાવાના આધારે ક્રેન કઈ દિશામાંથી આવી હતી અને અકસ્માત બાદ ચાલક કઈ તરફ ફરાર થયો તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. ક્રેનના નંબર અને વાહનના માલિકની વિગતોના આધારે પણ પોલીસ આગળની કાર્યવાહી કરી રહી છે.

ગોતા વિસ્તારમાં સિલ્વર ઓક કોલેજ આસપાસ વિદ્યાર્થીઓની સતત અવરજવર રહે છે. ખાસ કરીને કોલેજ શરૂ અને પૂર્ણ થવાના સમયે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પગપાળા તેમજ અન્ય વાહનો મારફતે અવરજવર કરતા હોય છે. આવી સ્થિતિમાં ભારે વાહનો અને ક્રેન જેવી મહાકાય મશીનરીની અવરજવર દરમિયાન સલામતીના નિયમોનું પાલન થાય તે મહત્વનું બની જાય છે. આ અકસ્માતે ફરી એક વખત કોલેજ અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ભારે વાહનોની અવરજવર તથા ટ્રાફિક વ્યવસ્થાને લઈને સવાલો ઊભા કર્યા છે. એક તરફ 19 વર્ષની પ્રેરણા નિનામા ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાના ભવિષ્યને ઘડવાની દિશામાં આગળ વધી રહી હતી, ત્યારે એક ક્ષણના અકસ્માતે તેનું જીવન છીનવી લીધું છે. કોલેજથી માત્ર 200 મીટરના અંતરે બનેલી આ ઘટના પરિવાર માટે ક્યારેય ન ભૂલાય તેવી કરુણ ઘટના બની છે. અકસ્માત બાદ હવે પરિવારજનોને ન્યાય મળે અને ફરાર ક્રેન ચાલક ઝડપાઈ કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે. હાલ ટ્રાફિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. ફરાર ક્રેન ચાલકને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરી છે.

નરોડામાં પ્રોપર્ટી ટેક્સ બિલ વહેંચવા ગયેલા AMC વોર્ડ ઈન્સ્પેક્ટર પર હુમલો, બે શખ્સો અને બે મહિલાઓ સામે ફરિયાદ

અમદાવાદ, તા.22

અમદાવાદના નરોડા વિસ્તારમાં પ્રોપર્ટી ટેક્સના બિલની વહેંચણી કરવા ગયેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના વોર્ડ ઈન્સ્પેક્ટર સાથે મારામારી અને ગાળાગાળી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. પ્રોપર્ટી ટેક્સના બિલ અંગે થયેલી બોલાચાલી બાદ બે શખ્સો અને બે મહિલાઓએ ભેગા મળીને AMCના વોર્ડ ઈન્સ્પેક્ટર પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે સરકારી ફરજમાં રૂકાવટ અને મારામારીના મામલે નરોડા પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. સરકારી કર્મચારી ફરજ બજાવી રહ્યા હતા ત્યારે બનેલી આ ઘટનાને લઈને AMCના કર્મચારીઓમાં પણ ચર્ચા શરૂ થઈ છે. મળતી માહિતી મુજબ ગત 3 ઓગસ્ટના રોજ AMCના વોર્ડ ઈન્સ્પેક્ટર ઉજ્જવલ દિનેશભાઈ બરંડા નરોડા વિસ્તારમાં પ્રોપર્ટી ટેક્સના બિલની વહેંચણી કરવા માટે નીકળ્યા હતા. તેઓ



અરીહંતનગરની બાજુમાં આવેલી જલ્પા સોસાયટીમાં પહોંચ્યા હતા અને ત્યાં રહેલા મિલકતધારકોને પ્રોપર્ટી ટેક્સના બિલ પહોંચાડી રહ્યા હતા. આ દરમિયાન એક શખ્સે વોર્ડ ઈન્સ્પેક્ટર પાસે પોતાના ઘરનું નવું ટેક્સ બિલ આવ્યું નથી તેવી રજૂઆત કરી હતી. તેણે જૂનું ટેક્સ બિલ પણ બતાવ્યું હતું.

ઉજ્જવલભાઈએ શખ્સ દ્વારા બતાવવામાં આવેલા જૂના બિલનો ફોટો પોતાના મોબાઈલ ફોનમાં પાડ્યો હતો. નવું બિલ ઉપલબ્ધ થશે ત્યારે તેને આપી જવાની વાત કહીને તેઓ સોસાયટીમાં અન્ય મિલકતધારકોના ટેક્સ બિલની વહેંચણી કરવા માટે આગળ વધી ગયા હતા. શરૂઆતમાં સમગ્ર વાતચીત સામાન્ય હોવાનું જણાતું હતું, પરંતુ થોડા સમય બાદ અગાઉ વાત કરનાર શખ્સ ફરીથી ઉજ્જવલભાઈની પાછળ આવ્યો હતો. આ શખ્સે વોર્ડ ઈન્સ્પેક્ટર પાસે તરત જ પોતાના ઘરનું નવું ટેક્સ બિલ આપવા માટે જીદ શરૂ કરી હતી. ઉજ્જવલભાઈએ તેને સમજાવ્યું હતું કે નવું બિલ હજુ તેમની પાસે આવ્યું નથી અને બિલ ઉપલબ્ધ થયા બાદ આપવામાં આવશે. જોકે, આ વાતથી શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે વોર્ડ ઈન્સ્પેક્ટરને સવાલ કર્યો હતો કે તેના ઘરનું ટેક્સ બિલ મોબાઈલમાં કેમ ફોટોગ્રાફ કરવામાં આવ્યું હતું. આ બાબતે બોલાચાલી ઉગ્ર બનતાં શખ્સે ઉજ્જવલભાઈનો કોલર પકડી લીધો હતો અને તેમની સાથે મારામારી શરૂ કરી દીધી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ દરમિયાન ઘટનાસ્થળે વધુ એક શખ્સ અને બે અજાણી મહિલાઓ પણ આવી પહોંચ્યાં હતાં. ત્યારબાદ ચારેય લોકો ભેગા થઈને AMCના વોર્ડ ઈન્સ્પેક્ટર સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા. ફરિયાદ મુજબ આરોપીઓએ ઉજ્જવલભાઈને સરકારી ફરજ બજાવતા અટકાવ્યા હતા અને તેમની સાથે લાફા તથા મુક્કાથી મારામારી કરી હતી. અચાનક ચાર લોકો દ્વારા કરવામાં આવેલા આ હુમલાના કારણે વોર્ડ ઈન્સ્પેક્ટર ગભરાઈ ગયા હતા અને પોતાની સુરક્ષા માટે ત્યાંથી નીકળી ગયા હતા.

સરકારી કર્મચારી પર ફરજ દરમિયાન થયેલા આ હુમલાની જાણ થતાં ઉજ્જવલભાઈએ સમગ્ર ઘટનાની માહિતી પોતાના ઉપરી અધિકારીઓને આપી હતી. ત્યારબાદ તેમણે આસિસ્ટન્ટ મેનેજર સાગર જયંતીભાઈ અસારી સાથે સમગ્ર મામલે ચર્ચા કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બંનેએ નરોડા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આરોપીઓ સામે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસ ફરિયાદમાં સરકારી કામગીરીમાં રૂકાવટ, ગાળાગાળી અને મારામારી સહિતની બાબતો અંગે ચાર લોકો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલા લોકોની ઓળખ અને ઘટનાની ચોક્કસ પરિસ્થિતિ અંગે માહિતી મેળવવામાં આવી રહી છે. સાથે જ ઘટનાસ્થળ આસપાસના લોકો તથા અન્ય સાક્ષીઓના નિવેદનો પણ લેવામાં આવી શકે છે. આ ઘટનામાં પ્રોપર્ટી ટેક્સ બિલનો ફોટો મોબાઈલમાં પાડવાની બાબતને લઈને વિવાદ શરૂ થયો હોવાનું સામે આવ્યું છે. AMCના વોર્ડ ઈન્સ્પેક્ટર ટેક્સ બિલની વહેંચણીની સરકારી કામગીરીના ભાગરૂપે સોસાયટીમાં ગયા હતા.

વસ્ત્રાલના શિક્ષક સાથે સાયબર ફ્રોડ: અદાણી ગેસનું બિલ ભરવાના બહાને એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવી 3.48 લાખ રૂપિયા સેરવી લીધા

અમદાવાદ, તા.22

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર ગણાતા વસ્ત્રાલમાં સાયબર ક્રાઈમની એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં અદાણી ગેસનું બિલ બાકી હોવાનો ડર બતાવીને એક માધ્યમિક શાળાના શિક્ષકને ડિજિટલ ઠગાઈનો શિકાર બનાવવામાં આવ્યા છે. ગઠિયાઓએ અત્યંત ચાલાકીપૂર્વક ગેસ કનેક્શન કાપી નાખવાની ધમકી આપી શિક્ષકના મોબાઈલમાં શંકાસ્પદ એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવી હતી. આ બાદ ક્રેડિટ કાર્ડની માહિતી મેળવીને અને કોલ ફોરવર્ડિંગ ટ્રીકનો ઉપયોગ કરીને તેમના ખાતામાંથી રૂ. 3.48 લાખ ઉપાડી લીધા હતા. આ સમગ્ર મામલે ભોગ બનનાર શિક્ષકે રામોલ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા સાયબર અપરાધીઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો અનુસાર, વસ્ત્રાલ વિસ્તારમાં એસ.પી. રિંગ રોડ નજીક રહેતા 43 વર્ષીય યુવક અમરાઈવાડી વિસ્તારની એક જાણીતી વિદ્યાલયમાં માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે પોતાની



ફરજ બજાવે છે. ગત 12 સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે તેમના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. આ મેસેજના પ્રોફાઈલ પિક્ચરમાં અદાણી ગેસનો સત્તાવાર લોગો અને ફોટો લગાવેલો હતો, જેથી શિક્ષકને કોઈ શંકા ગઈ નહોતી. મેસેજમાં ખૂબ જ કડક શબ્દોમાં લખવામાં આવ્યું હતું કે જો આજે રાત સુધીમાં તમારું બાકી બિલ ભરવામાં નહીં આવે, તો તમારા ઘરનું ગેસ કનેક્શન તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવશે.

આ મેસેજ વાંચીને શિક્ષક ચિંતામાં મુકાઈ ગયા હતા, પરંતુ તેમણે તાત્કાલિક સામો જવાબ આપતા જણાવ્યું હતું કે તેમણે અગાઉ જ ગેસ બિલની ચુકવણી કરી દીધી છે. શિક્ષકે પુરાવા તરીકે પોતાના પેમેન્ટનો સ્ક્રીનશોટ પણ તે જ નંબર પર મોકલી આપ્યો હતો. આમ છતાં, ગઠિયાઓએ પોતાની જાળ બિછાવવાનું ચાલુ રાખ્યું હતું અને સ્ક્રીનશોટને અમાન્ય ગણાવી શિક્ષકને 'અદાણી ગેસ' નામે તૈયાર કરવામાં આવેલી એક અત્યંત શંકાસ્પદ એપીકે (APK) ફાઈલ વોટ્સએપ પર મોકલી હતી. આ દરમિયાન સાયબર ઠગ શિક્ષક સાથે સતત ફોન કોલ પર વાત કરી રહ્યો હતો અને તેમને આ ફાઈલ ઓપન કરીને પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સતત દબાણ કરી રહ્યો હતો.

શિક્ષકે સાયબર ગઠિયાના કહેવા મુજબ પોતાના મોબાઈલમાં તે ફાઈલ ઓપન કરી હતી, જેમાં એક પેજ ખુલતા તેમણે પોતાના એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડની તમામ અંગત વિગતો ભરી દીધી હતી. જોકે, ફોર્મ સબમિટ કરવાનો પ્રયાસ કરવા છતાં પ્રક્રિયા આગળ વધી નહોતી. આ તકનો લાભ લઈને ફોન પર રહેલા ઠગે શિક્ષકને વધુ એક જાળમાં ફસાવ્યા હતા અને મોબાઈલ સ્ક્રીન પર એક ખાસ કોડ ડાયલ કરવા માટે જણાવ્યું હતું. શિક્ષકે જેવો જ એ કોડ પોતાના ફોનમાં ડાયલ કર્યો, તે સાથે જ તેમનો મોબાઈલ કોલ અન્ય નંબર પર ફોરવર્ડ થઈ ગયો હતો અને તેમના મોબાઈલ પર આવતા તમામ મેસેજ અને ઓટીપી ઠગ પાસે પહોંચવા લાગ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

હૂથીઓ સામે સાઉદીની મદદ કરશે બ્રિટન: હવામાં ફાઈટર પ્લેનમાં ઈંધણ ભરશે, યુદ્ધથી યમનમાં 1.2 લાખ લોકો ઘરવિહોણા થયા

યમન, તા.22

યમનમાં હૂથી બળવાખોરો અને સાઉદી અરેબિયા વચ્ચેની લડાઈ વધુ ઉગ્ર બની ગઈ છે. આ દરમિયાન બ્રિટને સાઉદી અરેબિયાને મદદ કરવાનો નિર્ણય લીધો છે.

સોમવારે ન્યૂયોર્ક જતી વખતે પત્રકારો સાથે વાત કરતા બ્રિટિશ વડાપ્રધાને કહ્યું કે બ્રિટન એ-ટુ-એર રિફ્યુઅલિંગ માટે ટેન્કર આપશે. એટલે કે હવામાં ઉડી રહેલા સાઉદીના ફાઈટર પ્લેનમાં ઈંધણ ભરી શકાશે.

આ દરમિયાન, લડાઈની અસર સામાન્ય લોકો પર પડી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં 3,000થી વધુ યમની શરણાર્થીઓ જિબૂતી પહોંચ્યા છે. યુએન મુજબ, લાલ સમુદ્રના કિનારે લડાઈ વધવાથી અત્યાર સુધીમાં 1.2 લાખથી વધુ યમની લોકો ઘરવિહોણા થઈ ચૂક્યા છે. આમાં એક ટેન્કર વિમાન હવામાં ઉડી રહેલા ફાઈટર પ્લેનમાં જ ઈંધણ ભરે છે. ફાઈટર પ્લેનને ઈંધણ ભરાવવા માટે એરબેઝ પર પાછું ઉતરવું પડતું નથી.

આથી ફાઈટર પ્લેનો વધુ સમય સુધી હવામાં ઉડી શકે છે અને લાંબા સમય સુધી દેખરેખ અથવા સંરક્ષણ અભિયાન ચલાવી શકે છે.

બ્રિટન તરફથી એક RAF વોયજર ટેન્કર વિમાન તહેનાત કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ વિમાન સાયપ્રસ ખાતેથી RAF અકરોટિરીથી કામગીરી કરી શકે છે. બ્રિટનની RAF પાસે કુલ 9 વોયજર વિમાનો છે. તેમાં 8 લશ્કરી રજિસ્ટ્રેશન ધરાવતા અને એક સિવિલિયન રજિસ્ટ્રેશન ધરાવતું વિમાન છે. જરૂર પડે ત્યારે વધારાનાં વિમાનો પણ લશ્કરી ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવી શકાય છે.

આ સમજૂતી સમયમર્યાદિત છે. મદદ મહિનાઓને બદલે થોડાં અઠવાડિયાં સુધી રહેવાની અપેક્ષા છે. જોકે, બર્નહામે કહ્યું છે કે તેની સમીક્ષા ચાલુ રહેશે.

બ્રિટને આ વર્ષે પહેલેથી જ સાઉદી અરેબિયાની રક્ષા માટે પોતાની સ્કાય સેબર એર ડિફેન્સ સિસ્ટમ ત્યાં તહેનાત કરી દીધી છે.

યમનના હૂથીઓએ આ મહિને લાલ સમુદ્રના કિનારા તરફ ઝડપથી આગળ વધીને બાબ-અલ-મંદબ સ્ટ્રેટ નજીકના વિસ્તારો પર કબજો કર્યો છે.

આ સ્ટ્રેટ લાલ સમુદ્રને એડનની ખાડી અને આગળ હિંદ મહાસાગર સાથે જોડે છે. તેથી આ વિસ્તારમાં થતી લડાઈની અસર દરિયાઈ માર્ગો પર પણ પડી શકે છે.

હૂથીઓની આ પ્રગતિ બાદ



સાઉદી અરેબિયાએ દરિયાકાંઠાના વિસ્તારોમાં સેંકડો હવાઈ હુમલા કર્યા છે. બીજી તરફ હૂથીઓએ સાઉદી અરેબિયાના શહેરો અને માળખાકીય સુવિધાઓ પર સેંકડો ડ્રોન અને મિસાઈલ હુમલા કરવાનો દાવો કર્યો છે.

યમનની બરાબર સામે આવેલું જિબૂતી સ્પષ્ટ કરી ચૂક્યું છે કે તે હૂથીઓ બળવાખોરો અને સાઉદી સમર્થિત યમની સરકાર વચ્ચેના યુદ્ધમાં સામેલ થવા માંગતું નથી.

જોકે, જિબૂતી આફ્રિકામાં સૌથી વધુ સૈન્ય હાજરી ધરાવતા દેશોમાંનું એક છે. 2003થી અમેરિકા અહીં કેમ્પ લેમોનિયર નામનો મોટો સૈન્ય મથક ચલાવી રહ્યું છે. અહીં ચીનનો પણ મોટો સૈન્ય મથક છે.

આ લડાઈ યમનમાં હૂથી બળવાખોરો અને સાઉદી અરેબિયાના સમર્થનવાળી યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર વચ્ચે છે.

હૂથીઓએ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ અને ઊર્જા સંબંધિત સુવિધાઓને નિશાન બનાવી ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલોથી હુમલા કરવાનો દાવો કર્યો છે. તેના જવાબમાં સાઉદી અરેબિયાએ યમનની અંદર હૂથી ઠેકાણાઓ પર હુમલા કર્યા છે.

બ્રિટિશ સરકારના જણાવ્યા મુજબ, જુલાઈથી હૂથીઓએ સાઉદી અરેબિયાના અનેક શહેરો, એરપોર્ટ, સૈન્ય મથકો અને ઊર્જા સંબંધિત માળખાગત સુવિધાઓને નિશાન બનાવી છે.

આમાં અબહા, જિઝાન, નજરાન, તાઈફ, જેદ્દાહ અને યાન્બુનો સમાવેશ થાય છે. લાલ સમુદ્રમાં સાઉદી જહાજોને પણ નિશાન બનાવવામાં આવ્યા છે. આ હુમલાઓમાં કેટલાક સામાન્ય લોકો ઘાયલ થયાની વાત કહેવામાં આવી છે.

બ્રિટને આ હુમલાઓની કડક નિંદા કરી છે. તેનું કહેવું છે કે આનાથી પ્રદેશની સ્થિરતા અને લાલ સમુદ્ર તથા બાબ-અલ-મંદબ જળસંધિમાંથી જહાજોની અવરજવર પર જોખમ ઊભું થાય છે. યમનમાં 2014થી ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. આ લડાઈમાં અત્યાર સુધી હજારો લોકો માર્યા ગયા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે. સાઉદી અરેબિયા અને હૂતી બળવાખોરો વચ્ચે 2022માં સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો હતો. પરંતુ હાલના મહિનાઓમાં આ સમજૂતી ખરાબ રીતે તૂટી ગઈ છે. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે મિસાઈલ, ડ્રોન અને હવાઈ હુમલા ફરી વધી ગયા છે.

આ લડાઈની અસર માત્ર યમન અને સાઉદી અરેબિયા સુધી મર્યાદિત નથી. બાબ-અલ-મંદબમાંથી પસાર થતા દરિયાઈ માર્ગને કારણે અહીંની સુરક્ષાની અસર લાલ સમુદ્રના માર્ગે થતા આંતરરાષ્ટ્રીય વેપાર પર પણ પડી શકે છે.

પરંતુ આ લડાઈની સૌથી મોટી કિંમત તે લોકોએ ચૂકવવી પડી રહી છે, જેમને પોતાનું ઘર છોડીને બીજા દેશમાં શરણ લેવી પડી રહી છે.

બ્રિટન અગાઉ પણ હૂથી ઠેકાણાઓ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરી ચૂક્યું છે. જાન્યુઆરી 2024માં બ્રિટને અમેરિકાની સાથે મળીને યમનમાં હૂથીઓના સૈન્ય ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. આ કાર્યવાહી લાલ સમુદ્રમાં વેપારી જહાજો પર હૂથીઓના સતત હુમલાઓ બાદ કરવામાં આવી હતી. તે અભિયાનમાં બ્રિટિશ RAF ટાઈફૂન ફાઈટર પ્લેનોને વોયજર ટેન્કર વિમાનો દ્વારા હવામાં જ ઈંધણ પૂરું પાડવામાં આવ્યું હતું.

નોર્થ કોરિયાએ હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું, કિમ જોંગ ઉને પુત્રી સાથે નિરીક્ષણ કર્યું....

પ્યોંગયાંગ, તા.22

નોર્થ કોરિયાએ રવિવારે પોતાની નવી હથિયાર પ્રણાલીના ભાગરૂપે મિસાઈલ પરીક્ષણ કરીને પોતાની સૈન્ય ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. સરકારી સમાચાર એજન્સી KCNA દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરોમાં નોર્થ કોરિયાના નેતા કિમ જોંગ ઉન પોતાની પુત્રી સાથે મિસાઈલ પરીક્ષણનું નિરીક્ષણ કરતા જોવા મળ્યા હતા. KCNAના અહેવાલ અને તસવીરો અનુસાર પરીક્ષણ દરમિયાન હાઈપરસોનિક મિસાઈલ હ્વાસોંગ-11Maનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણને નોર્થ કોરિયાની યુદ્ધ તૈયારીઓ અને મિસાઈલ ટેક્નોલોજીના વિકાસ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.

કિમ જોંગ ઉને પરીક્ષણ દરમિયાન જણાવ્યું હતું કે નવી હથિયાર પ્રણાલીનો વિકાસ દેશની યુદ્ધ તૈયારીઓને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ પ્રકારના હથિયારો દુશ્મનો માટે 'લાઈલાજ માથાનો દુખાવો' સાબિત થઈ શકે છે. કિમના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે નોર્થ કોરિયા પોતાની મિસાઈલ ક્ષમતામાં વધુ આધુનિક ટેક્નોલોજી સામેલ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ખાસ કરીને હાઈપરસોનિક હથિયારોને ઝડપી ગતિ, ઉડાન દરમિયાન દિશા



બદલવાની ક્ષમતા અને પરંપરાગત મિસાઈલ સંરક્ષણ પ્રણાલીઓ સામે પડકાર ઊભો કરવાની સંભાવના સાથે જોડવામાં આવે છે.

દક્ષિણ કોરિયાની સેનાના જણાવ્યા અનુસાર, નોર્થ કોરિયાએ તેના પૂર્વી તટ પર આવેલા વોનસાન વિસ્તારમાંથી બે ટૂંકી દૂરીની મિસાઈલોનું પ્રક્ષેપણ કર્યું હતું. દક્ષિણ કોરિયાની સેનાએ જણાવ્યું કે આ બંને મિસાઈલો આશરે 450 અને 600 કિલોમીટરનું અંતર કાપીને સમુદ્રમાં પડી હતી. મિસાઈલોના પ્રક્ષેપણ અને તેમની ઉડાન પર દક્ષિણ કોરિયાની સેનાએ નજર રાખી હતી. જાપાનની સેનાએ પણ આ પ્રક્ષેપણ અંગે માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે બંને મિસાઈલો જાપાનના વિશેષ આર્થિક ક્ષેત્ર એટલે કે EEZની બહાર સમુદ્રમાં પડી હતી.

KCNA દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરોમાં મિસાઈલોને મોબાઈલ લોન્ચર ટ્રકો પરથી પ્રક્ષેપિત કરવામાં આવતી જોવા મળી હતી. તસવીરોમાં મિસાઈલોના આગળના ભાગમાં શંકુ જેવી રચના અને બંને તરફ વિંગ્સ જેવા ભાગો દેખાતા હતા. આ તસવીરો બાદ મિસાઈલની રચના અને તેની ઉડાન ક્ષમતાને લઈને સૈન્ય નિષ્ણાતોમાં પણ રસ વધ્યો છે. જોકે, નોર્થ કોરિયાએ પરીક્ષણ દરમિયાન આ નવી હથિયાર પ્રણાલીની સંપૂર્ણ ટેક્નિકલ વિગતો જાહેર કરી નથી.

એક અન્ય તસવીરમાં કિમ જોંગ ઉન નિરીક્ષણ સ્ક્રીન સામે ઊભા રહીને પરીક્ષણની માહિતી જોઈ રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. સ્ક્રીન પર 'હ્વાસોંગ-11Ma' નામ દેખાતું હતું. નોર્થ કોરિયા અગાઉ પણ હ્વાસોંગ-11 શ્રેણીની મિસાઈલોને પોતાની આધુનિક ટૂંકી દૂરીની મિસાઈલ ક્ષમતાના ભાગરૂપે રજૂ કરી ચૂક્યું છે. દેશે અગાઉ હ્વાસોંગ-11Maને હાઈપરસોનિક હથિયાર તરીકે દર્શાવ્યું હતું. જોકે, આ વખતના પરીક્ષણ દરમિયાન કિમ જોંગ ઉને નવી હથિયાર પ્રણાલીનું કોઈ અલગ નામ જાહેર કર્યું નહોતું. મિસાઈલ પરીક્ષણ દરમિયાન કિમ જોંગ ઉનની સાથે તેમની પુત્રીની હાજરી પણ નોંધપાત્ર રહી હતી. નોર્થ કોરિયાના સરકારી મીડિયા દ્વારા અગાઉ પણ કિમની પુત્રીને મહત્વપૂર્ણ સૈન્ય કાર્યક્રમો અને મિસાઈલ પરીક્ષણોમાં તેમની સાથે દર્શાવવામાં આવી છે.

અમેરિકાએ કાલથી ઈરાની એરલાઈન્સ બંધ કરાવવાની ધમકી આપી: US નાણામંત્રીએ કહ્યું- જે કંપનીઓ તેમની મદદ કરશે

પ્યોંગયાંગ, તા.22

અમેરિકાએ ઈરાનની તમામ એરલાઈન્સને બંધ કરાવવાની ધમકી આપી છે. અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે કહ્યું છે કે 23 સપ્ટેમ્બરથી ઈરાની વિમાનોને ઈંધણ, લેન્ડિંગની સુવિધા અથવા ટિકિટ આપતી વિદેશી કંપનીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

આવી કંપનીઓને અમેરિકી ડૉલર સિસ્ટમમાંથી બહાર કરવામાં આવી શકે છે. એટલે કે અમેરિકા માત્ર ઈરાની એરલાઈન્સ પર દબાણ નથી કરી રહ્યું, પરંતુ આ એરલાઈન્સને ચલાવવામાં મદદ કરતી વિદેશી કંપનીઓને પણ નિશાન બનાવી રહ્યું છે.

અમેરિકા જે ડૉલર સિસ્ટમની વાત કરી રહ્યું છે, તેનો અર્થ અમેરિકી બેંકિંગ વ્યવસ્થાથી છે. કોઈ કંપની પર અમેરિકી પ્રતિબંધ લાગ્યા પછી તેના માટે અમેરિકી બેંકો મારફતે ડૉલરમાં લેવડદેવડ કરવી મુશ્કેલ બની શકે છે.

એટલે કે જો કોઈ વિદેશી કંપની ઈરાની એરલાઈનને ઈંધણ અથવા અન્ય સુવિધાઓ આપે છે, તો તેને અમેરિકી નાણાકીય વ્યવસ્થા સુધીની પોતાની પહોંચ ગુમાવવાનો ખતરો રહેશે.

અમેરિકાની કાર્યવાહીની અસર ઈરાનની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પડી શકે છે. એવિએશન ડેટા કંપની સિરિયમના જણાવ્યા મુજબ, સપ્ટેમ્બરમાં ઈરાનથી દર અઠવાડિયે આશરે 70 હજાર ઈન્ટરનેશનલ સીટો ઉપલબ્ધ છે. ઓગસ્ટમાં આ સંખ્યા દર અઠવાડિયે આશરે



55,700 સીટો હતી.

ઓગસ્ટમાં મહાન એર અને સેફેહરાન એરલાઈન્સ ઈરાનથી ઈન્ટરનેશનલ સીટોની ક્ષમતાના મામલે સૌથી મોટા સ્થાનિક ઓપરેટરોમાં સામેલ હતી. મહાન એર પાસે દર અઠવાડિયે આશરે 15,600 અને સેફેહરાન એરલાઈન્સ પાસે આશરે 10,500 સીટો હતી.

અમેરિકા અગાઉ પણ ઈરાનની એરલાઈન્સ વિરુદ્ધ કાર્યવાહી કરી ચૂક્યું છે. અમેરિકી ટ્રેઝરીએ 8 સપ્ટેમ્બરે 27 ઈરાની એરલાઈન્સ સહિત કુલ 36 કંપનીઓ અને સંસ્થાઓ પર પ્રતિબંધ મૂક્યો હતો.

અમેરિકાનો આરોપ છે કે ઈરાન પોતાની એરલાઈન્સ અને તેમની સાથે જોડાયેલા નેટવર્કનો ઉપયોગ હથિયારો, લોકોને અને અન્ય પ્રતિબંધિત સામાનને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવા માટે કરે છે.

અમેરિકાની આ નવી ચેતવણી એવા સમયે આવી છે, જ્યારે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં ભાગ લેવા ન્યૂયોર્ક પહોંચ્યા છે.

ઈરાનના વિદેશ મંત્રાલય અનુસાર, અરાઘચી યુએનની બેઠકોમાં ઈરાનનો પક્ષ રજૂ કરશે અને અન્ય દેશોના અધિકારીઓ તેમજ વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરશે. તેમણે યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે પણ વાત કરી છે.

અમેરિકાના દબાણ વચ્ચે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના પ્રવક્તા હોસૈન મોહેબ્બીએ કહ્યું છે કે જો સંઘર્ષ વધુ વધ્યો તો ઈરાન પોતાના પગલાંને વધુ આગળ લઈ જઈ શકે છે.

તેમણે કહ્યું કે જરૂર પડ્યે ઈરાન એવા હથિયારોનો પણ ઉપયોગ કરી શકે છે, જેનો અત્યાર સુધી આ યુદ્ધમાં ઉપયોગ કરવામાં આવ્યા નથી.


ઈમરાન ખાનની પાર્ટીમાં ખળભળાટ: PTIના મંત્રીના અપહરણનો દાવો, બીજા મંત્રી પર ફાયરિંગ

ઈસ્લામાબાદ, તા.22

પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ એટલે કે PTI દ્વારા 27 સપ્ટેમ્બરે ઈસ્લામાબાદમાં પ્રસ્તાવિત માર્ચ પહેલાં રાજકીય તણાવ વધતો જોવા મળી રહ્યો છે. ખૈબર-પખ્તૂનખ્વામાં PTIના પ્રાંતીય મંત્રી ફઝલ શકૂર ખાનને હથિયારધારી લોકોએ કથિત રીતે અપહરણ કરી લીધાનો પાર્ટી તરફથી દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મલકંદમાં PTIના પ્રાંતીય મંત્રી શકીલ અહમદને નિશાન બનાવીને ફાયરિંગ થયાની પણ માહિતી સામે આવી છે. જોકે, બંને ઘટનાઓ અંગે જુદા જુદા પક્ષોના દાવા અને વર્ણનમાં તફાવત જોવા મળી રહ્યો છે.

PTIના જણાવ્યા અનુસાર, ફઝલ શકૂર ખાનને સાદા કપડામાં આવેલા અને નકાબ પહેરેલા હથિયારધારી લોકોએ નિશાન બનાવ્યા હતા. પાર્ટીનો દાવો છે કે પેશાવર વિસ્તારમાં તેમને રોકવામાં આવ્યા અને હથિયારના જોરે પોતાની સાથે લઈ જવામાં આવ્યા. PTI તરફથી સામે આવેલા કથિત વીડિયોમાં હાઈવે પર કેટલાક લોકો વાહનો રોકતા અને એક વાહનને ઘેરી લેતા જોવા મળતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પાર્ટીનો વધુમાં દાવો છે કે હુમલાખોરો પાસે AK-47 જેવી રાઈફલો હતી અને મંત્રીની ગાડીના એક ટાયર પર પણ ગોળી ચલાવવામાં આવી હતી. ત્યારબાદ તેમને ગાડીમાંથી બહાર કાઢીને લઈ જવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ ઘટનાને લઈને ખૈબર-પખ્તૂનખ્વા સરકાર અને PTI નેતાઓએ ગંભીર આક્ષેપો કર્યા છે. બીજી તરફ પાકિસ્તાન સરકાર તરફથી આ પ્રકારના આરોપોને નકારી કાઢવામાં આવ્યા છે. ડૉનના અહેવાલ મુજબ, પાકિસ્તાનના પાર્લામેન્ટરી અફેર્સ મંત્રી તારિક ફઝલ ચૌધરીએ ફઝલ શકૂરના અપહરણના દાવાને ખોટો ગણાવ્યો હતો અને સવાલ કર્યો હતો કે જે પ્રાંતમાં PTIની સરકાર છે ત્યાં પ્રાંતીય મંત્રીનું અપહરણ કેવી રીતે થઈ શકે. આથી ઘટનાની વાસ્તવિક સ્થિતિ અંગે સત્તાવાર તપાસ અને વધુ માહિતી મહત્વપૂર્ણ બની રહી છે. બીજી તરફ મલકંદના બટખેલા બાયપાસ વિસ્તારમાં PTIના પ્રાંતીય મંત્રી શકીલ અહમદને લઈને પણ વિવાદાસ્પદ ઘટના બની છે. એક FIR અંગેના અહેવાલ મુજબ, કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ એટલે કે CTDના એક અધિકારીએ આરોપ મૂક્યો હતો કે એક વાહન તેમની ગાડીની સામે રોકાયું અને ત્યારબાદ શકીલ અહમદ સહિત કેટલાક લોકો વાહનમાંથી ઉતરીને ફાયરિંગ કર્યું. આ ઘટનામાં એક CTD અધિકારીને ગોળી વાગ્યાનો ઉલ્લેખ FIRમાં કરવામાં આવ્યો છે. બીજી તરફ શકીલ અહમદે પોતે અલગ ફરિયાદ દાખલ કરવાની માંગ કરી છે અને અજાણ્યા હથિયારધારીઓ સામે કાર્યવાહી કરવાની માગ કરી



છે. એટલે આ મામલે પણ બંને પક્ષોના દાવા અલગ છે.

આ બંને ઘટનાઓ એવા સમયે સામે આવી છે જ્યારે PTIએ ઈમરાન ખાનની જેલમાંથી મુક્તિની માંગ સાથે 27 સપ્ટેમ્બરે ઈસ્લામાબાદમાં મોટું વિરોધ પ્રદર્શન અને માર્ચ યોજવાની જાહેરાત કરી છે. PTIના નેતાઓએ જાહેરમાં કહ્યું છે કે તાજેતરની ધરપકડો અને કાર્યવાહી છતાં પાર્ટી પોતાનો કાર્યક્રમ ચાલુ રાખશે. ખૈબર-પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ અફ્રિદી દ્વારા પણ 21 સપ્ટેમ્બરે જણાવાયું હતું કે PTI 27 સપ્ટેમ્બરનો વિરોધ કાર્યક્રમ આગળ વધારશે અને પાર્ટી 25 સપ્ટેમ્બરે તેની વિગતવાર યોજના જાહેર કરશે. માર્ચ પહેલાં ઈમરાન ખાનના પરિવાર સામે પણ કાર્યવાહી થઈ છે. ઈમરાન ખાનની બહેન અલીમા ખાનને 20 સપ્ટેમ્બરે લાહોર સ્થિત તેમના ઘરેથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. લાહોરના ડેપ્યુટી કમિશનરે પંજાબ મેન્ટેનન્સ ઓફ પબ્લિક ઓર્ડર એટલે કે MPO કાયદા હેઠળ તેમને 30 દિવસ માટે અટકાયતમાં લેવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ PTIએ દાવો કર્યો હતો કે ઈમરાનની અન્ય બે બહેનો ઉઝમા ખાન અને નોરિન નિયાઝીને પણ કસ્ટડીમાં લેવામાં આવી છે. આ ધરપકડો 27 સપ્ટેમ્બરના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનના થોડા દિવસો પહેલાં થઈ છે. PTIનો આરોપ છે કે સરકાર પાર્ટીના નેતાઓ, પરિવારજનો અને કાર્યકરો સામે કાર્યવાહી કરીને 27 સપ્ટેમ્બરના માર્ચને રોકવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીના નેતાઓએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે ઈમરાન ખાનની મુક્તિની માંગને લઈને તેમનો વિરોધ કાર્યક્રમ ચાલુ રહેશે. બીજી તરફ પાકિસ્તાન સરકારનું કહેવું છે કે જાહેર વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. ગૃહમંત્રી મોહસિન નકવીએ પણ PTIને પ્રસ્તાવિત માર્ચ અંગે ચેતવણી આપી હતી અને સરકાર જાહેર રસ્તાઓ પર મોટા પાયે વિરોધને લઈને કડક વલણ ધરાવે છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે ઈમરાન ખાનની જેલમાં તબીબી તપાસને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. તાજેતરમાં અડિયાલા જેલમાં તેમની તબીબી તપાસ કરવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા હતા. આ તપાસમાં બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને આંખોની તપાસ કરવામાં આવી હોવાની માહિતી આપવામાં આવી હતી. ઈમરાન ખાનના સ્વાસ્થ્યને લઈને તેમના પરિવાર અને PTI અગાઉ પણ ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. ઈમરાન ખાન છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી જેલમાં છે. તેમને ઓગસ્ટ 2023માં તોશાખાના કેસમાં ત્રણ વર્ષની સજા થયા બાદ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના વિરુદ્ધ સાયફર, અલ-કાદિર ટ્રસ્ટ અને ઈદ્દત-નિકાહ સહિતના અનેક કેસ સામે આવ્યા. તેમના પક્ષના જણાવ્યા અનુસાર કેટલાક કેસોમાં તેમને રાહત મળી છે અથવા સજા પર રોક લગાવવામાં આવી છે, પરંતુ અન્ય કાનૂની કેસોના કારણે તેઓ હજુ જેલમાં છે. PTI અને ઈમરાન ખાનનો દાવો રહ્યો છે કે 2022માં સત્તા ગુમાવ્યા બાદ તેમના વિરુદ્ધના કેસો રાજકીય કારણોસર દાખલ કરવામાં આવ્યા હતા. બીજી તરફ પાકિસ્તાન સરકાર અને તપાસ એજન્સીઓ આવા આરોપોને નકારી કાઢે છે અને કહે છે કે તેમની સામેની કાર્યવાહી કાયદાકીય પ્રક્રિયા હેઠળ થઈ રહી છે. હવે 27 સપ્ટેમ્બરના PTI માર્ચ પહેલાં ખૈબર-પખ્તૂનખ્વાના મંત્રીના કથિત અપહરણ અને મલકંદમાં ફાયરિંગની ઘટના બાદ પાકિસ્તાનના રાજકીય માહોલમાં વધુ તણાવ જોવા મળી રહ્યો છે. એક તરફ PTIએ માર્ચ પાછો નહીં ખેંચવાનો સંકેત આપ્યો છે, તો બીજી તરફ સરકાર તરફથી કાયદો-વ્યવસ્થા અંગે કડક વલણના સંકેતો મળી રહ્યા છે. આ દરમિયાન મંત્રીઓ સાથે બનેલી બંને ઘટનાઓની તપાસમાં શું સામે આવે છે અને 27 સપ્ટેમ્બરના પ્રસ્તાવિત માર્ચને લઈને સરકાર અને PTI વચ્ચે આગળ શું સ્થિતિ સર્જાય છે તેના પર હવે સમગ્ર દેશની નજર રહેશે.

અમેરિકામાં શ્વેત જૂથો ભારતીયોની જાસૂસી કરી રહ્યા છે: મિડટર્મ ચૂંટણી દરમિયાન હેટ ક્રાઈમમાં 30% વધારો થવાનું જોખમ......

વૉશિંગ્ટન, તા.22

અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી મધ્યાવધિ ચૂંટણીમાં ઈમિગ્રેશન વિરોધ એક મોટો મુદ્દો બની રહ્યો છે. ભારતીયો વિરુદ્ધ હેટ ક્રાઈમના કેસોમાં 30% સુધીનો વધારો થવાની આશંકા છે.

ન્યૂયોર્કના ક્વીન્સ વિસ્તારમાં 20 વર્ષથી રેસ્ટોરાં ચલાવતા ભારતીય મૂળના મોમીન અલી (બદલેલું નામ) કહે છે કે ટ્રમ્પના સમર્થક શ્વેત જૂથો ભારતીયોના રેસ્ટોરાંમાં જાસૂસી કરે છે.

પ્રવાસીઓના મુદ્દા સાથે જોડાયેલા સંગઠન APIએ એક મોડ્યુલનો અભ્યાસ કરીને ચેતવણી આપી છે કે નવેમ્બર સુધીમાં ભારતીયો વિરુદ્ધ હેટ ક્રાઈમના કેસોની સંખ્યા 58 હજાર સુધી પહોંચવાનો ખતરો છે. જ્યારે આ વર્ષે જુલાઈ સુધીમાં ભારતીયો વિરુદ્ધ હેટ ક્રાઈમના 44,535 કેસ સામે આવ્યા હતા. અમેરિકામાં ચૂંટણી અથવા ભારતીયો સાથે જોડાયેલો કોઈપણ મુદ્દો સામે આવે ત્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી ઈમિગ્રેશન વિરોધી મુદ્દો ઉઠાવે છે. ભારતીયો પર નોકરીઓ છીનવી લેવાનો આરોપ પણ લગાવવામાં આવે છે. મોમિન અલી કહે છે કે આઈસ એજન્ટોના અવારનવાર થતા દરોડા મોટી મુશ્કેલી બની ગયા છે. આ લોકો આઈસ એજન્ટોને ગેરકાયદેસર પ્રવાસીઓના કામ કરતા હોવાની જાણ કરવા માટે ફોન કરે છે. આઈસ એજન્ટો દરોડા પાડીને કાયદેસર રીતે રહેતા ભારતીયોને પણ પકડી લે છે.

નાના એવા ફ્રેન્ડશિપ શહેરમાં કરિયાણાની દુકાન ચલાવતા ધવલ કુમાર (બદલાયેલું નામ)ને આઈસ એજન્ટો કોઈ કારણ જણાવ્યા વિના ઉઠાવીને લઈ ગયા. અહીંના



લગભગ 200 લોકોએ તેમના સમર્થનમાં અરજી પર હસ્તાક્ષર કર્યા, ત્યાર બાદ 5 દિવસ પછી ધવલને મુક્ત કરવામાં આવ્યા.

અમેરિકામાં મિડટર્મ ચૂંટણી પહેલાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધતી દેખાઈ રહી છે. ઈપ્સોસ-એએપીઆઈ સર્વે મુજબ, ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની હારની સંભાવના 65% સુધી છે. મિડટર્મ માટે મતદાન નવેમ્બરમાં થવાનું છે.

મિડટર્મ ચૂંટણી ટ્રમ્પના ચાર વર્ષના કાર્યકાળની વચ્ચે યોજાનારી મોટી રાજકીય કસોટી છે. તેમાં અમેરિકી સંસદ એટલે કે કોંગ્રેસ ઉપરાંત રાજ્યો અને સ્થાનિક સરકારોના અનેક મહત્વપૂર્ણ પદો માટે મતદાન થશે. રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીના આશરે 80% ઉમેદવારો પહેલેથી જ નક્કી થઈ ચૂક્યા છે.

મિડટર્મમાં રિપબ્લિકન પાર્ટી હારી જાય તો ટ્રમ્પ રાષ્ટ્રપતિ તરીકે યથાવત્ રહેશે. પરંતુ કોંગ્રેસમાં બહુમતી ગુમાવવાથી તેમના નિર્ણયો પર રોકટોક વધી શકે છે.

ટેરિફ, વિઝા અને અન્ય મોટા નીતિગત નિર્ણયો લાગુ કરવામાં ટ્રમ્પને ડેમોક્રેટ્સના વિરોધનો સામનો કરવો પડી શકે છે. કાર્યકાળના બાકીના બે વર્ષમાં તેમને કોંગ્રેસ સાથે વધુ તાલમેલ સાધીને આગળ વધવું પડશે.

અમેરિકન મતદારોની સૌથી મોટી ચિંતા મોંઘવારી છે. ઈપ્સોસ સર્વેમાં 54% લોકોએ મોંઘવારી અને અર્થતંત્રને મતદાનનો મોટો મુદ્દો ગણાવ્યો. બીજી તરફ, એપી-એનઓઆરસી સર્વેમાં માત્ર 32% લોકોએ માન્યું કે ટ્રમ્પ અર્થતંત્રને સારી રીતે સંભાળી રહ્યા છે. 69% અમેરિકનોને હાલની આર્થિક સ્થિતિ ખરાબ લાગી રહી છે.

ઈપ્સોસ સર્વેમાં 65% લોકોએ કહ્યું કે રોજિંદા કરિયાણાનો ખર્ચ મોંઘો થઈ રહ્યો છે, જ્યારે 48% લોકોને ભય છે કે આવતા વર્ષે આર્થિક સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ઈરાન યુદ્ધ હવે માત્ર વિદેશ નીતિનો મુદ્દો રહ્યો નથી. તેની સીધી અસર અમેરિકન લોકોના ખિસ્સા પર પડી રહી છે. ઈપ્સોસ સર્વેમાં 20% મતદારોએ ઈરાન યુદ્ધને મતદાનનો મહત્વનો મુદ્દો ગણાવ્યો. જો યુદ્ધ લાંબું ચાલ્યું અને તેલ મોંઘું થયું, તો પેટ્રોલ, પરિવહન અને રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થઈ શકે છે.

વ્હાઈટ હાઉસે ટ્રમ્પ ટીવી લોન્ચ કર્યું: 3 મીડિયા હાઉસ પર પ્રતિબંધ બાદ ટીવી નેટવર્ક્સે રાષ્ટ્રપતિના લાઈવ કવરેજ પર રોક લગાવી

વૉશિંગ્ટન, તા.22

અમેરિકન વ્હાઈટ હાઉસે સોમવારે 'ટ્રમ્પ ટીવી' લોન્ચ કરવાની જાહેરાત કરી. આ ડિજિટલ નેટવર્ક 24 કલાક ટ્રમ્પ પ્રશાસન સાથે જોડાયેલું કન્ટેન્ટ પ્રસારિત કરશે. તેનું લોન્ચ એવા સમયે થયું છે, જ્યારે ટ્રમ્પ અને અમેરિકન મીડિયા વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. 18 સપ્ટેમ્બરે ટ્રમ્પે CNN, MS NOW અને પોલિટિકોને વ્હાઈટ હાઉસમાંથી પ્રતિબંધિત કરી દીધા હતા. તેમણે આ મીડિયા સંસ્થાઓ પર 'ફેક ન્યૂઝ' ફેલાવવાનો આરોપ મૂક્યો હતો અને અન્ય મીડિયા સંસ્થાઓ સામે પણ કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. પ્રતિબંધના વિરોધમાં અમેરિકન ટીવી નેટવર્ક્સે ટ્રમ્પનું લાઈવ કવરેજ બંધ કરી દીધું. તેમના વ્હાઈટ હાઉસ હેલિપેડના ઉદ્ઘાટનનું લાઈવ કવરેજ કરવામાં આવ્યું નહોતું. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ભાષણનું પણ



લાઈવ કવરેજ કરવામાં આવશે નહીં. જાન્યુઆરી 2021માં ટ્રમ્પને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ત્યારે ટ્વિટર) પરથી બેન કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમણે 21 ફેબ્રુઆરી 2022ના રોજ પોતાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' લોન્ચ કર્યું. હાલમાં તેના લગભગ 60 લાખ સક્રિય યુઝર્સ છે. માત્ર ટ્રમ્પના જ આ પ્લેટફોર્મ પર લગભગ 1.29 કરોડ ફોલોઅર્સ છે. વર્ષ 2016થી જ ટ્રમ્પ CNNના સમાચારોને સતત 'ફેક ન્યૂઝ' કહેતા રહ્યા છે અને તેમના કાર્યકાળ દરમિયાન અગાઉ પણ આ ચેનલના પત્રકારોના વ્હાઈટ હાઉસ પાસ રોકવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમણે 'ન્યૂયોર્ક ટાઈમ્સ' અને 'વોલ સ્ટ્રીટ જર્નલ' જેવા મોટા અને પ્રતિષ્ઠિત અખબારો પર પણ પોતાની વિરુદ્ધ પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો અને તેમની સામે માનહાનિના કેસ પણ દાખલ કરાવ્યા.

તંત્રી લેખ

યુપીમાં વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપનો મોટો સંગઠનાત્મક ફેરફાર

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ સંગઠનાત્મક સ્તરે તૈયારીઓ તેજ કરી દીધી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ પંકજ ચૌધરીએ 19 સપ્ટેમ્બરે રાજ્યના વિવિધ સંગઠનાત્મક ક્ષેત્રોમાં નવા જિલ્લા પ્રભારીઓની જાહેરાત કરી છે. આ ફેરફાર હેઠળ પશ્ચિમ, બ્રજ, કાનપુર, અવધ, કાશી અને ગોરખપુર ક્ષેત્રના ૭૮ સંગઠનાત્મક જિલ્લા અને મહાનગરોની જવાબદારી નવા પ્રભારીઓને સોંપવામાં આવી છે. પક્ષ દ્વારા કરવામાં આવેલા આ સંગઠનાત્મક ફેરફારને આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં જિલ્લા સ્તરે સંગઠનને વધુ સક્રિય બનાવવા અને પ્રદેશ નેતૃત્વ તથા સ્થાનિક સંગઠન વચ્ચે વધુ સારી રીતે સંકલન સ્થાપિત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. નવી યાદીમાં સૌથી વધુ ચર્ચામાં આવેલું નામ ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. નીરજ સિંહનું છે. તેમને રાયબરેલી જિલ્લાના પ્રભારી તરીકે જવાબદારી આપવામાં આવી છે. નીરજ સિંહ રક્ષા મંત્રી રાજનાથ સિંહના પુત્ર છે. રાયબરેલી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું લોકસભા મતવિસ્તાર હોવાથી આ જિલ્લાની રાજકીય રીતે ખાસ ચર્ચા થઈ રહી છે. ભાજપે અહીં જિલ્લા સ્તરની સંગઠનાત્મક જવાબદારી નીરજ સિંહને સોંપી છે. નવી જવાબદારી હેઠળ તેઓ સ્થાનિક સંગઠન સાથે સંકલન કરીને પક્ષની પ્રવૃત્તિઓને આગળ વધારશે અને આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનાત્મક કામગીરીની દેખરેખ રાખશે.

ભાજપે માત્ર રાયબરેલી જ નહીં પરંતુ રાજ્યના અનેક મહત્વપૂર્ણ જિલ્લાઓ અને મહાનગરોમાં પણ નવા પ્રભારીઓની નિમણૂક કરી છે. લખનૌ મહાનગરની જવાબદારી ત્ર્યંબક ત્રિપાઠીને સોંપવામાં આવી છે, જ્યારે લખનૌ જિલ્લાની જવાબદારી સૌરભ મિશ્રાને આપવામાં આવી છે. વારાણસી મહાનગર અને વારાણસી જિલ્લા બંનેની જવાબદારી અરુણ પાઠકને સોંપવામાં આવી છે. ગાઝિયાબાદ મહાનગર માટે અશોક કટારિયાની અને નોઈડા મહાનગર માટે ડી.કે. શર્માની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત અયોધ્યા જિલ્લા માટે અનૂપ ગુપ્તા અને અયોધ્યા મહાનગર માટે શિવભૂષણ સિંહને જવાબદારી આપવામાં આવી છે.

અવધ ક્ષેત્રની વાત કરવામાં આવે તો રાયબરેલીમાં ડૉ. નીરજ સિંહને જવાબદારી આપવામાં આવી છે, જ્યારે સીતાપુરમાં નજ સિંહને ફરીથી જવાબદારી સોંપવામાં આવી છે. લખીમપુરમાં વિજય બહાદુર પાઠક, હરદોઈમાં કમલેશ મિશ્રા, અંબેડકરનગરમાં અવધેશ શ્રીવાસ્તવ, બારાબંકીમાં નીરજ વર્મા, બલરામપુરમાં રામકિશોર મૌર્ય અને બહરાઈચમાં અર્ચના મિશ્રાને જિલ્લા પ્રભારી બનાવવામાં આવ્યા છે. ગોંડામાં રાહુલ રાજ રસ્તોગી, શ્રાવસ્તીમાં ત્ર્યંબક તિવારી અને ઉન્નાવમાં સંતોષ સિંહને જવાબદારી આપવામાં આવી છે.

પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પણ મોટા પાયે સંગઠનાત્મક ફેરફાર કરવામાં આવ્યો છે. રામપુરમાં મોહિત બેનીવાલને જવાબદારી આપવામાં આવી છે. મુરાદાબાદ મહાનગર માટે પ્રેમેન્દ્ર જાંગડા અને મુરાદાબાદ જિલ્લા માટે વિકાસ અગ્રવાલને પ્રભારી બનાવવામાં આવ્યા છે. શામલીમાં ચૌધરી રાજા વર્મા, અમરોહામાં સત્યેન્દ્ર સિસોદિયા, બિજનૌરમાં સત્યપાલ સૈની અને સહારનપુર મહાનગરમાં અજય શર્માને જવાબદારી સોંપવામાં આવી છે. મુઝફ્ફરનગર, મેરઠ, ગાઝિયાબાદ અને નોઈડા સહિતના વિસ્તારોમાં પણ નવા પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે.

બ્રજ ક્ષેત્રમાં આગ્રા, મથુરા, ફિરોઝાબાદ, અલીગઢ, હાથરસ, મૈનપુરી, કાસગંજ, બરેલી, શાહજહાંપુર, પીલીભીત અને બદાયૂં સહિતના સંગઠનાત્મક જિલ્લાઓ માટે પણ નવી જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. કાનપુર ક્ષેત્રમાં કાનપુર મહાનગર ઉત્તર અને દક્ષિણ ઉપરાંત કાનપુર ગ્રામ્ય, કાનપુર દેહાત, ઇટાવા, કન્નૌજ, ફર્રુખાબાદ, ફતેહપુર, ઔરૈયા, ઝાંસી, બાંદા, મહોબા, ચિત્રકૂટ, હમીરપુર, જાલૌન અને લલિતપુર માટે નવા પ્રભારીઓની જાહેરાત કરવામાં આવી છે.

શિયાળો ટૂંકો અને હુંફાળો બની રહ્યો છે, ઉનાળો ફેબ્રુઆરીથી જ અંગારા વરસાવવા લાગે છે અને ચોમાસું ક્યારેક મહિનાઓ સુધી ખેડૂતને તરસાવ્યા પછી ચોવીસ કલાકમાં આખું વર્ષનું પાણી રેડીને ખેતરો ધોઈ નાખે છે. હવામાનની આ બેફામ અનિશ્ચિતતાએ અનાજની ગુણવત્તા, પાકનું ઉત્પાદન, ખેડૂતોની આર્થિક કમર તોડી કાઢી છે : અંદાજ મુજબ વર્ષ ૨૦૫૦ સુધીમાં દુનિયાભરમાં આઠ કરોડથી વધુ લોકો માત્ર જળવાયુ પરિવર્તનના કારણે ઊભા થયેલા કૃષિ સંકટને લીધે ભૂખમરા અને ગંભીર કુપોષણની ગર્તામાં ધકેલાઈ જશે

ધરતી તપી રહી છે, આકાશ કોરું છે અને ખેડૂત કંગાળ થઈ રહ્યો છે

ઓદ્યોગિકરણની આંધળી દોટ, જંગલોનું નિકંદન અને અશ્મિગત ઈંધણોના બેફામ ઉપયોગથી ભારતીય કૃષિ પર જળવાયુ સંકટ વધ્યું

શિયાળો ટૂંકો અને હુંફાળો બની રહ્યો છે, ઉનાળો ફેબ્રુઆરીથી જ અંગારા વરસાવવા લાગે છે અને ચોમાસું ક્યારેક મહિનાઓ સુધી ખેડૂતને તરસાવ્યા પછી ચોવીસ કલાકમાં આખું વર્ષનું પાણી રેડીને ખેતરો ધોઈ નાખે છે. હવામાનની આ બેફામ અનિશ્ચિતતાએ અનાજની ગુણવત્તા, પાકનું ઉત્પાદન, ખેડૂતોની આર્થિક કમર તોડી કાઢી છે : અંદાજ મુજબ વર્ષ ૨૦૫૦ સુધીમાં દુનિયાભરમાં આઠ કરોડથી વધુ લોકો માત્ર જળવાયુ પરિવર્તનના કારણે ઊભા થયેલા કૃષિ સંકટને લીધે ભૂખમરા અને ગંભીર કુપોષણની ગર્તામાં ધકેલાઈ જશે. ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સમાં ભારત દુનિયાના ટોચના સૌથી વધુ સંવેદનશીલ દેશોમાં સ્થાન ધરાવે છે : દેશના ૮૫ ટકાથી વધુ ખેડૂતો નાના અને સીમાંત છે. હવામાનના પ્રકોપથી સતત બે કે ત્રણ મોસમ નિષ્ફળ જાય છે, ત્યારે ખેડૂત સ્થાનિક શાહુકારો કે બેંકોના દેવાના એવા વિષચક્રમાં ફસાય છે જેમાંથી બહાર નીકળવું તેના માટે અસંભવ બની જાય છે. તેના કારણે યુવા પેઢી ખેતી છોડીને શહેરોમાં મજૂરી કે નોકરી કામ કરવા માટે મોટા પાયે હિજરત કરી રહી છે. ઔદ્યોગિકીકરણની આંધળી દોડ, જંગલોનો બેફામ નિકંદન અને અશ્મિભૂત ઈંધણના અમર્યાદિત વપરાશના પરિણામે પૃથ્વીનું વાતાવરણ આજે એક અણધારી અને અસહ્ય ગરમીની ઝપટમાં આવી ગયું છે. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ હવે માત્ર પર્યાવરણીય પરિસંવાદો કે વૈશ્વિક સમિટના એરકન્ડિશન્ડ હોલમાં ચર્ચાવા પૂરતા સીમિત મુદ્દા રહ્યા નથી, પરંતુ તેણે ખેતરોના છેવાડે ઊભેલા ખેડૂતના જીવનમાં સીધો અસર કરતો મુદ્દો છે. એશિયા અને ખાસ કરીને ભારતમાં તાપમાનનો પારો જે રીતે વિક્રમો તોડી રહ્યો છે, તેની સૌથી કારમી અને ઘાતક અસર દેશના કૃષિ અર્થતંત્ર પર પડી રહી છે. જે ઋતુચક્રના ભરોસે સદીઓથી ભારતનો ખેડૂત વાવણી અને લણણીનું ગણિત માંડતો હતો, તે કુદરતી ચક્ર હવે સંપૂર્ણપણે વેરવિખેર થઈ ચૂક્યું છે.

શિયાળો ટૂંકો અને હુંફાળો બની રહ્યો છે, ઉનાળો ફેબ્રુઆરીથી જ અંગારા વરસાવવા લાગે છે અને ચોમાસું ક્યારેક મહિનાઓ સુધી ખેડૂતને તરસાવ્યા પછી ચોવીસ કલાકમાં આખા વર્ષનું પાણી રેડીને ખેતરો ધોઈ નાખે છે. હવામાનની આ બેફામ અનિશ્ચિતતાએ અનાજની ગુણવત્તા, પાકનું ઉત્પાદન, ખેડૂતોની આર્થિક કમર અને સમગ્ર દેશની ખાદ્ય સુરક્ષા સામે અસ્તિત્વનો ગંભીર સવાલ ઊભો કરી દીધો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રગટ થતા સંશોધન અહેવાલો પણ આ ખતરાની ભયાનકતા તરફ સતત લાલબત્તી ધરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની ખાદ્ય અને કૃષિ સંસ્થા તેમજ આબોહવા પરિવર્તન પરની આંતરરાષ્ટ્રીય સમિતિના મૂલ્યાંકન સ્પષ્ટપણે દર્શાવે છે કે જો સરેરાશ વૈશ્વિક તાપમાનમાં દોઢથી બે ડિગ્રી સેલ્સિયસનો પણ વધારો થશે, તો એશિયા અને આફ્રિકાના કૃષિપ્રધાન દેશોમાં અનાજ ઉત્પાદનમાં ૧૫થી ૩૦ ટકા સુધીનો જંગી ઘટાડો આવી શકે છે.

અંદાજ મુજબ વર્ષ ૨૦૫૦ સુધીમાં દુનિયાભરમાં આઠ કરોડથી વધુ લોકો માત્ર જળવાયુ પરિવર્તનના કારણે ઊભા થયેલા કૃષિ સંકટને લીધે ભૂખમરા અને ગંભીર કુપોષણની ગર્તામાં ધકેલાઈ જશે. ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સમાં ભારત દુનિયાના ટોચના સૌથી વધુ સંવેદનશીલ દેશોમાં સ્થાન ધરાવે છે. ભારત જેવા ૧૪૦ કરોડથી વધુ વસ્તી ધરાવતા રાષ્ટ્રમાં જ્યાં ૬૦ ટકાથી વધુ આજીવિકા કૃષિ પર ટકેલી હોય, ત્યાં તાપમાનનો અડધો ડિગ્રીનો ઉછાળો પણ લાખો પરિવારોની થાળીમાંથી રોટલો છીનવી લેવા સક્ષમ છે.

કૃષિ વિજ્ઞાનનો પાયાનો સિદ્ધાંત કહે છે કે કોઈપણ વનસ્પતિના બીજ અંકુરણથી માંડીને તેના ફૂલ આવવા, પરાગનયન થવું અને દાણો ભરાવો-આ તમામ શારીરિક પ્રક્રિયાઓ ચોક્કસ તાપમાન અને




ભેજના સંતુલન પર નિર્ભર હોય છે. ખાસ કરીને શિયાળુ એટલે કે રવિ પાકો માટે ઠંડક એ અમૃત સમાન હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં ફેબ્રુઆરી મહિનાના ઉત્તરાર્ધમાં જ અચાનક ગરમીનું મોજું (ટર્મિનલ હીટ સ્ટ્રેસ) ફરી વળે છે. ઉત્તર ભારત અને મધ્ય ભારતના ઘઉંના પાક માટે આ સ્થિતિ જીવલેણ નીવડે છે. જ્યારે ઘઉંના દાણામાં દૂધ ભરાઈ રહ્યું હોય અને દાણો પરિપક્વ થઈ રહ્યો હોય, ત્યારે જો તાપમાન સામાન્ય કરતાં ત્રણથી પાંચ ડિગ્રી વધી જાય તો છોડ અકાળે સૂકાવા લાગે છે. પરિણામે દાણા સંકોચાઈ જાય છે, વજન ઘટી જાય છે અને પાકની આવકમાં સીધો ૨૦ ટકા સુધીનો ઘટાડો આવી જાય છે. આ જ પરિસ્થિતિ સરસવ, ચણા, જીરું અને વરિયાળી જેવા તેલીબિયાં અને મસાલા પાકોમાં જોવા મળે છે, જ્યાં ઊંચા તાપમાનને લીધે ફૂલો ખરી પડે છે અને દાણા બેસવાનું પ્રમાણ નહિવત થઈ જાય છે. બીજી તરફ ચોમાસુ પાકો પર પણ અસહ્ય ઉકળાટ અને અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિના ડબલ માર પડી રહ્યા છે. ડાંગર, મકાઈ અને બાજરી જેવા પાકોમાં પરાગનયનના નાજુક સમયે જો દિવસનું તાપમાન ૩૫ ડિગ્રીથી ઉપર વટી જાય, તો પરાગરજ બળી જાય છે અને કણસલાં અંદરથી સાવ ખાલી કે ફોતરાં જેવાં રહી જાય છે. ખેડૂતને ખેતરમાં પાક લહેરાતો લીલોછમ દેખાય, પરંતુ જ્યારે થ્રેશરમાં લણણી થાય ત્યારે હાથમાં ધૂળ સિવાય કશું આવતું નથી. આ માત્ર ઉપજનો પ્રશ્ન નથી, પરંતુ અનાજના પોષક મૂલ્યનો પણ મોટો વિનાશ છે. સંશોધનો સાબિત કરી ચૂક્યા છે કે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ અને ગરમી વધવાથી વનસ્પતિ ઝડપથી કદ વધારી લે છે ખરી, પરંતુ તે જમીનમાંથી પ્રોટીન, આયર્ન અને ઝિંક જેવા અનિવાર્ય ખનિજો શોષી શકતી નથી. પરિણામે જે ઘઉં કે ચોખા પાકે છે તે પોષણની દ્રષ્ટિએ પોકળ હોય છે.

ઉલ્લેખનીય છે કે, પાણીની કટોકટી આ જળવાયુ સંકટનું સૌથી ભયાનક પાસું છે. ભારતમાં વીસમી સદીની શરૂઆતમાં સરેરાશ વાર્ષિક વરસાદ આશરે ૧૪૧ સેન્ટિમીટર નોંધાતો હતો, જે વીસમી સદીના અંત સુધીમાં ઘટીને ૧૧૯ સેન્ટિમીટરની આસપાસ આવી ગયો છે. વરસાદના દિવસો ઘટી ગયા છે પરંતુ વરસાદની તીવ્રતા અત્યંત વિનાશક બની છે. એક સમયે જે વરસાદ ધીમી ધારે આખા અઠવાડિયામાં બે-ત્રણ ઈંચ પડતો અને જમીનમાં ઊંડે ઉતરતો, તે હવે માત્ર બે કલાકમાં વાદળ ફાટવાની જેમ ખાબકે છે અને ચારેતરફ તારાજી સર્જે છે. આવું પાણી જમીનમાં ઉતરવાને બદલે ઉપલા ફળદ્રુપ પડને તાણીને નદીઓમાં વહાવી જાય છે. બીજી તરફ હિમાલયની ગંગોત્રી અને યમુનોત્રી જેવી હિમનદીઓ અભૂતપૂર્વ ગતિએ પીગળીને સંકોચાઈ રહી છે. નદીઓમાં ઉનાળા દરમિયાન પાણીનો પ્રવાહ ઘટવાથી નહેરો ખાલી પડી રહે છે અને ખેડૂતો ભૂગર્ભ જળ પર નિર્ભર બનવા મજબૂર થાય છે. લાખો ટ્યુબવેલ દ્વારા અવિરત પાણી ખેંચાવાના કારણે દેશના મોટા ભાગોમાં ભૂગર્ભ જળના તળ ૫૦૦થી ૧૦૦૦ ફૂટ નીચે ઉતરી ગયા છે, જેમાંથી હવે ક્ષારયુક્ત અને રસાયણોવાળું પાણી નીકળે છે જે પાકને બાળી નાખે છે.

આ વૈશ્વિક અને રાષ્ટ્રીય સંકટની સૌથી જીવંત અને કરુણ વાસ્તવિકતા ગુજરાતના અલગ-અલગ કૃષિ વિસ્તારોમાં પ્રત્યક્ષ અનુભવાઈ રહી છે. ગુજરાત ભૌગોલિક રીતે લાંબો દરિયાકિનારો અને રણ પ્રદેશની નિકટતા ધરાવતું રાજ્ય હોવાથી અહીં આબોહવા પરિવર્તનની અસર બેવડી તીવ્રતાથી વર્તાય છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ખેડૂતો છેલ્લા એક દાયકાથી હવામાનની જે અણધારી થપાટો સહન કરી રહ્યા છે, તેના ત્રણ ચોક્કસ કેસ સ્ટડી આ સંકટની ગંભીરતાને ખુલ્લી પાડે છે.

જાણકારોના મતે આ સમસ્યાના ઉકેલ માટે પહેલું પગલું એ છે કે દેશમાં ક્લાઈમેટ-રેઝિલિયન્ટ એગ્રીકલ્ચરનું વિસ્તરણ કરવું પડશે. ભારતીય કૃષિ સંશોધન પરિષદ અને ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓએ પ્રયોગશાળાઓમાંથી બહાર આવીને ખેતરો સુધી પહોંચવું પડશે. એવી નવી પાક જાતોનું સંવર્ધન કરવું જરૂરી થઈ ગયું છે જે વધુ ગરમી, ઓછા પાણી અને ક્ષારવાળી જમીનમાં પણ ટકી શકે. ઉદાહરણ તરીકે, ઘઉંની એવી જાતો વિકસાવવી જે માર્ચની ગરમી પહેલા ઝડપથી પાકી જાય. આ ઉપરાંત બીજું અને સૌથી મહત્ત્વનું પગલું પાક વૈવિધ્યીકરણ અને પરંપરાગત જાડા ધાન્ય એટલે કે 'મિલેટ્સ' તરફ પાછા વળવાનું છે. બાજરી, જુવાર, રાગી, કોદરી અને સામો જેવા ધાન્યો મૂળભૂત રીતે જળવાયુ પરિવર્તન સામે લડવાની અદભુત ક્ષમતા ધરાવે છે. ખેતી માત્ર એક આર્થિક પ્રવૃત્તિ નથી, એ આ દેશની સંસ્કૃતિ અને જીવનશૈલી છે. જો ખેડૂત કુદરતના આ આકરા પ્રકોપ સામે એકલો હારી જશે, તો તેની કિંમત સમગ્ર સમાજે ભૂખમરા અને મોંઘવારીના રૂપમાં ચૂકવવી પડશે. જાણકારોના મતે ગુજરાતમાં ગીરની પ્રખ્યાત કેસર કેરીની વાત કરીએ તો છેલ્લા પાંચ-છ વર્ષથી આંબાના બગીચાઓ જળવાયુ પરિવર્તનની લપેટમાં આવી ગયા છે. આંબા પર મોર આવવા માટે ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં સતત ઠંડીની જરૂર હોય છે. તાલાલા ગીરના આંબાગીરી કરતા ખેડૂતો જણાવે છે કે હવે શિયાળામાં જરૂરી ઠંડી પડતી જ નથી; રાત્રે ઠંડક હોય તો દિવસે અચાનક તાપમાન ૩૨ ડિગ્રી વટાવી જાય છે. આ અસંતુલનને લીધે આંબા પર નિયમિત મોર આવવાને બદલે અકાળે નવી કૂંપળો ફૂટી નીકળે છે. ફેબ્રુઆરીમાં જ્યારે મોર બેસે ત્યારે અચાનક વાદળછાયું વાતાવરણ અને માવઠું ત્રાટકે છે, જેના કારણે મધીયો અને ભૂકી છારો નામની ફૂગ આખા મોરને કાળો પાડીને બાળી નાખે છે. વળી માર્ચ મહિનામાં જ્યારે નાની ખાખડી (કાચી કેરી) બેસે ત્યારે અસહ્ય લૂ અને હીટવેવના કારણે ફળ મોટા થયા વિના જ ખરી પડે છે. વર્ષ ૨૦૨૧માં ત્રાટકેલા 'તૌકતે' વાવાઝોડાએ સૌરાષ્ટ્રના બાગાયતી વૃક્ષોનો સોથ વાળી દીધા પછી સતત વધી રહેલી ગરમીએ કેસર કેરીનું ઉત્પાદન ૪૦થી ૬૦ ટકા સુધી ઘટાડી દીધું છે. ગુજરાતની આ સ્થિતિ ભારતીય ખેડૂતની દારૂણ વાસ્તવિકતાનું પ્રતિબિંબ છે. દેશના ૮૫ ટકાથી વધુ ખેડૂતો નાના અને સીમાંત છે, જેમની પાસે બે હેક્ટર કરતાં ઓછી જમીન છે. આ નાના ખેડૂતો પાસે કોઈ આર્થિક બફર હોતું નથી. જ્યારે હવામાનના પ્રકોપથી સતત બે કે ત્રણ મોસમ નિષ્ફળ જાય છે, ત્યારે ખેડૂત સ્થાનિક શાહુકારો કે બેંકોના દેવાના એવા વિષચક્રમાં ફસાય છે જેમાંથી બહાર નીકળવું તેના માટે અસંભવ બની જાય છે. ખેતી હવે નફાનો ધંધો મટીને માત્ર જોખમનો જુગાર બની ગઈ છે. આ જ કારણ છે કે ગ્રામીણ વિસ્તારોમાંથી યુવા પેઢી ખેતી છોડીને શહેરોમાં સુરક્ષા ગાર્ડ, મજૂર કે ડિલિવરી બોય તરીકે કામ કરવા માટે મોટા પાયે હિજરત કરી રહી છે. જો અન્નદાતા જ ખેતી છોડી દેશે, તો દેશની ૧૪૦ કરોડ જનતાના પેટનો ખાડો પૂરશે કોણ. આ પ્રશ્ન આજે રાષ્ટ્રીય સુરક્ષા કરતાં પણ વધુ આકરો બની ચૂક્યો છે.

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ત્રિવેણી સંગમ-દેહપૂજા ગઈ તો દેવપૂજા ગઈ-કળિયુગમાં ભક્તિ કેમ લુપ્ત થઈ?



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ભાદરવા સુદ બારસે માઁ અંબા જગત જનની આરાસુરીને ધામ પદયાત્રીઓનો મેળો શ્રદ્ધા આસ્થાની દિવ્ય જ્યોત સમાન જળહલી ઉઠ્યો છે. ત્યારે આપણે આજે જોઈએ તો માનથી મુક્તિ તરફની યાત્રા માનવ જીવનની સૌથી મોટી વિડંબનાએ છે કે મનુષ્યધનનો ત્યાગ કરી શકે છે, પદનો ત્યાગ કરી શકે છે,પરંતુ પોતાની કીર્તિનો, પોતાના નામનો મોહ છોડવો તેના માટે સૌથી કઠિન છે. ધનનો લોભ છૂટે પણ કીર્તિનો મોહ છૂટવો અતિ કઠિન છે. આ કીર્તિનો મોહ તો મોટા મોટા જ્ઞાની ઓને પણ પજવે છે.

પરંતુ સાચા જ્ઞાનીની ઓળખ શું? સાચા જ્ઞાનીને અપમાન વહાલું લાગે છે અને માન ખરાબ લાગે છે. કારણ કે તે જાણે છે કે માન એ બંધન છે અને અપમાનએ અહંકારને ઓગાળનારી અગ્નિ છે. જ્યાં સુધી 'હું' છે ત્યાં સુધી 'હરિ' નથી. આ 'હુંપણું' એટલે જ અભિમાન, અને અભિમાન હોય ત્યાં સુધી ભક્તિ વધતી નથી.

આ કળિયુગમાં જીવ ભગવાનથી વિમુખ કેમ થયો છે? જ્ઞાન અને વૈરાગ્ય મૂર્છિત કેમ થયા છે? અને તેને જાગૃત કરવાનો ઉપાય શું છે? આ બધા પ્રશ્નોના ઉત્તરરૂપે નારદજી અને સનકાદિ મુનિઓનાસંવાદમાંથી પ્રગટેલી આ કથા આપણને ભક્તિ ના સાચા મર્મ સુધી લઈ જાય છે.

આપણે જોયું છે કે મનુષ્ય જ્યારે માળા લઈને એકાંતમાં બેસે છે, ત્યારે તેને સંસાર વધુ યાદ આવે છે. મન ભટકે છે.ઘર, પરિવાર, વ્યવહાર, વેપાર બધું યાદ આવવા લાગે છે. પરંતુ જ્યારે તે કથા-કીર્તન માં બેસે છે, ત્યારે અનાયાસે જગત ભૂલાઈ જાય છે.આ જ કથાની મહિમા છે. એકાગ્રતા માટે પ્રયત્ન કરવો પડે છે, પણ કથામાં એકાગ્રતા સહજ બની જાય છે.તેથી શાસ્ત્રો કહે છેકે કથા માં બેસો ત્યારે સંસાર-વ્યવહારના તમામ વિચારોને બહાર મૂકી દો. એવી દૃઢ ભાવના કરો કે 'હું મારા શ્રીકૃષ્ણના ચરણમાં બેઠો છું'. જ્યારે ભાવના બદલાશે ત્યારે જ ભક્તિ પ્રગટશે.

તુલસીદાસજી કહે છે કે કીર્તન ભક્તિ નિષ્કામ હોવી જોઈએ. હું કથા એટલા માટે કરું છું કે મારા મનને આનંદ મળે છે. બીજાને સુખ મળે છે કે નહીં તેની મને ખબર નથી પણ મારા મનને પરમ શાંતિ મળે છે તેથી હું કથા કરું છું.આ નિષ્કામ ભાવ જ સાચી ભક્તિ છે. કોઈને બતાવવા માટે, કીર્તિ મેળવવા માટે કરેલી ભક્તિ એ ભક્તિ નથી, તે તો વ્યાપાર છે.

ભક્તિના નવ પ્રકારોમાં વંદન ભક્તિ નું અનેરું મહત્વ છે.સર્વમાં શ્રીકૃષ્ણ ની ભાવના રાખીને સર્વને વંદન કરો. વંદન કરવાથી વિરોધનો નાશ થાય છે.

નરસિંહ મહેતાએ વૈષ્ણવનું લક્ષણ કેટલું સુંદર બતાવ્યું છે 'વૈષ્ણવજન તો સકલ લોકમાં સહુને વંદે'. જે વંદે છે તે વૈષ્ણવ છે.જે વંદન કરાવવા માંગે છે,માન માંગે છે તે વૈષ્ણવ નથી. અભિમાનથી વંદનભક્તિનો નાશ થાય છે. જ્યાં સુધી અંદર 'હું કંઈક છું' એવો ભાવ છે ત્યાં સુધી ભગવાન હૃદયમાં પધારતા નથી.

આજે આપણી દશા શું છે? આપણે દેહની પૂજા બહુ કરીએ છીએ. શરીરને શણગારવા માટે, તેને સુંદર દેખાડવા માટે આપણે અનેક પ્રકારના સાબુ, ક્રીમ, અત્તર શોધી કાઢ્યા છે. પણ એ બહારના સાબુથી શરીરનો રંગ સુધરવાનો નથી. અંદરનો મેલ તો ભક્તિના સાબુથી જ ધોવાશે. જ્યારે ભક્તિનો સાબુ લગાડશો ત્યારે અંદરનો રંગ સુધરશે, અને એ જ સાચો રંગ છે.

શરીરને લોકો શણગારતા થયા ત્યારથી અર્ચન-ભક્તિ ચાલી ગઈ. દેહપૂજા વધી એટલે દેવસેવા ગઈ. માટે જીવન સાદું રાખો. સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ જ ભક્તિનો પાયો છે. બુદ્ધિનો અતિરેક થાય એટલે ભક્તિ છિન્નભિન્ન થઈ જાય છે. તર્કથી ભક્તિ સિદ્ધ થતી નથી, તે તો પ્રેમથી જ સિદ્ધ થાય છે.

ભક્તિ માતા છે અને તેના બે પુત્રો છે - એક જ્ઞાન અને બીજો વૈરાગ્ય. જ્યાં ભક્તિ હોય ત્યાં જ્ઞાન અને વૈરાગ્ય આપોઆપ આવે છે. જ્ઞાન અને વૈરાગ્ય સાથે જ ભક્તિનો સાચો આદર થાય છે.

પરંતુ કળિયુગમાં શું થયું?જ્ઞાન પુસ્તકોમાં પુરાઈ ગયું. લોકો પુસ્તકો વાંચે છે, શાસ્ત્રાર્થ કરે છે, પણ તેને જીવનમાં ઉતારતા નથી. તેથી જ્ઞાન વૃદ્ધ થઈ ગયું. એટલે કે તે વધતું નથી, ઘરડું થઈ ગયું છે. અને વૈરાગ્ય?કળિયુગમાં જગતમાં અધર્મ વધ્યો છે તેથી જ્ઞાન-વૈરાગ્યને મૂર્છા આવી છે. તેથી ભક્તિ રડે છે. ભક્તિ માતા પોતાના બે બાળકો જ્ઞાન-વૈરાગ્યને મૂર્છિત અવસ્થામાં જોઈને વિલાપ કરે છે.

ક્યારેક ઉપનિષદ અને વેદના પાઠથી ક્યારેક સ્મશાનમાં ચિતા બળતી જોઈને,કે સંસારના વિષયો ભોગવી ને કંટાળો આવતા વૈરાગ્ય આવે છે. પરંતુ તે ટકતું નથી.તે સ્મશાનવૈરાગ્ય છે.વિષયો ભોગવ્યા પછી જે અરુચિ આવે છે તે વૈરાગ્ય નથી, તે તો થાક છે.વિવેક વગરનો વૈરાગ્ય કાયમ ટકતો નથી.

કળિયુગમાં તો એક જ ઉપાય છે - શ્રીકૃષ્ણની કથા અને શ્રીકૃષ્ણનું કીર્તન.આ બે જ જ્ઞાન અને વૈરાગ્ય ને જાગૃત કરી શકે છે.

ભક્તિને રડતી જોઈને નારદજી ચિંતામાં પડ્યા. તેમણે વેદ-વેદાંગના પારાયણ કર્યા, અનેક ઉપાયો કર્યા પણ જ્ઞાન-વૈરાગ્યની મૂર્છા ઉતરી નહીં. કારણ કે વેદની ભાષા ગૂઢ છે, તેનો અર્થ જલદી સમજાતો નથી.

ત્યારે આકાશવાણી થઈ 'જ્ઞાન-વૈરાગ્ય સાથે ભક્તિને પુષ્ટ કરે તેવું સત્કર્મ કરો!'નારદજી અનેક સાધુ-સંતો પાસે ગયા, પણ કોઈ નિશ્ચિત ઉપાય બતાવી શક્યું નહીં.

ફરતા ફરતા નારદજી બદરિકાશ્રમ માં આવ્યા, જ્યાં તેમને સનકાદિ મુનિઓના દર્શન થયા. નારદજીએ પોતાની વ્યથા કહી - 'જે દેશમાં હું જન્મ્યો તે દેશને જો હું ઉપયોગી ન થાઉં તો મારું જીવન વૃથા છે. આપ બતાવો, હું શું સત્કર્મ કરું?'ત્યારે સનકાદિ મુનિઓએ કહ્યું તમારી ભાવના દિવ્ય છે. દેશના દુઃખે તમે દુઃખી છો.હવે તમે ભાગવતજ્ઞાન -યજ્ઞનું પારાયણ કરો. તેનો પ્રચાર કરો. આ સર્વ વેદોના સાર સમાન શ્રીમદ્ ભાગવત જ છે. આ કથાના શ્રવણથી જ જ્ઞાન અને વૈરાગ્ય જાગૃત થશે. તે જ લોકોનું કલ્યાણ કરશે. સનકાદિના આદેશથી બધા ગંગા કિનારે આવ્યા. કારણ કે ગંગા એ જ્ઞાનભૂમિ છે. ભૂમિની અસર સૂક્ષ્મ રીતે મન ઉપર થાય છે.ભોગભૂમિમાં ભક્તિ થતી નથી,જ્ઞાનભૂમિમાં ભક્તિ સહજ બને છે. વ્યાસાશ્રમમાં નારદજી આજે વક્તા નહીં પણ શ્રોતા બનીને હાથ જોડી ને બેઠા છે. ઋષિ-મુનિઓ કથાનું પાન કરવા આવ્યા છે.જે નથી આવ્યા તેમને ભૃગુઋષિ પોતે તેમના ઘરે જઈને વિનયથી વંદન કરીને કથામાં લઈ આવે છે. આમાં એક મોટો સંદેશ છે - સત્કર્મમાં બીજાને પ્રેરણા આપીને પ્રવૃત્ત કરે તેને પણ પુણ્ય મળે છે. કથાના આરંભમાં જયજયકાર થાય છે અને મહામંત્ર 'હરિયે નમઃ' નો ઉચ્ચાર થાય છે. આ જયજયકાર માત્ર શબ્દ નથી. જ્યારે મનુષ્ય બધી પ્રવૃત્તિ છોડીને ધ્યાનમાં બેસે છે, ત્યારે માયા વિઘ્ન નાખે છે.

બિહારમાં NDAનું સત્તા સમીકરણ બદલાશે, JDUને મળશે વિધાન પરિષદ અધ્યક્ષની ખુરશી



બિહારમાં સત્તારૂઢ NDAના રાજકીય સમીકરણમાં ફરી એક મહત્વપૂર્ણ ફેરફાર થવાની સંભાવના ઊભી થઈ છે. કેન્દ્રમાં મોદી કેબિનેટમાં સંભવિત ફેરફારની ચર્ચા વચ્ચે હવે બિહારમાં ભાજપ અને જનતા દળ યુનાઈટેડ વચ્ચે મહત્વના હોદ્દાઓની વહેંચણીને લઈને નવી ગોઠવણ કરવામાં આવી રહી હોવાના અહેવાલ છે. બિહારમાં સત્તાનું સંતુલન જાળવવા માટે ભાજપ હવે વિધાન પરિષદના અધ્યક્ષનું મહત્વપૂર્ણ પદ JDUને આપવાની દિશામાં આગળ વધી રહ્યું હોવાનું જાણવા મળે છે. આ નિર્ણયથી બિહાર NDAની અંદર ભાજપ અને JDU વચ્ચે સત્તાના હોદ્દાઓનું સમીકરણ બદલાઈ શકે છે.

નીતીશકુમારે મુખ્યમંત્રી પદ છોડ્યા બાદ બિહારમાં સત્તાની રચનામાં મોટો ફેરફાર થયો હતો. ત્યારબાદ ભાજપના નેતા સમ્રાટ ચૌધરીએ મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. નવી વ્યવસ્થામાં મુખ્યમંત્રીનું પદ ભાજપ પાસે આવ્યું હતું, જ્યારે વિધાનસભાના અધ્યક્ષનું પદ પણ ભાજપ પાસે જ રહ્યું હતું. આ ઉપરાંત વિધાન પરિષદના અધ્યક્ષનું પદ પણ ભાજપ પાસે હતું. જેના કારણે NDAમાં JDU અને ભાજપ વચ્ચે મહત્વના બંધારણીય હોદ્દાઓનું સંતુલન જાળવવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. JDU તરફથી લાંબા સમયથી એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે સરકાર અને બંને ગૃહોમાં મહત્વના હોદ્દાઓનું વિતરણ ગઠબંધનના બંને મુખ્ય સહયોગી પક્ષો વચ્ચે સંતુલિત રીતે કરવામાં આવે. હવે ભાજપ વિધાન પરિષદના અધ્યક્ષનું પદ JDUને આપવાની તૈયારીમાં હોવાનું અહેવાલોમાં સામે આવ્યું છે. આ પગલાને NDAમાં સત્તાની ભાગીદારીનું સંતુલન જાળવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. જો આ ગોઠવણ અંતિમ સ્વરૂપ ધારણ કરે છે તો JDUને બિહારના સત્તા માળખામાં વધુ એક મહત્વપૂર્ણ બંધારણીય પદ મળશે.

આ ઘટનાક્રમ વચ્ચે ભાજપના વરિષ્ઠ નેતા અને બિહાર વિધાન પરિષદના વર્તમાન અધ્યક્ષ અવધેશ નારાયણ સિંહના પદને લઈને પણ મોટો ફેરફાર થયો છે. અહેવાલો અનુસાર તેમણે વિધાન પરિષદના અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું છે. તેમના રાજીનામા બાદ હવે આ પદ ખાલી થયું છે અને તેના કારણે JDU માટે નવા અધ્યક્ષની પસંદગીનો માર્ગ ખુલ્યો છે. આ રાજકીય ગોઠવણને બિહાર NDAની અંદરની સત્તા વહેંચણી સાથે જોડીને જોવામાં આવી રહી છે.

વિધાન પરિષદના અધ્યક્ષનું પદ માત્ર ઔપચારિક નથી પરંતુ રાજ્યના વિધાનમંડળમાં તેનું મહત્વનું બંધારણીય સ્થાન છે. વિધાન પરિષદની કાર્યવાહીનું સંચાલન, ચર્ચાઓનું નિયમન અને ગૃહની પ્રક્રિયાઓમાં અધ્યક્ષની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. આવી સ્થિતિમાં આ પદ JDUને મળવાથી બિહારમાં પક્ષની સંસ્થાકીય અને રાજકીય ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની શકે છે.

JDU તરફથી વિધાન પરિષદના નવા અધ્યક્ષ તરીકે કેટલાક નામોની ચર્ચા ચાલી રહી છે. તેમાં વર્તમાન ઉપાધ્યક્ષ રામવચન રાયનું નામ પણ ચર્ચામાં હોવાનું અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે. જોકે અંતિમ નિર્ણય JDUના નેતૃત્વ અને NDAની અંદરની ચર્ચા બાદ જ સ્પષ્ટ થશે. નવા અધ્યક્ષની પસંદગી માટેની ઔપચારિક પ્રક્રિયા પણ આગળ વધવાની છે.

બિહારની રાજનીતિમાં ભાજપ અને JDU લાંબા સમયથી મહત્વના સાથી પક્ષો રહ્યા છે અને બંને વચ્ચે સત્તા તથા સંગઠનાત્મક જવાબદારીઓનું સંતુલન NDAની સરકાર માટે મહત્વનું રહ્યું છે. મુખ્યમંત્રી પદ ભાજપ પાસે આવ્યા બાદ હવે વિધાન પરિષદનું અધ્યક્ષ પદ JDUને આપવામાં આવે તો બંને પક્ષો વચ્ચે મહત્વના હોદ્દાઓની નવી વહેંચણી જોવા મળશે. આથી સરકારની અંદર બંને પક્ષોની ભૂમિકા અને સત્તાના કેન્દ્રોનું સમીકરણ પણ બદલાઈ શકે છે.

હવે સમગ્ર નજર વિધાન પરિષદના નવા અધ્યક્ષની પસંદગી પર રહેશે. અવધેશ નારાયણ સિંહના રાજીનામા બાદ ખાલી થયેલી ખુરશી પર JDUના નેતાને બેસાડવામાં આવે છે કે નહીં અને જો બેસાડવામાં આવે તો કોને જવાબદારી સોંપવામાં આવે છે તેના પર રાજકીય વર્તુળોની નજર છે. આ નિર્ણય બાદ બિહારમાં ભાજપ અને JDU વચ્ચેના સત્તા સંતુલનની નવી તસવીર વધુ સ્પષ્ટ થશે. નવી વ્યવસ્થામાં મુખ્યમંત્રીનું પદ ભાજપ પાસે આવ્યું હતું, જ્યારે વિધાનસભાના અધ્યક્ષનું પદ પણ ભાજપ પાસે જ રહ્યું હતું. આ ઉપરાંત વિધાન પરિષદના અધ્યક્ષનું પદ પણ ભાજપ પાસે હતું. જેના કારણે NDAમાં JDU અને ભાજપ વચ્ચે મહત્વના બંધારણીય હોદ્દાઓનું સંતુલન જાળવવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. JDU તરફથી લાંબા સમયથી એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે સરકાર અને બંને ગૃહોમાં મહત્વના હોદ્દાઓનું વિતરણ ગઠબંધનના બંને મુખ્ય સહયોગી પક્ષો વચ્ચે સંતુલિત રીતે કરવામાં આવે. હવે ભાજપ વિધાન પરિષદના અધ્યક્ષનું પદ JDUને આપવાની તૈયારીમાં હોવાનું અહેવાલોમાં સામે આવ્યું છે. આ પગલાને NDAમાં સત્તાની ભાગીદારીનું સંતુલન જાળવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. જો આ ગોઠવણ અંતિમ સ્વરૂપ ધારણ કરે છે તો JDUને બિહારના સત્તા માળખામાં વધુ એક મહત્વપૂર્ણ બંધારણીય પદ મળશે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને દેશના વિવિધ રાજ્યોના પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદની મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો તેમજ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિ અંગે આપી માહિતી

અમદાવાદ, તા.22

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના અગ્રણી પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ તેમજ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ, અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની પ્રેરણાથી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના અગ્રણી પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો ભારતીય સિનેમા સાથે જોડાયેલા કલાકારો, ટેકનિશિયનો, સિનેમેટોગ્રાફરો તેમજ ફિલ્મ જગતના વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા પ્રતિભાશાળી લોકોને સન્માનિત કરતો એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સમારોહ છે. આવા સમારોહનું આયોજન દેશના અગ્રણી પ્રવાસન સ્થળો પર કરવામાં આવે તો તેનાથી પ્રવાસન સ્થળોને પણ પ્રોત્સાહન મળશે અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને એક નવું સ્વરૂપ મળશે.

આ જ વિચારને ધ્યાનમાં રાખીને 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન ગુજરાતના એકતા નગર ખાતે કરવામાં આવી રહ્યું છે, જ્યાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' આવેલી છે. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા 22 સપ્ટેમ્બર 2026ના રોજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

રેલવે મંત્રીએ દેશના તમામ રાજ્યોને આગામી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ માટે પોતાના-પોતાના રાજ્યોના મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળોને નામાંકિત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે રાજ્યોને સંબંધિત પ્રવાસન સ્થળો પર જરૂરી વિકાસ તથા સુધારણા કાર્યો અંગેની માહિતી પણ રજૂ કરવા અપીલ કરી હતી, જેથી ભવિષ્યમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન વિવિધ રાજ્યોના અગ્રણી પ્રવાસન સ્થળો પર કરી શકાય.

ભારતમાં નિર્મિત બુલેટ ટ્રેન ટૂંક સમયમાં ટ્રેક પર

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિ અંગે રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે.



તેમણે જણાવ્યું કે સુરતથી વાપી વચ્ચેના પ્રથમ સેકશનનું નિર્માણ કાર્ય ડિસેમ્બર 2026 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. ત્યારબાદ ભારતમાં નિર્મિત અને વિકસિત બુલેટ ટ્રેનને ટ્રેક પર લાવીને વ્યાપક સ્તરે પરીક્ષણ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે ભારતમાં નિર્મિત બુલેટ ટ્રેનના વિવિધ મહત્વપૂર્ણ ભાગોના નિર્માણ કાર્યમાં ઝડપી પ્રગતિ થઈ રહી છે. ટ્રેનની કાર બોડી, બોગી, પ્રોપલ્શન સિસ્ટમ, વ્હીકલ ઈલેક્ટ્રોનિક્સ, પૈડાં તથા પેન્ટોગ્રાફ અને ઓવરહેડ ઈલેક્ટ્રિકલ સિસ્ટમ સાથેના એકીકરણ સંબંધિત કાર્યોમાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે.

રેલવે મંત્રીએ જણાવ્યું કે બુલેટ ટ્રેનને ટ્રેક પર લાવ્યા બાદ તેનું વ્યાપક અને વિસ્તૃત પરીક્ષણ કરવામાં આવશે. પરીક્ષણ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રથમ સેકશનને શરૂ કરવાની દિશામાં આગળ વધવામાં આવશે.

સમુદ્રની નીચેની સુરંગ તથા અન્ય નિર્માણ કાર્યોમાં ગતિ

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર હેઠળ BKC થી થાણે વચ્ચે સમુદ્રની નીચે બનાવવામાં આવનારી સુરંગના કાર્ય અંગે પણ રેલવે મંત્રીએ માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું કે સુરંગના નિર્માણ માટે જરૂરી શાફ્ટનું નિર્માણ તથા ટનલ બોરિંગ મશીનોને નિર્ધારિત દિશામાં સ્થાપિત કરવાનું મહત્વપૂર્ણ પ્રારંભિક કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. હવે બંને ટનલ બોરિંગ મશીનો દ્વારા સુરંગના નિર્માણ કાર્યને ઝડપી ગતિએ આગળ વધારવામાં આવશે.આ ઉપરાંત હાઈ સ્પીડ રેલ કોરિડોરના સ્ટેશનો અને પુલોના નિર્માણ કાર્યમાં પણ ઝડપી પ્રગતિ થઈ રહી છે.

રેલવે મંત્રીએ જણાવ્યું કે વર્ષ 2021માં નિર્માણ કાર્ય શરૂ થયા બાદ કોવિડ-19 મહામારીને કારણે પડકારો ઊભા થયા હતા, તેમજ પ્રોજેક્ટની તકનીકી જટિલતાઓ હોવા છતાં નિર્માણ કાર્યને ઝડપી ગતિએ આગળ વધારવામાં આવ્યું છે. ભારતીય ટેકનોલોજી અને આત્મનિર્ભરતાની દિશામાં મહત્વપૂર્ણ પગલું, ભારતમાં નિર્મિત બુલેટ ટ્રેનનો વિકાસ દેશની હાઈ સ્પીડ રેલ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. દેશમાં જ તેના ડિઝાઈન અને નિર્માણની દિશામાં આગળ વધીને ભારત હાઈ સ્પીડ રેલ ટેકનોલોજી સાથે જોડાયેલી પોતાની ક્ષમતાઓ વિકસાવી રહ્યું છે. રેલવે મંત્રીએ જણાવ્યું કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં નિર્માણ, ટેકનોલોજી, પરીક્ષણ તથા વિવિધ સિસ્ટમોના એકીકરણ સાથે જોડાયેલા કાર્યો નિર્ધારિત લક્ષ્યાંકો અનુસાર આગળ વધારવામાં આવી રહ્યા છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં 255મું સફળ અંગદાન, સાત દર્દીઓને મળશે નવજીવન

બ્રેઇનડેડ શીતલબેન રાઠોડના પરિવારનો માનવતાભર્યો નિર્ણય: ચાર અંગો સહીત બે આંખો અને ચામડીનું દાન

- ત્વચા દાન પ્રત્યે વધી સામાજિક જાગૃતિ - સિવિલ હોસ્પિટલની રોટરી સિવિલ સ્કીન બેંકને મળ્યું 50મું ત્વચા દાન
- રાજ્ય સરકાર અને સિવિલ હોસ્પિટલના ભગીરથ પ્રયાસોથી અત્યાર સુધીમાં 1098 અંગો-પેશીઓનું દાન પ્રાપ્ત

અમદાવાદ, તા.22

રાજ્ય સરકાર અને સિવિલ હોસ્પિટલ અમદાવાદના સંયુક્ત અને અવિરત પ્રયાસોથી અંગદાન ક્ષેત્રે વધુ એક પ્રેરણાદાયી સિદ્ધિ નોંધાઈ છે. સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તાજેતરમાં 255મું સફળ અંગદાન સંપન્ન થયું છે, જે સરકાર અને હોસ્પિટલ તંત્રની ઉત્કૃષ્ટ સેવા ભાવના તથા પ્રોત્સાહક કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

વિરમગામ નજીક આવેલા વાણી ગામના રહેવાસી 44 વર્ષીય શીતલબેન રાઠોડને તારીખ 15 સપ્ટેમ્બરના રોજ બ્રેન હેમરેજ થતાં પ્રથમ વિરમગામ ખાતે, ત્યારબાદ સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે અને વધુ સારવાર માટે તારીખ 16 સપ્ટેમ્બરના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલની તબીબી ટીમ દ્વારા સઘન સારવાર આપવા છતાં,



તારીખ 20 સપ્ટેમ્બરના રોજ તબીબો દ્વારા તેણીને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

ઘટનાની ગંભીરતા વચ્ચે સિવિલ હોસ્પિટલના ડોક્ટર અભિષેક બારોટ અને ડોક્ટર પિયુષ સુમેરાએ બ્રેઇનડેડ દર્દીના પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. તબીબોના આ સંવેદનશીલ માર્ગદર્શન અને સમજાવટ બાદ શીતલબેનના પતિ કનુભાઈ રાઠોડે અત્યંત ઉમદા અને માનવતાભર્યો નિર્ણય લીધો હતો. તેમણે પોતાના અર્ધાંગિની શીતલબેનના એક લીવર, બે કિડની અને એક પેનક્રિયાઝ સહિત કુલ ચાર અંગો તેમજ બે આંખો અને ચામડી સહિત ત્રણ પેશીઓનું દાન કરવાનો નિર્ણય કર્યો હતો.

આ અંગદાન થકી મળેલા અંગો અને પેશીઓનો ઉપયોગ જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર અને પુનર્વસન માટે કરવામાં આવશે. દાનમાં પ્રાપ્ત થયેલા એક લીવર, બે કિડની અને એક પેનક્રિયાઝનું સફળ પ્રત્યારોપણ સિવિલ મેડિસિટી કેમ્પસ સ્થિત કિડની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓમાં કરવામાં આવશે. આ ઉપરાંત, દાનમાં મળેલી બે આંખોનો સ્વીકાર સિવિલ મેડીસીટી સ્થિત એમ. એન. જે. આંખની હોસ્પિટલ દ્વારા અને ચામડીનું દાન સિવિલ હોસ્પિટલની રોટરી સિવિલ સ્કીન બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. રોટરી સિવિલ સ્કીન બેંકનું આ 50મું સ્કીન દાન હતું. આમ આ અંગદાનથી કુલ 7 દર્દીઓને નવજીવન મળશે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ સિવિલ હોસ્પિટલની આ ભગીરથ અંગદાન યાત્રા અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, "અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં 255 અંગદાતાઓ પાસેથી કુલ 844 અંગોનું દાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત 204 ચક્ષુ અને 50 ચામડી સહિત કુલ 254 પેશીઓનું દાન મળ્યું છે. આમ, આજદિન સુધી સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કુલ 1098 અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે.અંગદાતા પરિવારોની સંવેદનશીલતા અને તબીબોની સમર્પણ ભાવનાથી જ સિવિલ હોસ્પિટલ આજે અંગદાન થકી અનેક જરૂરિયાતમંદો માટે નવજીવનનું સરનામું બની છે"

સિવિલ હોસ્પિટલમાં નોંધાયેલા કુલ અંગદાનની વાત કરીએ તો, અત્યાર સુધીમાં 229 લીવર, 470 કિડની, 23 સ્વાદુપિંડ (પેનક્રિયાઝ), 80 હૃદય, 34 ફેફસાં, 6 હાથ, 2 નાનાં આંતરડાં, 204 ચક્ષુ અને 50 ચામડીનું દાન પ્રાપ્ત કરી અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન પ્રદાન કરવામાં આવ્યું છે.

9મા રાષ્ટ્રીય પોષણ માહ 2026 નિમિત્તે અમદાવાદમાં વિવિધ સ્થળોએ 'શહેરી બાગાયત ખેતી' અંતર્ગત એક દિવસીય તાલીમ કાર્યક્રમો યોજાયા

અમદાવાદ, તા.22

નવમા રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે, નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા શહેરની ગુજરાત કોલેજ, સરકારી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ-બાવળા તેમજ સદવિચાર પરિવાર સંસ્થા- અમદાવાદ ખાતે શહેરીજનો માટે એક દિવસીય વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના બાગાયત ક્ષેત્રે ઉત્સાહી શહેરીજનોએ ભાગ લીધો હતો. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી વિસ્તારમાં રહેતા લોકોને ઘરઆંગણે બાગાયતી પ્રવૃત્તિઓ દ્વારા સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાનો હતો.

આ એક દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને માઈક્રોગ્રીન્સ બનાવવાની સરળ રીતો અને દૈનિક પોષણમાં તેના મહત્વ વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, સ્થાનિક અને મોસમી શાકભાજી તથા ફળોના ઉપયોગને પ્રોત્સાહન વિષય પર



માહિતી આપેલ આ સિવાય શહેરી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને બાલ્કની ગાર્ડન, ટેરેસ ગાર્ડનિંગ અને કિચન ગાર્ડન કેવી રીતે તૈયાર કરવું તે અંગે તકનીકી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તાલીમમાં કુંડા ભરવાની વૈજ્ઞાનિક રીતો, ઘરના સુશોભન માટે ઉપયોગી રોપાઓની જાળવણી તેમજ રસોડાના કચરામાંથી ઓર્ગેનિક ખાતર બનાવી તેનો બગીચામાં ઉપયોગ કરવાની પદ્ધતિઓ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે શાકભાજી બીજ તેમજ શાકભાજી ધરુનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે અમદાવાદના બાગાયત ખાતાના તાંત્રિક સ્ટાફે હાજર રહીને શહેરીજનોને શહેરી બાગાયત ખેતીના વિવિધ પાસાઓ અને સરકારની યોજનાઓ વિશે ઊંડાણપૂર્વક માહિતી પૂરી પાડી હતી. તેમજ ઘરની નાની જગ્યામાં પણ બાગાયત અપનાવીને શુદ્ધ અને પૌષ્ટિક આહાર મેળવી શકે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શહેરીજનોએ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો હતો અને આ તાલીમ દ્વારા તેઓને સ્વનિર્ભરતા તેમજ પર્યાવરણ પ્રેમી જીવનશૈલી તરફ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

બિહારમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે અમદાવાદ ડિવિઝનની બે ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે.....

અમદાવાદ, તા.22

પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર ડિવિઝન અને સોનપુર ડિવિઝન હેઠળ આવતા રાજેન્દ્ર પુલ, હાથીદહ જંક્શન અપર, ટાલ, રામપુર ડુમરા તેમજ દિનકર ગ્રામ સિમરિયા સ્ટેશનો પર પ્રી-નોન ઈન્ટરલોકિંગ અને નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના લીધે કેટલીક ટ્રેનોનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1) ટ્રેન નંબર 15667 - ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ

26 સપ્ટેમ્બર, 2026 ના રોજ ગાંધીધામથી ઉપડનારી ટ્રેન નંબર 15667 ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેન વારાણસી જંક્શન-છપરા-શાહપુર પટોરી-બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડવાના કારણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, પટના જંક્શન, બખ્તિયારપુર જંક્શન અને મોકામા જંક્શન પર આ ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહીં.

2) ટ્રેન નંબર 15635 - ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ

25 સપ્ટેમ્બર અને 2 ઓક્ટોબર, 2026 ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર 15635 ઓખા-ગુવાહાટી એક્સપ્રેસનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેન વારાણસી જંક્શન-છપરા-શાહપુર પટોરી-બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડવાના કારણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, પટના જંક્શન, બખ્તિયારપુર જંક્શન અને મોકામા જંક્શન પર આ ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહીં.

રેલ મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ મુસાફરી કરતાં પહેલાં પોતાની ટ્રેનના સંચાલન, રૂટ અને સ્ટોપેજ સંબંધિત અદ્યતન માહિતી નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ (NTES) પર અવશ્ય ચકાસી લે.

ફૂટપાથ પર રહેતા પરિવારના આંગણે ત્રીજા પ્રયાસે ખુશીનો સૂરજ ઊગ્યો, કટોકટી વચ્ચે 108 ટીમે રિક્ષામાં કરાવી સુરક્ષિત પ્રસુતિ

અમદાવાદ, તા.22

અમદાવાદના નાના ચિલોડા સ્થિત રણાસણ બ્રિજ ટોલ પ્લાઝા પાસે 108 ઈમરજન્સી સેવાના કર્મીઓએ સમયસૂચકતા અને કર્તવ્યનિષ્ઠાનું અનોખું ઉદાહરણ પૂરું પાડી એક અત્યંત નાજુક કટોકટીમાં માતા અને નવજાત શિશુનો જીવ બચાવ્યો છે.

વહેલી સવારે 108ને કટોકટીનો કોલ મળતાં જ મૂઠિયાં લોકેશન પર કાર્યરત 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક રવાના થઈ હતી. રસ્તામાં જ પરિસ્થિતિ વધુ ગંભીર હોવાનો સંદેશો મળતાં પાયલોટ વિકાસભાઈએ સાયરનની ગૂંજ સાથે પળવારનો પણ વિલંબ કર્યા વગર એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે પહોંચાડી દીધી હતી.

એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચતાં જ સ્થિતિ અત્યંત ગંભીર જણાઈ હતી. પ્રસુતા એક રિક્ષામાં પીડાથી કણસી રહ્યા હતા અને શિશુનું માથું બહાર આવી ગયું હતું. હોસ્પિટલ પહોંચવાનો સમય ન હોવાથી અને બાળકના જીવ પર જોખમ તોળાતું હોવાથી EMT સરિતાબહેને વિલંબ કર્યા વિના રિક્ષામાં જ કટોકટીની ડિલિવરી કરાવવાનો ત્વરિત નિર્ણય લીધો.



સરિતાબહેને પૂર્ણ કુશળતાપૂર્વક નવજાત બાળકની સુરક્ષિત પ્રસુતિ કરાવી અને ત્યારબાદ માતાની પ્લેસેન્ટા (ઓર) દૂર કરવાની જટિલ તબીબી પ્રક્રિયા પણ રિક્ષામાં જ સફળતાપૂર્વક પાર પાડી. પ્રાથમિક સારવાર બાદ બંનેને એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરી ERCP ડૉ. મહેતાના ઓન-લાઈન માર્ગદર્શન હેઠળ વધુ સારવાર આપી નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ સમગ્ર ઘટના માત્ર એક સફળ પ્રસુતિ નહોતી, પરંતુ એક અતિ ગરીબ પરિવાર માટે આશાનું નવું કિરણ સાબિત થઈ હતી. મૂઠિયાં ટોલ પ્લાઝા નીચે ફૂટપાથ પર જીવન વિતાવતા 22 વર્ષીય સુનિતાબહેન મનીષભાઈ ધિરાણીએ અગાઉ પોતાની બે પ્રસુતિઓમાં બંને બાળકો ગુમાવી દીધા હતા. ભૂતકાળના વસવસા અને દુઃખ વચ્ચે ત્રીજી પ્રસુતિમાં સ્વસ્થ પુત્રનો હેમખેમ જન્મ થતાં માતા અને પરિવારની આંખોમાંથી ખુશીના આંસુ છલકાઈ ગયા હતા. યોગ્ય સમયે પહોંચીને કુશળ સારવાર આપી સંતાનની ભેટ આપનાર EMT સરિતાબહેન અને પાયલોટ વિકાસભાઈ પ્રત્યે પરિવારે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદની મુલાકાત દરમિયાન સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટની પ્રગતિ અંગે માહિતી આપી

અમદાવાદ, તા.22

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ગુજરાતના અમદાવાદની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પત્રકારો અને અધિકારીઓ સાથે સંવાદ સાધીને રેલવે ક્ષેત્રે થઈ રહેલા પ્રગતિશીલ કાર્યો તેમજ દેશના સાંસ્કૃતિક અને પર્યટન ક્ષેત્રે લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે વિગતવાર માહિતી શેર કરી હતી. ખાસ કરીને તેમણે દેશના અગ્રણી પર્યટન સ્થળોને વૈશ્વિક ઓળખ અપાવવા માટે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને નવી દિલ્હીથી બહાર યોજવાની સરકારની પહેલ પર ભાર મૂક્યો હતો, સાથે જ અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ કાર્યની ઝડપી પ્રગતિ પર પણ વિગતવાર પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે ઉલ્લેખનીય છે કે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું ભવ્ય આયોજન આજે ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ એકતા નગર (કેવડિયા) ખાતે કરવામાં આવી રહ્યું છે, જ્યાં દેશના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના વરદ હસ્તે ભારતીય સિનેમાના શ્રેષ્ઠ કલાકારો અને તકનીકી નિષ્ણાતોને પુરસ્કારો એનાયત કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન દિલ્હીના પરંપરાગત વહીવટી વર્તુળમાંથી બહાર લાવીને દેશના વિવિધ



રાજ્યો અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ શહેરોમાં કરવાની એક ઐતિહાસિક પહેલ શરૂ કરવામાં આવી છે. આ વિઝન પાછળનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સિનેમાની વિવિધતાને પ્રોત્સાહન આપવાની સાથે દેશના અગ્રણી પર્યટન સ્થળોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક ઓળખ અપાવવાનો અને સ્થાનિક પ્રવાસન ઉદ્યોગને નવો વેગ આપવાનો છે.

અમદાવાદના ઐતિહાસિક અને વ્યસ્ત રેલવે સ્ટેશનના આધુનિકીકરણ અને પુનર્વિકાસ અંગે માહિતી આપતા રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે અમદાવાદ સ્ટેશન પુનર્વિકાસ પ્રોજેક્ટનું કામ આયોજનબદ્ધ રીતે અને અત્યંત ઝડપથી આગળ વધી રહ્યું છે. સ્ટેશનની નવી પ્રસ્તાવિત આધુનિક ઈમારતનું બાંધકામ હવે 13મા માળ સુધી સફળતાપૂર્વક પહોંચી ગયું છે. મંત્રીશ્રીએ ઉત્સાહપૂર્વક ઉમેર્યું હતું કે પ્રોજેક્ટમાં ખૂબ જ સારી પ્રગતિ જોવા મળી રહી છે અને તેમણે પોતે તમામ નિર્માણ કાર્યોની પાયાની સમીક્ષા કરી છે. અમદાવાદ રેલવે સ્ટેશન નવી ઈમારત સાથે 13મા માળ સુધી આકાર લઈ રહ્યું છે અને આગામી સમયમાં તે શહેરનું એક નવું આર્કિટેક્ચરલ લેન્ડમાર્ક બની રહેશે.

અમદાવાદ રેલવે સ્ટેશનના આ સમગ્ર પુનર્વિકાસ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ મુસાફરોને આંતરરાષ્ટ્રીય સ્તરની, આધુનિક અને તમામ પ્રકારી સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવાનો છે. સ્ટેશનને ભવિષ્યમાં વધનારી મુસાફરોની સંખ્યા અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહ્યું છે. પુનર્વિકાસના આ બહુભાષીય કાર્યોમાં મુસાફરોની આરામદાયક મુસાફરી, ઉત્તમ કનેક્ટિવિટી તેમજ અન્ય પરિવહન સેવાઓ સાથેના મલ્ટીમોડલ એકીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, જેથી મુસાફરો સીમલેસ મુસાફરીનો અનુભવ મેળવી શકે. રેલવે સ્ટેશનના પુનર્વિકાસ દરમિયાન દૈનિક મુસાફરોની સુવિધા ખોરવાય નહીં અને તેમને કોઈ અગવડ ન પડે તે સુનિશ્ચિત કરીને ખૂબ જ સાવધાનીપૂર્વક તબક્કાવાર રીતે કામ કરવાની નીતિ અપનાવવામાં આવી રહી છે.

પોતાના અમદાવાદ પ્રવાસ દરમિયાન કેન્દ્રીય રેલવે મંત્રીએ માત્ર સ્ટેશન જ નહીં, પરંતુ ઝોનલ રેલવે સંબંધિત વિવિધ વિકાસ કાર્યો અને ચાલી રહેલા પરિયોજનાઓની પ્રગતિ અંગે પણ ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ અગાઉ જુલાઈ 2026માં પણ શ્રી વૈષ્ણવે અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ સાથે જોડાયેલા વિવિધ કામો સહિત શહેરના રેલવે નેટવર્કને મજબૂત બનાવવા માટેના પ્રોજેક્ટો અંગે અધિકારીઓ અને સ્થાનિક જનપ્રતિનિધિઓ સાથે ઉંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. અમદાવાદ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ એ સમગ્ર ગુજરાતના મુખ્ય અને મહત્વાકાંક્ષી રેલવે માળખાકીય વિકાસ કાર્યોમાંનો એક અતિ મહત્વનો ભાગ છે, જેના માધ્યમથી સ્ટેશન પરિસરને આધુનિક, સુવિધાસભર અને ભવિષ્યલક્ષી સ્વરૂપ આપીને રાજ્યના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એક નવી ઊંચાઈ પર લઈ જવામાં આવી રહ્યું છે.

IPL 2027 પહેલા CSKએ વર્લ્ડકપના હીરોને બનાવ્યો હેડ કોચ, ધોની સાથે મળીને બનાવશે માસ્ટર પ્લાન!

નવી દિલ્હી, તા.22

આઈપીએલ 2027 પહેલાં ક્રિકેટ જગતમાંથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ચેન્નઈ સુપર કિંગ્સે (CSK) પોતાના કોચિંગ સ્ટાફમાં ઐતિહાસિક ફેરફાર કર્યો છે. લાંબા સમયથી સીએસકેની સફળતાનો મુખ્ય આધારસ્તંભ રહેલા સ્ટીફન ફ્લેમિંગના હટ્યા બાદ, ટીમના મેનેજમેન્ટે ભારતના પૂર્વ દિગ્ગજ ફાસ્ટ બોલર અને 2011 વર્લ્ડ કપના હીરો ઝહીર ખાનને ટીમના નવા હેડ કોચ તરીકે નિયુક્ત કર્યો છે.



નવા હેડ કોચ તરીકે ઝહીર ખાન (Zaheer Khan) હવે IPL-2027માં ચેન્નઈ સુપર કિંગ્સનું સુકાન સંભાળતો જોવા મળશે. તેણે પોતાના 14 વર્ષના ભવ્ય આંતરરાષ્ટ્રીય કરિયરમાં દેશ માટે 92 ટેસ્ટ, 200 વનડે અને 17 ટી20 મેચો રમીને ઉત્કૃષ્ટ પ્રદર્શન આપ્યું છે. આ ઉપરાંત તે આઈપીએલમાં પણ 100 મેચ રમી ચૂક્યો છે. સક્રિય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ તે સતત કોચિંગ અને યુવા ખેલાડીઓને તૈયાર કરવાના કામ સાથે સંકળાયેલો રહ્યો છે.

સીએસકેના માલિક રૂપા ગુરુનાથ (Rupa Gurunath) અને મેનેજિંગ ડિરેક્ટર કે. એસ. વિશ્વનાથને (K.S. Viswanathan) નવા હેડ કોચનું સ્વાગત કરતા જણાવ્યું કે, તેઓ વિશ્વના સર્વશ્રેષ્ઠ ક્રિકેટિંગ માઈન્ડ્સ પૈકીનો એક છે. તેની રમત પ્રત્યેની ઊંડી સમજ અને યુવા બોલરોને તૈયાર કરવાની અદભુત આવડતથી ચેન્નઈનો કોર ગ્રુપ વધુ મજબૂત અને ધારદાર બનશે.

ચેન્નઈના હેડ કોચ બન્યા બાદ ઝહીરે ટીમ સાથે કામ કરવા અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેણે જણાવ્યું કે આઈપીએલ ઈતિહાસની સૌથી સફળ અને પ્રતિષ્ઠિત ટીમો પૈકીની એક સાથે જોડાવું તેના માટે ગર્વની વાત છે. તેણે ઉમેર્યું કે, પોતાની રમત દરમિયાન તે હંમેશા ચેન્નઈ સામે મેદાન પર સખત મુકાબલો કરતો રહ્યો છે અને હવે ચેપોકના 'સુપરફેન્સ'ના જબરદસ્ત ઉત્સાહને ખૂબ નજીકથી અનુભવવા માટે તે આતુર છે.

ક્રિકેટ પ્રેમીઓમાં હવે સૌથી મોટો ઉત્સાહ એ વાતનો છે કે, મેદાન પર એમ.એસ.ધોની (MS Dhoni) અને તેમના સાથી ખેલાડીની આ નવી જોડી શું કમાલ બતાવશે. છેલ્લા કેટલાક સમયથી સંઘર્ષ કરી રહેલી ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ આ મોટા ફેરફાર સાથે આઈપીએલ 2027માં તદ્દન નવા અંદાજ અને જોશ સાથે મેદાનમાં ઉતરવા માટે સંપૂર્ણપણે તૈયાર જણાઈ રહી છે.

એશિયન ગેમ્સ 2026માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીત્યો, મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.22



એશિયન ગેમ્સ 2026માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર અને ઐતિહાસિક પ્રદર્શન કરતા શ્રીલંકાને 147 રનના વિશાળ અંતરથી પરાજય આપીને ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો છે. મંગળવારે નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલા આ રોમાંચક મુકાબલામાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં 3 વિકેટે 216 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

ભારતીય ઈનિંગ્સ દરમિયાન સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ શાનદાર બેટિંગ કરતા 45 બોલમાં 7 છગ્ગા અને 5 ચોગ્ગાની મદદથી 79 રનનું યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત, વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષે માત્ર 22 બોલમાં અણનમ 49 રન બનાવ્યા હતા. જેમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ હતા. ઓપનર શેફાલી વર્માએ પણ 29 બોલમાં 48 રનની ઝડપી ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે 99 રનની ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે ટીમ મોટા સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી.

જવાબમાં 217 રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે શરૂઆતથી જ દબાણમાં દેખાઈ હતી. શ્રીલંકાની સમગ્ર ટીમ 15.4 ઓવરમાં માત્ર 69 રનમાં જ ઓલઆઉ થઈ ગઈ હતી. ટીમ તરફથી કેપ્ટન ચમારી અટાપટ્ટુએ સૌથી વધુ 29 રન બનાવ્યા હતા, પરંતુ અન્ય કોઈ ખેલાડી ક્રિઝ પર ટકી શકી નહોતી. ભારત તરફથી ઘાતક બોલિંગ કરતા દીપ્તિ શર્માએ સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી. જ્યારે શેફાલી વર્મા, શ્રેયંકા પાટિલ અને શ્રી ચરણીએ બે-બે વિકેટ મેળવીને શ્રીલંકાની બેટિંગ લાઈનઅપને ધ્વસ્ત કરી દીધી હતી. આ શાનદાર વિજય સાથે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સમાં સતત બીજીવાર ગોલ્ડ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે.

એશિયન ગેમ્સ : શૂટિંગમાં વધુ બે સિલ્વર અને એક બ્રોન્ઝ

10 મીટર એર રાયફલ સ્પર્ધામાં ભારતીય મેન્સ ટીમે સિલ્વર જીત્યો

નાગોયા, તા.22



ભારતીય શૂટર્સે સોમવારે પણ શાનદાર પ્રદર્શન કરતાં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જેમાં ૧૦ મીટર એર રાયફલ સ્પર્ધામાં ભારતીય મેન્સ ટીમે સિલ્વર જીત્યો : હિંમાંશુ ઢિલ્લોને વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર અને રુદ્રાક્ષ પાટિલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત મિક્સ માર્શલ આર્ટ્સમાં પણ સુચિકા તારિયાલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. રવિવારે ભારીય મહિલા શૂટર્સે બે સિલ્વર મેડલ જીત્યા હતા. આમ, ભારતના કુલ છ મેડલ થઈ ગયા છે. જેમાંથી ૫ મેડલ શૂટિંગમાં મળ્યા છે.

શૂટિંગમાં ૧૦ મીટર એર રાયફલની મેન્સ ટીમ ઈવેન્ટમાં રુદ્રાક્ષ પાટિલ, પાર્થ માને અને હિમાંશું ઢિલ્લોને 1890.1નો સ્કોર કરી સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે પ્રથમ સ્થાને રહેલી ચીનની ટીમે 1899.0નો સ્કોર કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો. બ્રોન્ઝ મેડલ સાઉથ કોરિયાએ જીત્યો હતો. જેમનો સ્કોર 1841.4 હતો.

આ ઉપરાંત યુવા ખેલાડી હિંમાંશુ ઢિલ્લોન અને રુદ્રાક્ષ પાટિલે પુરુષોની ૧૦ મીટર એર રાઈફલ વ્યક્તિગત સ્પર્ધામાં રોમાંચક શૂટઆઉટ દરમિયાન પોતાનો સંયમ જાળવી રાખી ક્રમશ: સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ચીનના શેંગ લિહાઓ 254.2ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. પોતાનો ૨૧મો જન્મ દિવસ મનાવી રહેલા હિમાંશુએ 252.4નો સ્કોર કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો જ્યારે રુદ્રાક્ષ પાટિલે 230.9નો સ્કોર કરી બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

ભારતે જાપાનને 49-24થી હરાવી વિજયી પ્રારંભ કર્યો

નવી દિલ્હી, તા.22



ભારતીય કબડ્ડી ટીમે જાપાનને મુકાબલામાં 49-24થી કારમો પરાજય આપી વિજયી પ્રારંભ કર્યો હતો. જાપાને મુકાબલાની શરુઆત બોનસ પોઈન્ટ સાથે કરી હતી પરંતુ ભારતે તરત સ્કોર બરાબર કરી દીધો હતો. આશુએ શાનદાર પ્રદર્શન કરતાં ત્રણ પોઈન્ટની રેડ કરી હતી. તે પછી ભારતીય ડિફેન્સે જાપાનના રેડરને સફળતાપૂર્વક ટેકલકર્યો હતો અને એક રેડ પોઈન્ટ મેળવી ભારતે મુકાબલાનો પ્રથમ ઓલઆઉટ લગાવી ૧૧-૨ની લીડ મેળવી લીધી હતી. પ્રથમ હાફ સુધી 31-9ની લીડ મેળવી લીધી હતી. બીજા હાફમાં પ્રથમ હાફની તુલનાએ બીજા હાફમાં સારી રમત દર્શાવી અને ૨૦થી વધુ પોઈન્ટ મેળવ્યા હતા. જોકે, ભારતીય ટીમે પોતાની લીડ જાળવી રાખી જાપાનને વાપસીની તક આપ્યા વિના મુકાબલો 49-24થી જીતી લીધો હતો.

ભારતીય સ્વિમર્સ માટે સોમવારનો દિવસ ઘણો કઠિન રહ્યો હતો. જેમાં મોટાભાગના સ્વિમર્સ હીટ્સથી આગળ વધી શક્યા નહોતા જ્યારે ૫૦ મીટર બેકસ્ટ્રોક ફાઈનલમાં પહોંચેલો શ્રીહરિ નટરાજ પણ નિરાશાજનક રીતે ૧૦મા ક્રમે રહ્યો હતો. નજરાજ ફાઈનલમાં 25.52 સેકન્ડના સમય સાથે સૌથી પાછળ રહ્યો. ચીનનો જિયાયૂ જૂએ ગોલ્ડ મેડલ જીતવાની સાથે રેકોર્ડ તોડ્યો હતો. તેણે 24.04 સેકન્ડના સમય સાથે જાપાની સ્વિમર જુન્યા કોગાના 24.28 સેકન્ડના રેકોર્ડને તોડ્યો હતો. જે 2014 ઇન્ચિયોન ગેમ્સમાં બન્યો હતો. રવિવારે ૧૦૦ મીટર બેકસ્ટ્રોકમાં છઠ્ઠા સ્થાને રહેલો ઋષભ દાસ ૫૦ મીટર બેકસ્ટ્રોકની ફાઈનલમાં જગ્યા બનાવવાથી સામાન્ય અંતરથી ચૂકી ગયો હતો. તે 25.41 સેકન્ડના સમય સાથે ૧૩મા ક્રમે રહ્યો હતો. પુરુષોની ૫૦ મીટર ફ્રીસ્ટાઈલમાં આકાશમણિ અને ગીતેશ શાહ ક્રમશ: ૨૬મા અને ૨૮મા સ્થાને રહ્યા હતા. ધનુષ પણ ૧૦૦ મીટર બેકસ્ટ્રોક ફાઈનલમાં ક્વોલિફાઈ કરી શક્યો નહોતો અને તે પોતાની હીટમાં ૮મા અને કુલ ૨૨મા ક્રમે રહ્યો હતો. સાજન પ્રકાશ, દક્ષન શશિકુમાર,વેદાંત માધવન અને અનીશ સુનીલ પણ પુરુષોની 4X200 મીટર ફ્રીસ્ટાઈલ રિલે ફાઈનલમાં જગ્યા બનાવી શક્યા નહોતા. ભારતીય ટીમ 7:24.32ના સમય સાથે ૧૩ ટીમોમાં ૯મા ક્રમે રહી હતી.

આલિયા ભટ્ટ બનાવશે કોરિયન ફિલ્મ 'ધ હાઉસમેઇડ'ની ભારતીય રીમેક

વરુણ ધવન અને રાજકુમાર રાવને કાસ્ટ કરે તેવી ચર્ચા : સીન ટુ સીન કોપી નહીં હોય તેવો દાવો

મુંબઇ, તા.22



બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટ હવે એક પ્રોડ્યૂસર તરીકે વધુ એક મહત્વના પ્રોજેક્ટ સાથે જોડાવા જઈ રહી છે. આલિયા ભટ્ટના પ્રોડક્શન બેનર ઈટર્નલ સનશાઈન પ્રોડક્શન્સ હેઠળ એક કોરિયન થ્રિલર ફિલ્મની ભારતીય રીમેક બનાવવાની તૈયારી ચાલી રહી છે. આ ફિલ્મ કોરિયન સિનેમાની જાણીતી ફિલ્મ 'ધ હાઉસમેઇડ'થી પ્રેરિત હશે. જોકે આ પ્રોજેક્ટને લઈને સામે આવી રહેલી માહિતી પ્રમાણે ફિલ્મની સીન-ટુ-સીન નકલ કરવામાં આવશે નહીં, પરંતુ મૂળ ફિલ્મના મુખ્ય વિચાર અને કથાના આધારને જાળવીને તેને ભારતીય દર્શકોને ધ્યાનમાં રાખીને નવી રીતે રજૂ કરવામાં આવશે.

'ધ હાઉસમેઇડ' એક સસ્પેન્સ અને થ્રિલર આધારિત કોરિયન ફિલ્મ છે, જેમાં રહસ્ય, સંબંધો અને ઘટનાક્રમને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. આલિયાની ટીમે મૂળ ફિલ્મના મુખ્ય વિચારને ભારતીય પરિસ્થિતિ અને દર્શકોની પસંદગી પ્રમાણે ઢાળવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે. એટલે કે ફિલ્મની મૂળ કહાનીમાંથી મુખ્ય વિચાર લેવામાં આવશે, પરંતુ પાત્રો, તેમની પૃષ્ઠભૂમિ, ઘટનાઓ અને વાર્તાના વિકાસમાં ભારતીય ટચ જોવા મળશે. આ રીતે ફિલ્મને માત્ર રીમેક તરીકે નહીં પરંતુ ભારતીય સંદર્ભમાં નવી રીતે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ સાથે દિગ્દર્શક તરીકે અભિષેક પાઠકનું નામ જોડાયું છે. અભિષેક પાઠક અગાઉ અજય દેવગણની હિન્દી ફિલ્મ 'દૃશ્યમ' અને તેની સિક્વલ 'દૃશ્યમ 2' સાથે દિગ્દર્શક તરીકે જોડાયેલા રહ્યા છે. ખાસ કરીને 'દૃશ્યમ 2'ને બોક્સ ઓફિસ પર સારો પ્રતિસાદ મળ્યો હતો. સસ્પેન્સ અને થ્રિલર પ્રકારની ફિલ્મને અસરકારક રીતે રજૂ કરવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં રાખીને આ નવા પ્રોજેક્ટ માટે તેમની પસંદગી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

અભિષેક પાઠક માટે પણ આ ફિલ્મ મહત્વની બની શકે છે. 'દૃશ્યમ 3'ની રિલીઝ બાદ તેમની આગામી મોટી ફિલ્મ તરીકે આ પ્રોજેક્ટ તરફ ઉદ્યોગની નજર રહેશે. 'દૃશ્યમ' ફ્રેન્ચાઈઝી બાદ ફરી એકવાર થ્રિલર જોનરમાં કામ કરવાની તક તેમને મળી રહી છે. જોકે નવી ફિલ્મની કહાની 'દૃશ્યમ'થી સંપૂર્ણપણે અલગ હશે અને કોરિયન મૂળ ફિલ્મના વિચારને ભારતીય પરિસ્થિતિમાં નવી રીતે રજૂ કરવામાં આવશે.

ફિલ્મના મુખ્ય અભિનેતા તરીકે હજુ સુધી કોઈ સત્તાવાર નામની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ વરુણ ધવન અને રાજકુમાર રાવમાંથી કોઈ એકને ફિલ્મના હીરો તરીકે પસંદ કરવામાં આવી શકે તેવી ચર્ચા ચાલી રહી છે. બંને કલાકારો અગાઉ અલગ-અલગ પ્રકારની ફિલ્મોમાં પોતાની અભિનય ક્ષમતા દર્શાવી ચૂક્યા છે અને થ્રિલર તથા ગંભીર પાત્રોમાં પણ કામ કરી ચૂક્યા છે. જો આ બંનેમાંથી કોઈ એકનું નામ અંતિમ થાય છે તો ફિલ્મની કાસ્ટને લઈને પણ દર્શકોમાં ઉત્સુકતા વધી શકે છે. જોકે અંતિમ કાસ્ટિંગ અંગે સત્તાવાર જાહેરાતની રાહ જોવી પડશે.

આલિયા ભટ્ટ માટે પણ પ્રોડક્શન ક્ષેત્રે આ પ્રોજેક્ટ મહત્વનો છે. અભિનેત્રી તરીકે સફળતા મેળવ્યા બાદ આલિયાએ પોતાના પ્રોડક્શન બેનર ઈટર્નલ સનશાઈન પ્રોડક્શન્સ દ્વારા અલગ પ્રકારની ફિલ્મોને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું છે. હવે કોરિયન ફિલ્મના મુખ્ય વિચારને ભારતીય સંદર્ભમાં રજૂ કરવાનો નિર્ણય તેમની પ્રોડક્શન કંપની માટે પણ એક અલગ પ્રકારનો પ્રયોગ બની શકે છે. ફિલ્મની કહાનીને ભારતીય દર્શકોની પસંદગી પ્રમાણે બદલવામાં આવશે, જેથી મૂળ ફિલ્મની સીધી નકલ હોવાનો અનુભવ ન થાય.

સિદ્ધાર્થ-તમન્નાની ફિલ્મના ટ્રેલરમાં ગીતના ઉપયોગને લઈને વિવાદ, સંગીતકારે લગાવ્યો પરવાનગી વિના ઉપયોગનો આરોપ

મુંબઇ, તા.22



સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'નું ટ્રેલર રિલીઝ થતાં જ ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલા એક ગીતને લઈને વિવાદ ઊભો થયો છે. સંગીતકાર સરગમ વૈશે આક્ષેપ કર્યો છે કે તેમની મંજૂરી કે સંમતિ લીધા વિના તેમના સંગીતનો ફિલ્મના ટ્રેલરમાં બેકગ્રાઉન્ડ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. સરગમે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ફિલ્મના નિર્માતાઓને આ ગીતનો ઉપયોગ તાત્કાલિક બંધ કરવા અને ટ્રેલરમાંથી તેને હટાવવાની માંગ કરી છે. આ આક્ષેપો બાદ ફિલ્મના ટ્રેલરમાં સંગીતના ઉપયોગને લઈને કાનૂની અને કૉપિરાઇટ સંબંધિત ચર્ચા શરૂ થઈ છે.

સરગમ વૈશે રવિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને સમગ્ર મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે તેઓ 'અયિગિરી નંદિની' પર છેલ્લા ત્રણ વર્ષથી કામ કરી રહ્યા છે અને આ પ્રોજેક્ટ માટે તેમણે લાંબા સમયથી સંગીત તૈયાર કર્યું છે. તેમના જણાવ્યા પ્રમાણે ફિલ્મના ટ્રેલરમાં આ સંગીતનો ઉપયોગ કરતા પહેલાં તેમની પાસેથી કોઈ મંજૂરી લેવામાં આવી નથી કે તેમની સંમતિ મેળવવામાં આવી નથી. સરગમે સ્પષ્ટ કર્યું કે જો કોઈ કલાકાર અથવા પ્રોડક્શન હાઉસ કોઈ સંગીત રચનાનો ઉપયોગ કરવા માંગે તો તેના માટે સંબંધિત અધિકારો અને પરવાનગીની પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે.

સંગીતકારે પોતાના આક્ષેપમાં વધુમાં જણાવ્યું હતું કે તેમણે આ ગીતને લઈને એક મ્યુઝિક લેબલ સાથે કરાર પણ કર્યો છે. આવી સ્થિતિમાં કોઈ અન્ય પ્રોજેક્ટમાં તેમની મંજૂરી વિના આ ગીત અથવા તેના સંગીતનો ઉપયોગ થાય તો તેની સીધી અસર તેમના કરાર પર પડી શકે છે. સરગમના જણાવ્યા પ્રમાણે તેમણે ગીત પર લાંબા સમય સુધી કામ કર્યું છે.

કરણ જોહરે રોના સ્થાપક કાઓની બાયોપિક રિવાઈવ કરી

એક પુસ્તક પર આધારિત ફિલ્મ હવે ૨૦૨૮માં આ રીલિઝ કરાશે તેવી જાહેરાત

મુંબઇ, તા.22



બોલિવૂડના જાણીતા નિર્માતા-દિગ્દર્શક કરણ જોહરે ભારતની ગુપ્તચર સંસ્થા 'રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ' (RAW) ના સ્થાપક અને સુપ્રસિદ્ધ સ્પાયમાસ્ટર રામેશ્વર નાથ કાઓ (આર. એન. કાઓ) ના જીવન પર આધારિત તેમની બહુપ્રતિક્ષિત બાયોપિક ફિલ્મને લઈને એક મોટું મોટું એનાઉન્સમેન્ટ કર્યું છે. કરણ જોહરે છ વર્ષ પહેલાં એટલે કે જાન્યુઆરી ૨૦૨૦માં આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટની જાહેરાત કરી હતી, પરંતુ તે પછી વિવિધ કારણોસર આ ફિલ્મ ઠપ્પ થઈ ગઈ હતી અને અટવાઈ પડી હતી. હવે લાંબા ઈંતજાર બાદ કરણ જોહરે આ પ્રોજેક્ટને ફરીથી રિવાઈવ કર્યો છે અને ફિલ્મની નવી રિલીઝ ડેટની સત્તાવાર જાહેરાત કરીને સિનેપ્રેમીઓ અને ગુપ્તચર કથાઓના શોખીનોમાં મોટો ઉત્સાહ જગાવ્યો છે. કરણ જોહરે સ્પષ્ટ કર્યું છે કે આ દેશભક્તિ અને રોમાંચથી ભરપૂર ફિલ્મ ૧૧ ઓગસ્ટ ૨૦૨૮ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે.

આર. એન. કાઓ ભારતીય ગુપ્તચર ઈતિહાસના સૌથી શક્તિશાળી અને રહસ્યમય વ્યક્તિત્વોમાંથી એક માનવામાં આવે છે. દેશના તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ વર્ષ ૧૯૬૮માં ભારતીય ગુપ્તચર સંસ્થા 'રો' ની સ્થાપના કરીને રામેશ્વર નાથ કાઓની પ્રથમ સ્થાપક સચિવ (ચીફ) તરીકે નિમણૂક કરી હતી. કાઓએ ૧૯૬૮થી ૧૯૭૭ સુધી સફળતાપૂર્વક 'રો' નું નેતૃત્વ કર્યું હતું અને ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ તેમજ બાંગ્લાદેશના નિર્માણમાં તેમની રણનીતિએ અત્યંત નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. 'રો' ની સ્થાપનાના પંચાવનથી વધુ વર્ષો પૂરા થવાના આ ખાસ પ્રસંગે કરણ જોહરે ફરી એકવાર આ પ્રોજેક્ટને ગતિ આપી છે.

ઉર્મિલા માતોંડકરનું એક્ટિંગમાં કમબેક, વેબ સિરીઝમાં પ્રિન્સિપાલની ભૂમિકામાં જોવા મળશે

મુંબઇ, તા.22



બોલિવૂડની જાણીતી અભિનેત્રી ઉર્મિલા માતોંડકર ફરી એકવાર અભિનય ક્ષેત્રે કમબેક કરવા જઈ રહી છે. લાંબા સમયથી મોટા પડદા અને નિયમિત અભિનયથી દૂર રહેલી ઉર્મિલા હવે ઓટીટી પ્લેટફોર્મ માટે બની રહેલી એક નવી વેબ સિરીઝમાં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળશે. આ સિરીઝમાં તે એક પ્રિન્સિપાલના પાત્રમાં જોવા મળશે. 'ધ વાઈરલ ફિવર' એટલે કે TVF દ્વારા આ નવી વેબ સિરીઝનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સિરીઝનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું હોવાનું જાણવા મળે છે અને તેને વર્ષ 2027ના મધ્યભાગમાં સ્ટ્રીમ કરવાની તૈયારી ચાલી રહી છે.

ઉર્મિલા માતોંડકર માટે આ પ્રોજેક્ટ ખાસ મહત્વનો માનવામાં આવી રહ્યો છે, કારણ કે તે લાંબા સમય બાદ એક સંપૂર્ણ ફિક્શન પ્રોજેક્ટમાં અભિનય કરતી જોવા મળશે. ૯૦ના દાયકાથી લઈને 2000ના દાયકાના શરૂઆતના વર્ષો સુધી હિન્દી સિનેમામાં પોતાની અલગ ઓળખ બનાવનારી ઉર્મિલાએ અનેક યાદગાર ફિલ્મોમાં કામ કર્યું છે. હવે બદલાતા સમય અને ઓટીટીના વધતા પ્રભાવ વચ્ચે તે વેબ સિરીઝના માધ્યમથી ફરીથી દર્શકો સમક્ષ આવવાની તૈયારીમાં છે. પ્રિન્સિપાલનું પાત્ર તેની અગાઉની ફિલ્મી ભૂમિકાઓ કરતાં અલગ પ્રકારનું હોવાની શક્યતા છે, જેના કારણે આ કમબેકને લઈને દર્શકોમાં ઉત્સુકતા જોવા મળી શકે છે. આ નવી વેબ સિરીઝનું લેખન પુનિત બાત્રા કરી રહ્યા છે, જ્યારે દિગ્દર્શનની જવાબદારી દિવ્યાંશુ મલ્હોત્રા સંભાળી રહ્યા છે. બંને અગાઉ પણ TVFના જાણીતા પ્રોજેક્ટ 'ફ્લેમ્સ'માં સાથે કામ કરી ચૂક્યા છે. 'ફ્લેમ્સ'માં યુવાનોની મિત્રતા, પ્રેમ અને શાળાના જીવનને કેન્દ્રમાં રાખીને વાર્તા રજૂ કરવામાં આવી હતી અને યુવા દર્શકોમાં તેને સારી લોકપ્રિયતા મળી હતી. હવે બંને ફરી એકવાર સાથે મળીને આ નવા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. પુનિત બાત્રા માટે પણ આ પ્રોજેક્ટ મહત્વનો છે. તેઓ અગાઉ લોકપ્રિય વેબ સિરીઝ 'કોટા ફેક્ટરી' સાથે લેખક તરીકે જોડાયેલા રહ્યા છે. શિક્ષણ વ્યવસ્થા, વિદ્યાર્થીઓની સ્પર્ધા અને તેમની વ્યક્તિગત મુશ્કેલીઓને કેન્દ્રમાં રાખતી આ સિરીઝને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. હવે શિક્ષણ અને સંસ્થા સાથે જોડાયેલા પાત્રમાં ઉર્મિલા માતોંડકરને રજૂ કરવામાં આવી રહી હોવાના કારણે આ નવી સિરીઝની વાર્તા પણ દર્શકોમાં રસ જગાવી શકે છે. જોકે સિરીઝની સંપૂર્ણ કહાની અને ઉર્મિલાના પાત્રની વિગતો હજુ મેકર્સ દ્વારા જાહેર કરવામાં આવી નથી. ઉર્મિલા માતોંડકરનો અભિનય કારકિર્દીનો ઈતિહાસ પણ લાંબો અને વૈવિધ્યસભર રહ્યો છે.

સોના-ચાંદીના ભાવમાં ફરી ઘટાડો, બે દિવસમાં સોનું રૂ.1,500 અને ચાંદી રૂ.4,000થી વધુ સસ્તી

મુંબઈ, તા.22

સોના-ચાંદીના ભાવમાં છેલ્લા બે દિવસથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે એટલે કે 22 સપ્ટેમ્બરે પણ સ્થાનિક બુલિયન માર્કેટમાં સોનું અને ચાંદી બંને સસ્તાં થયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન એટલે કે IBJAના જણાવ્યા મુજબ 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં આજે રૂ.1,205નો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા બાદ સોનાનો ભાવ ઘટીને રૂ.1,52,132 પ્રતિ 10 ગ્રામ પર આવી ગયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. એક કિલો ચાંદીનો ભાવ રૂ.2,412 ઘટીને રૂ.2,32,580 પર આવી ગયો છે. આમ, છેલ્લા બે દિવસમાં સોના-ચાંદી બંનેમાં સતત નબળાઈ જોવા મળી છે.

આ પહેલાં 21 સપ્ટેમ્બરે પણ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો. સોમવારે ચાંદીનો ભાવ રૂ.1,916 ઘટ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં રૂ.390નો ઘટાડો નોંધાયો હતો. હવે બીજા દિવસે પણ ઘટાડો થતાં બે દિવસમાં સોનાના ભાવમાં કુલ રૂ.1,595 જેટલો ઘટાડો થયો છે, જ્યારે ચાંદીમાં રૂ.4,328નો ઘટાડો નોંધાયો છે. સોના-ચાંદીના ભાવમાં આ સતત ઘટાડાને કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારો અને વેપારીઓનું ધ્યાન હવે આગામી દિવસોમાં ભાવની દિશા તરફ કેન્દ્રિત થયું છે.

સોનાના ભાવમાં ચાલુ વર્ષે અનેક વખત મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. વર્ષ 2026ની શરૂઆતમાં સોનાના ભાવમાં ઝડપથી વધારો થયો હતો અને ત્યારબાદ તેમાં કરેક્શન પણ જોવા મળ્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ રૂ.1,33,195 હતો, જે 22 સપ્ટેમ્બર 2026ના રોજ રૂ.1,52,132 પર પહોંચી ગયો છે. એટલે કે વર્ષના અંતની સરખામણીમાં હાલમાં સોનું લગભગ રૂ.18,937 મોંઘું છે. જોકે, વર્ષની સૌથી ઊંચી સપાટીથી હાલમાં સોનાનો ભાવ નોંધપાત્ર રીતે નીચે આવી ગયો છે.



ચાંદીમાં પણ વર્ષ દરમિયાન ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ રૂ.2,30,420 હતો, જ્યારે 22 સપ્ટેમ્બરે તે રૂ.2,32,580 પર રહ્યો છે. એટલે કે વર્ષના અંતની સરખામણીમાં ચાંદી હાલમાં લગભગ રૂ.2,160 મોંઘી છે. જોકે જાન્યુઆરી દરમિયાન ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો અને ત્યારબાદ તેમાં અનેક તબક્કે ઘટાડો નોંધાયો છે.

વર્ષ દરમિયાન સોના-ચાંદીના ભાવમાં આવેલા ઉતાર-ચઢાવને જોવામાં આવે તો 31 જાન્યુઆરીએ સોનું રૂ.1,65,795 અને ચાંદી રૂ.3,39,350ના સ્તરે હતી. ફેબ્રુઆરીના અંતે સોનું ઘટીને રૂ.1,50,997 અને ચાંદી રૂ.2,66,700 થઈ હતી. માર્ચના અંતે સોનાનો ભાવ રૂ.1,46,733 અને ચાંદી રૂ.2,30,135 રહી હતી. એપ્રિલમાં સોનું રૂ.1,50,263 અને ચાંદી રૂ.2,40,331 પર પહોંચી હતી. મેના અંતે સોનું રૂ.1,56,463 અને ચાંદી રૂ.2,63,350 થઈ હતી. જૂનમાં ફરી ઘટાડો થતાં સોનું રૂ.1,41,286 અને ચાંદી રૂ.2,25,425 પર આવી હતી. જુલાઈમાં સોનું રૂ.1,42,860 અને ચાંદી રૂ.2,18,295 રહી હતી. ત્યારબાદ ઓગસ્ટના અંતે સોનું ફરી વધીને રૂ.1,55,835 અને ચાંદી રૂ.2,37,199 થઈ હતી. હવે 22 સપ્ટેમ્બરે બંને કિંમતી ધાતુઓમાં ફરી ઘટાડો નોંધાયો છે.

બજાર નિષ્ણાતોના મતે હાલ સોના-ચાંદીના ભાવમાં અસ્થિરતા યથાવત રહી શકે છે. વૈશ્વિક બજારમાં વ્યાજદર અંગેની અપેક્ષાઓ, ડોલરની ચાલ, બોન્ડ યીલ્ડ, ભૂરાજકીય તણાવ અને વિશ્વની અર્થવ્યવસ્થાને લઈને અનિશ્ચિતતા જેવી બાબતો કિંમતી ધાતુઓના ભાવને અસર કરી શકે છે. સોનાને સામાન્ય રીતે અનિશ્ચિતતા અને જોખમના સમયમાં સુરક્ષિત રોકાણ તરીકે જોવામાં આવે છે. તેથી એક તરફ વ્યાજદર અને ડોલરમાં ફેરફાર સોનાના ભાવ પર દબાણ બનાવી શકે છે, તો બીજી તરફ ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતા સોનાની માંગને ટેકો આપી શકે છે.

હાલના ઘટાડા વચ્ચે રોકાણકારો માટે પણ સાવચેતી જરૂરી બની છે. કિંમતી ધાતુઓના ભાવમાં ટૂંકા ગાળામાં ઝડપથી વધારો કે ઘટાડો થઈ શકે છે. તેથી માત્ર એક-બે દિવસના ભાવના આધારે નિર્ણય લેવાને બદલે રોકાણનો સમયગાળો, જોખમ લેવાની ક્ષમતા અને બજારની સ્થિતિને ધ્યાનમાં લેવી જરૂરી છે. જો ભાવમાં મોટો ઘટાડો થાય તો લાંબા ગાળાના રોકાણકારો માટે તબક્કાવાર ખરીદીની તક ઊભી થઈ શકે છે, પરંતુ આ કોઈ નિશ્ચિત ભાવ-પૂર્વાનુમાન નથી.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે ગ્રાહકોએ તેની શુદ્ધતા અને બિલની વિગતો ખાસ ચકાસવી જોઈએ. ભારતીય માનક બ્યુરો એટલે કે BISનું હોલમાર્ક ધરાવતું સોનું ખરીદવું મહત્વપૂર્ણ છે. હોલમાર્કિંગ દ્વારા સોનાની શુદ્ધતા અંગે માહિતી મળે છે. ગ્રાહકોએ દાગીનાના વજન, શુદ્ધતા, મેકિંગ ચાર્જ, GST અને અન્ય લાગુ પડતા ખર્ચની વિગતો બિલમાં સ્પષ્ટ રીતે તપાસવી જોઈએ. સાથે જ ખરીદીના દિવસે સોનાનો ભાવ વિશ્વસનીય સ્ત્રોતો પરથી ચકાસવો જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ અલગ હોય છે. ચાંદી ખરીદતી વખતે પણ તેની શુદ્ધતા અને બિલની વિગતો ચકાસવી જરૂરી છે. ચાંદીની અસલિયત જાણવા માટે બજારમાં વિવિધ ઘરેલુ પરીક્ષણો પ્રચલિત છે, પરંતુ આવા ટેસ્ટને સંપૂર્ણ પ્રમાણભૂત માનવા યોગ્ય નથી.

સસ્તામાં iPhone 18-પ્રો લેવો હોય તો દુબઈ પહોંચી જાવ: ભારત કરતાં ₹33,000 સસ્તો, ફ્લાઈટ-વિઝાના ખર્ચા પછી પણ પૈસા બચશે

નવી દિલ્હી, તા.22

આઈફોન 18 પ્રો અને પ્રો મેક્સ ખરીદવાનો ક્રેઝ કેટલો છે, તેનો અંદાજ તો તમે ભારતમાં એપલ સ્ટોર પર લાઈનમાં ઊભેલા લોકોને જોઈને લગાવી શકો છો. એટલું જ નહીં, આ વખતે એપલ ફેન્સ માટે આ શોપિંગ ટ્રિપ ઈન્ટરનેશનલ બની ગઈ છે. લોકો આઈફોન 18 પ્રો અને આઈફોન 18 પ્રો મેક્સ ખરીદવા માટે દુબઈ જઈ રહ્યા છે, કારણ કે ભારત અને UAEની કિંમતોમાં મોટો તફાવત છે. ખરીદદારોનું કહેવું છે કે ફ્લાઈટ ટિકિટ અને વિઝાનો ખર્ચ ઉમેર્યા પછી પણ દુબઈથી આઈફોન ખરીદવો સસ્તો પડી રહ્યો છે.



18 સપ્ટેમ્બરે જ્યારે દુબઈ મોલના એપલ સ્ટોરમાં નવા આઈફોનનું વેચાણ શરૂ થયું, ત્યારે ભારતીય ખરીદદારોએ આ જ ગણતરી કરી.

મુંબઈના અમન સોલંકીએ ગલ્ફ ન્યૂઝને જણાવ્યું કે કિંમતોમાં આ તફાવત દુબઈની સફરને યોગ્ય ઠેરવે છે. સોલંકીએ કહ્યું કે ફ્લાઈટ ટિકિટ અને વીઝાના ખર્ચ બાદ પણ તે સસ્તો પડે છે. તેમણે જણાવ્યું કે એકથી વધુ ફોન ખરીદવા પર 50,000થી 60,000 સુધીનો તફાવત આવી જાય છે.

કેરળના મોહમ્મદ સૈયદે પરિવારને મળવા દુબઈ જવા દરમિયાન ભારત અને UAEની કિંમતોની સરખામણી કરી. તેમણે આઈફોન 18 પ્રો મેક્સ ખરીદવાનો નિર્ણય લીધો અને કહ્યું, 'મને નવા આઈફોન પર આશરે 20,000થી 30,000ની બચત થઈ રહી છે, કારણ કે ભારતમાં કરને કારણે કિંમતો ઘણી વધારે છે.'

દુબઈમાં આઈફોન સસ્તો હોવાનું મુખ્ય કારણ કરમાં રહેલો તફાવત છે. UAEમાં સ્માર્ટફોન પર માત્ર 5% વેટ લાગે છે, જ્યારે ભારતમાં ભારે કર અને આયાત-ડ્યૂટીના કારણે કિંમતો ઘણી વધી જાય છે.

1.5 લાખથી મોંઘા પ્રીમિયમ ફોન પર આ જ ટેક્સનો તફાવત સીધી રીતે 30,000થી 40,000 સુધીની બચત બની જાય છે. ખાસ વાત એ છે કે આ તફાવત કોઈ જૂના મોડલનો નહીં, પરંતુ બંને દેશોમાં વેચાતા બિલકુલ એકસરખા નવા પ્રો મોડલ્સનો છે.

એરટેલ ડિજિટલના માર્કેટિંગ મેનેજર અભિષેક થોમસના જણાવ્યા મુજબ, કિંમતોનો આ તફાવત દર્શાવે છે કે ભાવ માત્ર એ નક્કી કરતા નથી કે લોકો શું ખરીદશે, પરંતુ એ પણ નક્કી કરે છે કે તેઓ ખરીદી ક્યાંથી કરશે.

તેમણે જણાવ્યું કે જો કોઈ ફરવા સાથે દુબઈથી આઈફોન પણ ખરીદી લાવે, તો આ ફાયદાકારક સોદો બની જાય છે. જોકે, ભારત લાવતી વખતે કસ્ટમ્સના નિયમો અને ટેક્સમાં મળતી છૂટની મર્યાદાનું ધ્યાન રાખવું જરૂરી છે.

એપલે 9 સપ્ટેમ્બરે પોતાના પ્રથમ ફોલ્ડેબલ ફોન સાથે આઈફોન 18-પ્રો અને આઈફોન 18-પ્રો મેક્સ પણ લોન્ચ કર્યા હતા. આ આઈફોનના પ્રથમ પ્રીમિયમ ફોન છે જેમાં 48 મેગાપિક્સલના ત્રણ કેમેરા આપવામાં આવ્યા છે. તેમાં મુખ્ય કેમેરા, ટેલિફોટો કેમેરા અને અલ્ટ્રાવાઈડ કેમેરાનો સમાવેશ થાય છે. એપલે દાવો કર્યો છે કે એક વાર ચાર્જ કર્યા બાદ 18-પ્રો 24 કલાક અને 18-પ્રો મેક્સ 30 કલાક સુધી ચાલશે. આ અત્યાર સુધીનો સૌથી વધુ બેટરી બેકઅપ છે. ફોન માત્ર 15 મિનિટમાં 50% ચાર્જ થઈ જશે.

તમારું સિમ-કાર્ડ બીજાને વાપરવા આપશો તો 50 લાખ રૂપિયાનો દંડ: 3 વર્ષની જેલ પણ થશે, તમારા નામે કેટલા સિમ એક્ટિવ છે?

નવી દિલ્હી, તા.22

તમારા દસ્તાવેજો પર લેવામાં આવેલું સિમ કોઈ અન્યને આપવું ભારે પડી શકે છે. દૂરસંચાર વિભાગે 21 સપ્ટેમ્બરે નવી એડવાઈઝરી જાહેર કરીને જણાવ્યું છે કે નકલી IDથી સિમ ખરીદવા અથવા વેચવા પર કે મોબાઈલના IMEI નંબર સાથે છેડછાડ કરવા પર 3 વર્ષની જેલ અને 50 લાખ સુધીનો દંડ થઈ શકે છે. સરકારે સલાહ આપી છે કે તમામ નાગરિકો સંચાર સાથી પોર્ટલ અથવા એપ પર જઈને તરત જ તપાસ કરે કે તેમના ID પર તેમની જાણકારી વિના કોઈ અજાણ્યો મોબાઈલ નંબર સક્રિય તો નથી. દૂરસંચાર વિભાગે આ પગલું છત્તીસગઢમાં થયેલા એક મોટા સાયબર ફ્રોડ બાદ ઉઠાવ્યું છે. ત્યાં એક સિમ વેચતા એજન્ટે લોકોના દસ્તાવેજોનો ખોટો ઉપયોગ કરીને તેમની જાણ વગર 25 નકલી સિમ સક્રિય કરી નાખ્યા હતા. મામલો સામે આવતાની સાથે જ DoTએ એજન્ટને બ્લેકલિસ્ટ કરી દીધો અને રી-વેરિફિકેશનમાં નિષ્ફળ રહેતાં તમામ 25 નકલી નંબરોને તરત જ બંધ કરી દીધા.

દૂરસંચાર વિભાગે સ્પષ્ટ કર્યું છે કે જો તમે તમારા નામે સિમ ખરીદીને કોઈ અન્યને વેચો છો, ભાડે આપો છો અથવા સાયબર



છેતરપિંડી માટે તેનો ઉપયોગ થવા દો છો, તો પોલીસ કેસ અને કાનૂની કાર્યવાહી તમારા વિરુદ્ધ પણ થશે.

આ ઉપરાંત ખોટા દસ્તાવેજોથી સિમ લેવું, ઓળખ છુપાવીને છેતરપિંડી કરવી અથવા કોઈ અન્યના નામે આવેલા સિમનો ખોટો ઉપયોગ કરવો પણ ગંભીર ગુનો છે. જ્યારે કોઈ ઠગ કોઈ ID પ્રૂફથી અથવા પૈસાની લાલચ આપીને સિમ લે છે અને તેનાથી સાયબર ગુનાને અંજામ આપે છે, ત્યારે તે સિમને 'મ્યુલ સિમ' કહેવામાં આવે છે. એડવાઈઝરી મુજબ, જે ફોનના IMEI નંબર સાથે ચેડાં અથવા ફેરફાર કરવામાં આવ્યો હોય, તેનો ઉપયોગ કરવો ગેરકાયદેસર છે. સાથે જ, એપ્સ અથવા વેબસાઈટ્સ દ્વારા કોઈ અન્ય વ્યક્તિનો નંબર દર્શાવીને કોલ કરવાના (કોલિંગ ID બદલવાના) ટૂલ્સનો ઉપયોગ કરવો પણ ગુનો છે. સરકારે તેને દેશની સુરક્ષા અને નેટવર્ક માટે મોટો ખતરો ગણાવ્યો છે. ભારતમાં એક વ્યક્તિના નામે વધુમાં વધુ 9 સિમ કાર્ડ રાખવાનો નિયમ ઘણો જૂનો છે. જોકે, જમ્મુ-કાશ્મીર, આસામ અને ઉત્તર-પૂર્વીય રાજ્યો માટે આ નિયમ થોડો અલગ છે. સુરક્ષા કારણોસર આ રાજ્યોમાં રહેતા લોકો પોતાના નામે મહત્તમ 6 સિમ કાર્ડ જ રાખી શકે છે. સરકારે ટેલિકોમ કંપનીઓને ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા જણાવ્યું છે. આ પોર્ટલ પર દેશના તમામ મોબાઈલ વપરાશકર્તાઓનો ડેટા ઉપલબ્ધ છે. નવું સિમ સક્રિય કરતા પહેલાં કંપનીઓ આ પોર્ટલ પર તપાસ કરશે કે તમારા નામે કુલ કેટલા સિમ ચાલી રહ્યા છે.

નિયમોને વધુ કડક બનાવવા માટે સરકારે 23 ઓગસ્ટથી ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ પર એક નવું ફીચર ઉમેર્યું છે. આ અંતર્ગત, જે લોકો સિમ કાર્ડની નિર્ધારિત મર્યાદા (9 સિમ) કરતાં વધુ સિમ ધરાવે છે, તેમનો ફોટો આ પોર્ટલ પર દેખાવા લાગશે. તેથી સિમ વેચતી વખતે ડીલરો તરત ઓળખી શકશે કે કયા ગ્રાહકને નવું સિમ આપવાનો ઈનકાર કરવો છે. દૂરસંચાર વિભાગે તમામ ટેલિકોમ કંપનીઓને પોતાની સિસ્ટમને આ નવા સરકારી પ્લેટફોર્મ સાથે સંપૂર્ણ રીતે જોડવા માટે 30 નવેમ્બર 2026 સુધીનો સમય આપ્યો છે.

હોમ લોન લેતા પહેલા વ્યાજદરની સરખામણી જરૂરી, 0.25%નો તફાવત પણ બચાવી શકે લાખો રૂપિયા

નવી દિલ્હી, તા.22

ઘર ખરીદવાનું સપનું પૂરું કરવા માટે મોટી સંખ્યામાં લોકો હોમ લોનનો સહારો લે છે. જોકે હોમ લોન સામાન્ય રીતે 20થી 25 વર્ષ જેવા લાંબા સમયગાળા માટે લેવામાં આવતી હોવાથી લોન લેતી વખતે માત્ર બેંક કેટલી રકમની લોન આપે છે અથવા માસિક EMI કેટલી છે તે જોવું પૂરતું નથી. લોનનો વ્યાજદર, પ્રોસેસિંગ ફી, અન્ય ચાર્જ અને વ્યાજદરના પ્રકાર જેવી બાબતોની પણ કાળજીપૂર્વક તપાસ કરવી જરૂરી છે. હાલમાં દેશની કેટલીક મોટી બેંકોમાં હોમ લોનના શરૂઆતના વ્યાજ દરો 7.00 ટકાથી લઈને 7.45 ટકા સુધી જોવા મળી રહ્યા છે. વ્યાજદરમાં દેખીતી રીતે માત્ર 0.25 ટકા કે 0.50 ટકાનો તફાવત લાગતો હોવા છતાં લાંબા સમયગાળામાં તેની અસર લાખો રૂપિયાની થઈ શકે છે.

હાલની ઉપલબ્ધ માહિતી અનુસાર બેંક ઓફ મહારાષ્ટ્ર હોમ લોન માટે 7.00 ટકાના શરૂઆતના વ્યાજ દર સાથે લોન ઓફર કરી રહી છે. બીજી તરફ દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ



ઈન્ડિયા એટલે કે SBIમાં હોમ લોનના વ્યાજ દર 7.25 ટકાથી શરૂ થઈ રહ્યા છે. કેટલીક અન્ય મોટી બેંકોમાં પણ શરૂઆતના દર 7.45 ટકા સુધી જોવા મળી રહ્યા છે. જોકે ગ્રાહકને મળતો વાસ્તવિક વ્યાજ દર તેના ક્રેડિટ સ્કોર, આવક, લોનની રકમ, પ્રોફાઈલ, લોનના પ્રકાર અને બેંકની લાગુ શરતો પર આધારિત હોઈ શકે છે. તેથી જાહેરાતમાં દર્શાવવામાં આવેલા શરૂઆતના દરને દરેક ગ્રાહક માટે લાગુ પડતો અંતિમ દર માનવો યોગ્ય નથી.

આ તફાવત કેટલો મોટો બની શકે છે તે સમજવા માટે રૂ.50 લાખની હોમ લોનનું ઉદાહરણ લઈ શકાય. જો રૂ.50 લાખની લોન 25 વર્ષ માટે 7.00 ટકાના વ્યાજ દરે લેવામાં આવે તો માસિક EMI આશરે રૂ.35,339ની આસપાસ થાય છે. જો વ્યાજ દર 7.25 ટકા હોય તો માસિક EMI વધીને આશરે રૂ.36,140 થઈ શકે છે. એટલે બંને દર વચ્ચે માસિક EMIમાં લગભગ રૂ.801નો તફાવત રહે છે. પ્રથમ નજરે આ રકમ બહુ મોટી લાગતી નથી, પરંતુ 25 વર્ષ સુધી દર મહિને આ વધારાની રકમ ચૂકવવાની થાય તો કુલ ચુકવણીમાં આશરે રૂ.2.40 લાખ જેટલો તફાવત ઊભો થઈ શકે છે. આ જ રીતે જો રૂ.50 લાખની હોમ લોન 25 વર્ષ માટે 7.45 ટકાના વ્યાજ દરે લેવામાં આવે તો EMI આશરે રૂ.36,787 સુધી પહોંચી શકે છે. 7.00 ટકા અને 7.45 ટકા વચ્ચે માસિક EMIનો તફાવત આશરે રૂ.1,448 થાય છે. લાંબા સમયગાળા દરમિયાન આ નાનો દેખાતો માસિક તફાવત કુલ ચુકવણીમાં આશરે રૂ.4.34 લાખ જેટલો વધારો કરી શકે છે. આ ગણતરી પરથી સ્પષ્ટ થાય છે કે હોમ લોન લેતી વખતે વ્યાજદરની નાની ટકાવારીનો તફાવત પણ 20થી 25 વર્ષના સમયગાળામાં મોટી રકમમાં ફેરવાઈ શકે છે.

હોમ લોનની કિંમત માત્ર વ્યાજદરથી નક્કી થતી નથી. બેંક દ્વારા લેવામાં આવતી પ્રોસેસિંગ ફી અને અન્ય ચાર્જ પણ લોનની કુલ કિંમત પર અસર કરે છે. ઉદાહરણ તરીકે બેંક ઓફ મહારાષ્ટ્રમાં પ્રોસેસિંગ ફી લોનની રકમના 0.25 ટકા સુધી હોઈ શકે છે, જેમાં મહત્તમ મર્યાદા રૂ.25,000 સુધી હોવાનું જણાવવામાં આવે છે. બેંક ઓફ ઈન્ડિયામાં પણ 0.25 ટકા સુધીની પ્રોસેસિંગ ફી લાગુ થઈ શકે છે, જ્યારે યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં 0.50 ટકા સુધીની ફી અને મહત્તમ રૂ.15,000 ઉપરાંત GST જેવી શરતો હોઈ શકે છે. SBIમાં પણ પ્રોસેસિંગ ફી 0.35 ટકા સુધી અને મહત્તમ રૂ.12,000 ઉપરાંત GST જેવી શરતો સાથે લાગુ થઈ શકે છે. જોકે બેંકો સમયાંતરે અલગ અલગ ઓફર અને પ્રચારાત્મક યોજનાઓ હેઠળ પ્રોસેસિંગ ફી માફ પણ કરતી હોય છે, તેથી લોન માટે અરજી કરતા પહેલાં બેંક પાસેથી તમામ ચાર્જની લેખિત વિગતો મેળવવી મહત્વપૂર્ણ છે. ઘણા ગ્રાહકો હોમ લોન લેતી વખતે માત્ર EMI પર ધ્યાન આપે છે અને અન્ય ખર્ચની તપાસ કરતા નથી. વાસ્તવમાં લોનની પ્રોસેસિંગ ફી ઉપરાંત કાનૂની ચકાસણી, વેલ્યુએશન, દસ્તાવેજીકરણ, મોડા ચુકવણીના ચાર્જ અથવા અન્ય લાગુ પડતા ખર્ચ અંગે પણ માહિતી મેળવવી જોઈએ. બેંક દ્વારા આપવામાં આવતી સેનક્શન લેટર અથવા ઓફર લેટરમાં વ્યાજદર, EMI, લોનનો સમયગાળો અને તમામ લાગુ પડતા ચાર્જ સ્પષ્ટ રીતે વાંચવા જોઈએ. કોઈપણ મૌખિક વચન કરતાં લેખિત શરતોને વધુ મહત્વ આપવું ગ્રાહક માટે સુરક્ષિત રહે છે.

સેન્સેક્સ 329 પોઈન્ટ ઘટીને 74,529 પર બંધ: નિફ્ટી પણ 85 પોઈન્ટ ઘટ્યો, FMCG-બેન્કિંગ અને IT શેરોમાં સૌથી વધુ વેચવાલી

મુંબઈ, તા.22

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 22 સપ્ટેમ્બરે ફરી એકવાર ઘટાડો જોવા મળ્યો હતો. સપ્તાહની શરૂઆતમાં તેજી બાદ આજે બજારમાં રોકાણકારોએ નફાવસૂલી તરફ વળતા મુખ્ય સૂચકાંકો દબાણ હેઠળ રહ્યા હતા. ટ્રેડિંગ સેશન દરમિયાન ખાસ કરીને FMCG, IT અને બેન્કિંગ શેરોમાં વેચવાલી જોવા મળી હતી. દિવસના અંતે સેન્સેક્સ 329 પોઈન્ટના ઘટાડા સાથે 74,529ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી પણ 85 પોઈન્ટ ઘટીને 23,329ના સ્તરે પહોંચી ગયો હતો. બજારમાં ઘટાડાને કારણે રોકાણકારોમાં સાવચેતીનું વાતાવરણ જોવા મળ્યું હતું.

સોમવારે એટલે કે 21 સપ્ટેમ્બરે શેરબજારમાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 564 પોઈન્ટ વધીને 74,859ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટીમાં 68 પોઈન્ટનો વધારો નોંધાયો હતો અને તે 23,414ના સ્તરે બંધ થયો હતો. જોકે એક દિવસની તેજી બાદ મંગળવારે બજારમાં ફરી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. અગાઉના દિવસના વધારા બાદ કેટલાક શેરોમાં રોકાણકારોએ નફો બુક કર્યો હોવાનું બજારના કારોબારમાં જોવા



મળ્યું હતું. આજે બજારમાં FMCG, IT અને બેન્કિંગ ક્ષેત્રના શેરોમાં ખાસ કરીને વેચવાલીનું દબાણ રહ્યું હતું. આ ક્ષેત્રોના મોટા શેરોમાં ઘટાડાની અસર બજારના મુખ્ય સૂચકાંકો પર પણ પડી હતી. રોકાણકારો તરફથી પસંદગીના શેરોમાં વેચવાલી જોવા મળતા સેન્સેક્સ અને નિફ્ટી બંને દિવસના અંતે ઘટાડા સાથે બંધ થયા હતા. બજારમાં અન્ય સેક્ટરના શેરોમાં પણ મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. આ દરમિયાન પ્રાઈમરી માર્કેટમાં પણ આજે મહત્વપૂર્ણ હલચલ જોવા મળી છે. વરમોરા ગ્રેનિટોનો IPO આજથી એટલે કે 22 સપ્ટેમ્બરથી સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો છે. રોકાણકારો આ IPOમાં 24 સપ્ટેમ્બર સુધી બિડ કરી શકશે. કંપની IPO મારફતે કુલ રૂ.708.02 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPOને લઈને રોકાણકારોની નજર હવે સબસ્ક્રિપ્શનના આંકડા અને આગામી દિવસોમાં મળનારા પ્રતિસાદ પર રહેશે. કંપની દ્વારા IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવશે અને શેરના લિસ્ટિંગ સમયે બજારનું વલણ કેવું રહેશે તેના પર પણ રોકાણકારોનું ધ્યાન રહેશે.

ભારતીય બજારમાં ઘટાડો રહ્યો હોવા છતાં એશિયાના કેટલાક મુખ્ય શેરબજારોમાં આજે તેજી જોવા મળી હતી. દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સમાં 119 પોઈન્ટ એટલે કે 1.79 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 7,132ના સ્તરે પહોંચ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ 152 પોઈન્ટ એટલે કે 0.61 ટકા વધીને 25,194ના સ્તરે રહ્યો હતો. જાપાનનું નિક્કેઈ બજાર આજે બંધ રહ્યું હતું. એશિયન બજારોમાં જોવા મળેલા આ મિશ્ર વલણની સરખામણીમાં ભારતીય બજારમાં આજે વેચવાલીનું દબાણ વધારે રહ્યું હતું. અમેરિકન શેરબજારમાં પણ 21 સપ્ટેમ્બરના કારોબારમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. ડાઉ જોન્સ 366 પોઈન્ટ એટલે કે 0.71 ટકા વધીને 52,049ના સ્તરે બંધ થયો હતો. ટેક્નોલોજી શેરોના મુખ્ય સૂચકાંક નૈસ્ડેકમાં 600 પોઈન્ટ એટલે કે 2.26 ટકાનો નોંધપાત્ર વધારો થયો હતો અને તે 27,122ના સ્તરે બંધ થયો હતો. જ્યારે S&P 500 ઈન્ડેક્સમાં 114 પોઈન્ટ એટલે કે 1.49 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 7,765ના સ્તરે પહોંચ્યો હતો. અમેરિકન બજારમાં તેજી છતાં ભારતીય બજારમાં આજે ઘટાડો જોવા મળ્યો હતો.

વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ પણ ભારતીય શેરબજાર માટે મહત્વપૂર્ણ પરિબળ બની રહી છે. છેલ્લા સાત દિવસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII અને FPI દ્વારા ભારતીય બજારમાંથી રૂ.5,218 કરોડના શેરનું નેટ વેચાણ કરવામાં આવ્યું છે. માત્ર તાજેતરના સત્રમાં જ વિદેશી રોકાણકારોનું નેટ વેચાણ રૂ.576 કરોડ રહ્યું હતું. છેલ્લા 30 દિવસનો આંકડો જોવામાં આવે તો વિદેશી રોકાણકારોએ રૂ.17,663 કરોડના શેર વેચ્યા છે. વિદેશી રોકાણકારોની સતત વેચવાલી બજારના સેન્ટિમેન્ટ પર અસર કરી રહી છે. બીજી તરફ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII તરફથી બજારમાં ખરીદીનું વલણ જોવા મળી રહ્યું છે. છેલ્લા સાત દિવસમાં DII દ્વારા રૂ.11,343 કરોડની નેટ ખરીદી કરવામાં આવી છે. તાજેતરના સત્રમાં પણ DIIની નેટ ખરીદી રૂ.2,797 કરોડ રહી હતી. છેલ્લા 30 દિવસમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ કુલ રૂ.62,915 કરોડના શેરની નેટ ખરીદી કરી છે. એટલે કે એક તરફ વિદેશી રોકાણકારો વેચવાલી કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો બજારમાં ખરીદી દ્વારા સપોર્ટ આપી રહ્યા છે. આ રીતે હાલ ભારતીય શેરબજારમાં વિદેશી અને સ્થાનિક રોકાણકારોની પ્રવૃત્તિ વચ્ચે સ્પષ્ટ તફાવત જોવા મળી રહ્યો છે.

સ્માર્ટફોન સ્ક્રીન ગાર્ડ માટે BIS રજિસ્ટ્રેશન ફરજિયાત, 1 એપ્રિલ 2027થી નવા નિયમો લાગુ થશે

નવી દિલ્હી, તા.22

સ્માર્ટફોનની સ્ક્રીનને સ્ક્રેચ, તૂટવા અને નુકસાનથી બચાવવા માટે વપરાતા સ્ક્રીન ગાર્ડને લઈને કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકાર દ્વારા હવે સ્માર્ટફોન સ્ક્રીન ગાર્ડ્સ અને સ્ક્રીન પ્રોટેક્ટર્સ માટે ભારતીય માનક બ્યુરો એટલે કે BISના નિર્ધારિત ધોરણોનું પાલન અને રજિસ્ટ્રેશન ફરજિયાત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ નિર્ણયનો સીધો પ્રભાવ બજારમાં વેચાતા ઓછી ગુણવત્તાવાળા, બ્રાન્ડ વિનાના અને નક્કી કરાયેલા ગુણવત્તા ધોરણોનું પાલન ન કરતા સ્ક્રીન ગાર્ડ્સ પર પડી શકે છે. નવા નિયમો લાગુ થયા બાદ કંપનીઓ અને ઉત્પાદકોએ પોતાના સ્ક્રીન પ્રોટેક્ટર્સને નિર્ધારિત પરીક્ષણ અને પ્રમાણપત્ર પ્રક્રિયામાંથી પસાર કરાવવા પડશે. મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલા નવા BIS ધોરણો 1 એપ્રિલ 2027થી સમગ્ર દેશમાં અમલમાં આવવાના છે. એટલે કે આ તારીખ બાદ બજારમાં વેચાતા સ્ક્રીન ગાર્ડ્સ માટે નિર્ધારિત ભારતીય માનકોનું પાલન જરૂરી રહેશે. BISની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા વગર અથવા નક્કી કરાયેલા ધોરણોનું પાલન કર્યા વગરના સ્ક્રીન પ્રોટેક્ટર્સના ઉત્પાદન,



આયાત અને વેચાણ સામે કાર્યવાહી થઈ શકે છે. સરકારનો ઉદ્દેશ્ય માત્ર સ્ક્રીન ગાર્ડની ગુણવત્તા સુધારવાનો નથી, પરંતુ ગ્રાહકોને બજારમાં ઉપલબ્ધ ઉત્પાદનોની ગુણવત્તા અંગે વધુ વિશ્વસનીય માહિતી મળે તે પણ છે. હાલમાં મોબાઈલ માર્કેટમાં વિવિધ પ્રકારના સ્ક્રીન ગાર્ડ ખૂબ જ સસ્તા ભાવે ઉપલબ્ધ છે. ઘણી વખત ગ્રાહકો માત્ર કિંમતને ધ્યાનમાં રાખીને સ્ક્રીન પ્રોટેક્ટર ખરીદે છે, પરંતુ તેની બનાવટ, કાચની ગુણવત્તા, ટચ સેન્સિટિવિટી, કોટિંગ અને અન્ય ટેક્નિકલ બાબતો અંગે પૂરતી માહિતી હોતી નથી. કેટલાક સસ્તા અથવા નબળી ગુણવત્તાવાળા ગાર્ડ થોડા સમય બાદ તૂટી જાય છે, તેમાં ક્રેક પડી જાય છે અથવા સ્ક્રીન પર ટચ રિસ્પોન્સને અસર થાય છે. નવા નિયમો બાદ આવા ઉત્પાદનો માટે ગુણવત્તા ધોરણો નક્કી થવાથી ગ્રાહકોને પ્રમાણિત પ્રોડક્ટ ઓળખવામાં સરળતા રહેવાની અપેક્ષા છે. નવા નિયમો હેઠળ કંપનીઓએ પોતાના સ્ક્રીન પ્રોટેક્ટર્સનું નિર્ધારિત માપદંડ મુજબ પરીક્ષણ કરાવવું પડશે. પરીક્ષણ અને જરૂરી પ્રમાણપત્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ઉત્પાદનને બજારમાં મૂકવાની મંજૂરી મળશે. સ્થાનિક સ્તરે ઉત્પાદન કરતા ઉત્પાદકો ઉપરાંત આયાતકારો માટે પણ આ નિયમ મહત્વનો રહેશે. જો કોઈ ઉત્પાદન નિર્ધારિત BIS ધોરણોને પૂર્ણ કરતું નહીં હોય તો તેના વેચાણ સામે કાર્યવાહી થઈ શકે છે. આ વ્યવસ્થાથી બ્રાન્ડેડ અને પ્રમાણિત ઉત્પાદકોને પણ પોતાના ઉત્પાદનોની ગુણવત્તા જાળવવા માટે નિર્ધારિત માપદંડોનું પાલન કરવું પડશે. ગ્રાહકો માટે સૌથી મહત્વનો ફેરફાર એ રહેશે કે 1 એપ્રિલ 2027 બાદ બજારમાં મળતા સ્ક્રીન પ્રોટેક્ટરની ઓળખ વધુ સરળ બની શકે છે. પ્રમાણિત સ્ક્રીન ગાર્ડના પેકેટ પર જરૂરી BIS ઓળખ અને રજિસ્ટ્રેશન સંબંધિત વિગતો ઉપલબ્ધ રહેશે. ગ્રાહકો BIS CARE જેવી સત્તાવાર વ્યવસ્થાઓ મારફતે સંબંધિત લાઈસન્સ અથવા રજિસ્ટ્રેશનની માહિતી ચકાસી શકશે. આના કારણે માત્ર પેકેટ પર લખેલી જાહેરાતો કે દુકાનદારના દાવા પર આધાર રાખવાને બદલે ગ્રાહક ઉત્પાદનની પ્રમાણિત સ્થિતિ અંગે માહિતી મેળવી શકશે.

વાંદરાંના ત્રાસથી OHE ફોલ્ટની સમસ્યાનો કાયમી ઉકેલ

અમદાવાદ ડિવિઝનના 30 હજારથી વધુ વીજ થાંભલા પર એન્ટી ક્લાઇમ્બિંગ ડિવાઇસ લાગશે

અમદાવાદ, તા.22

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા રેલવેના વીજળીકરણ માળખાને વાંદરાં અને પક્ષીઓથી થતા નુકસાનને રોકવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ઓવરહેડ ઈક્વિપમેન્ટ એટલે કે OHEના વીજ થાંભલાઓ પર વાંદરાં ચઢી જવાથી થતી શોર્ટસર્કિટ, વીજ પુરવઠો ખોરવાવાની સાથે ટ્રેનો મોડી પડવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે હવે મોટા પાયે એન્ટી ક્લાઇમ્બિંગ ડિવાઇસ અને બર્ડ ડિટરન્ટ ડિસ્ક લગાવવામાં આવશે. આ સમગ્ર કામગીરી પાછળ અંદાજે રૂ. 9.15 કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે.

અમદાવાદ ડિવિઝન હેઠળ 1450 કિલોમીટરથી વધુ લાંબો ઈલેક્ટ્રિફાઇડ રેલવે રૂટ આવેલો છે અને આ સમગ્ર વિસ્તારમાં 30 હજારથી વધુ OHE વીજ થાંભલા આવેલા છે. આ થાંભલાઓ પર વાંદરાં ચઢી જવાની ઘટનાઓના કારણે છેલ્લા કેટલાક સમયથી રેલવે માટે મુશ્કેલી ઊભી થઈ રહી છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં જ વાંદરાંઓ વીજ થાંભલા પર ચઢી જવાની 165થી વધુ ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. જેના કારણે વીજ સપ્લાયમાં વારંવાર વિક્ષેપ સર્જાય છે અને ટ્રેન વ્યવહારને પણ અસર થાય છે. આ પ્રકારની ઘટનાઓ સરેરાશ દર મહિને 25થી 30 વખત બનતી હોવાનું રેલવેના આંકડાઓ પરથી સામે આવ્યું છે.

વાંદરાં OHEના થાંભલા પર ચઢીને વીજ લાઇનના સંપર્કમાં આવે ત્યારે ઘણી વખત તેમને કરંટ લાગવાથી મોત થાય છે. બીજી તરફ વાંદરાંના કારણે વાયર તૂટવા, શોર્ટસર્કિટ થવા અથવા OHE સિસ્ટમમાં ફોલ્ટ સર્જાવાથી રેલવે ટ્રાફિક પણ અટકી શકે છે. ખાસ કરીને જંગલ વિસ્તાર, અવાવરૂ



વિસ્તાર અથવા એવા વિસ્તારો જ્યાં વાંદરાંની અવરજવર વધુ હોય ત્યાં આવી ઘટનાઓના કારણે ટ્રેનોને લાંબા સમય સુધી રોકવી પડે છે. પરિણામે મુસાફરોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને ટ્રેનના સમયપત્રક પર અસર પડે છે.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે અમદાવાદ ડિવિઝન દ્વારા અગાઉ ગાંધીગ્રામ-બોટાદ રેલવે રૂટ પર પ્રાયોગિક ધોરણે એન્ટી મંકી ડિવાઇસ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ રૂટ પર 1050થી વધુ એન્ટી મંકી ડિવાઇસ લગાવવામાં આવ્યા હતા. પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવેલી આ કામગીરીના પરિણામો સારા મળ્યા છે. ડિવાઇસ લગાવવામાં આવ્યા બાદ OHEને નુકસાન થવાની તેમજ વીજ સપ્લાય ખોરવાવાની ઘટનાઓમાં અંદાજે 50 ટકા સુધીનો ઘટાડો નોંધાયો હોવાનું રેલવે તરફથી જણાવાયું છે. આ પરિણામને ધ્યાનમાં રાખીને હવે આ વ્યવસ્થાને અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પણ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે ગાંધીગ્રામ-બોટાદ ઉપરાંત ધોળકા, પાલનપુર રૂટ તેમજ સાબરકાંઠા સેક્શન સહિત વાંદરાંની અવરજવર વધુ જોવા મળતી હોય તેવા સંવેદનશીલ વિસ્તારોમાં પણ એન્ટી ક્લાઇમ્બિંગ ડિવાઇસ લગાવવામાં આવશે. આ ઉપરાંત OHE થાંભલાઓ પર પક્ષીઓ માળા બનાવે અથવા સૂકી ડાળીઓ, ઘાસ અને અન્ય કચરો એકત્ર કરે તેના કારણે થતી શોર્ટસર્કિટની ઘટનાઓને અટકાવવા માટે બર્ડ ડિટરન્ટ ડિસ્ક પણ લગાવવામાં આવશે. રેલવેનો હેતુ માત્ર વાંદરાંના કારણે થતી ઘટનાઓને અટકાવવાનો નથી, પરંતુ OHE સિસ્ટમની સલામતી વધારીને સમગ્ર વીજળીકરણ માળખાને વધુ સુરક્ષિત બનાવવાનો પણ છે.

એન્ટી ક્લાઇમ્બિંગ અથવા એન્ટી મંકી ડિવાઇસ સામાન્ય રીતે લોખંડ, ધાતુ અથવા ફાઇબર જેવી સામગ્રીમાંથી બનાવવામાં આવે છે. તેને થાંભલાના મધ્ય ભાગમાં જમીનથી થોડા અંતરે ગોળાકાર અથવા શંકુ આકારમાં ફિટ કરવામાં આવે છે. તેની સપાટી એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે વાંદરાં માટે તેને પકડીને ઉપર ચઢવું મુશ્કેલ બની જાય. વાંદરું થાંભલા પર ચઢવાનો પ્રયાસ કરે ત્યારે આ લપસણી અને અવરોધરૂપ સપાટી તેના ચઢાણને અટકાવે છે. આ રીતે વાંદરાં OHEના વીજવાળા ભાગ સુધી પહોંચી ન શકે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

અમદાવાદ-મહેસાણા હાઇવે પર દુર્ઘટના, કલોલ નજીક બ્રિજ પરથી લટકી પડ્યો ટ્રક



અમદાવાદ, તા.22

અમદાવાદ-મહેસાણા હાઇવે પર કલોલ પાસે સિંદબાદ હોટેલ નજીક મંગળવારે(22 સપ્ટેમ્બર) સવારે એક ટ્રક પલટી મારીને બ્રિજ પરથી નીચે સર્વિસ રોડ પર પડ્યો હતો. બ્રિજ પરથી ટ્રક લટકી પડતાં કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ દુર્ઘટનામાં ટ્રક ડ્રાઇવર ઈજાગ્રસ્ત થયો છે. પ્રાથમિક માહિતી અનુસાર, હાઇવે પર પડેલા ખાડાઓથી બચવા માટે આગળ જઈ રહેલા એક ટ્રકના ડ્રાઇવરે અચાનક બ્રેક મારી દેતા આ અકસ્માત સર્જાયો હતો. જેમાં પાછળ આવી રહેલા ટ્રકના ડ્રાઇવરે પોતાના વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે ટ્રક પલટી મારીને બ્રિજ પરથી નીચે સર્વિસ રોડ પર પડ્યો હતો. ઈજાગ્રસ્ત ડ્રાઇવરને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માત વહેલી સવારે બન્યો હોવાથી સર્વિસ રોડ પર વાહનવ્યવહાર પ્રમાણમાં ઓછો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આ અકસ્માતે અમદાવાદ-મહેસાણા હાઇવેની બિસ્માર હાલત તરફ ફરી એકવાર ધ્યાન દોર્યું છે, જ્યાં વાહનચાલકોને અનેક જગ્યાએ ખાડાઓનો સામનો કરવો પડી રહ્યો છે. વાહનચાલકોએ જણાવ્યું હતું કે, અકસ્માતની ઘટનાને પગલે વહેલી સવારથી જ હાઇવે પર વ્યાપક ટ્રાફિકજામ થયો હતો. અકસ્માતના કારણે હાઇવે પર વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો.

પતિના લગ્નેતર સંબંધનો વિરોધ કરતી પરિણીતા પર ત્રાસ, વડોદરા સ્થિત પતિ અને સાસરિયા સામે ફરિયાદ

અમદાવાદ, તા.22

અમદાવાદ એરપોર્ટ નજીક ભાટમાં પિયરમાં રહેતી 34 વર્ષીય પરિણીતાએ પોતાના પતિના અન્ય મહિલા સાથેના લગ્નેતર સંબંધનો વિરોધ કરતાં તેની પર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. પરિણીતાએ આ મામલે પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસરિયાઓ સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

પીડિત પરિણીતાના લગ્ન એપ્રિલ 2017માં સામાજિક રીત-રિવાજ મુજબ વડોદરા ખાતે રહેતા યુવક સાથે થયા હતા. લગ્નના દોઢેક વર્ષ સુધી સંસાર સારી રીતે ચાલ્યો હતો અને તેમને 6 વર્ષનો એક પુત્ર પણ છે. જોકે, ત્યારબાદ પતિના અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોવાની જાણ થતાં પરિણીતાએ તેનો વિરોધ કર્યો હતો, જેના કારણે



પતિ, સાસુ-સસરા અને નણંદ દ્વારા તેને અવારનવાર મેણાં-ટોણાં મારીને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

વર્ષ 2020માં પરિણીતા ગર્ભવતી હતી તે સમયગાળા દરમિયાન પણ તેની સંભાળ રાખવાને બદલે તેની સાથે નોકરાણી જેવું વર્તન કરવામાં આવતું હતું.

પતિના આડા સંબંધો અંગે પૂછપરછ કરતાં તેની સાથે અવારનવાર મારઝૂડ કરવામાં આવતી હતી.

સાસુ-સસરા અને કુબેરનગરમાં રહેતી નણંદ દ્વારા પિયરમાંથી દહેજ પેટે રોકડ રકમ અને અન્ય ચીજવસ્તુઓ લાવવા માટે ભારે દબાણ કરાતું હતું.

પરિણીતાએ દહેજ લાવવાની ના પાડતા તેને ઘરમાંથી હાંકી કાઢવામાં આવી હતી.

સાસરિયાંઓના ત્રાસ અને પતિની બેવફાઈ છતાં પરિણીતાએ પોતાનો સંસાર તથા બાળકનું ભવિષ્ય બચાવવા માટે વર્ષો સુધી આ અન્યાય મૂંગા મોંએ સહન કર્યો હતો. પરંતુ જ્યારે સાસરિયાંઓએ તમામ હદો પાર કરીને તેમને ઘરમાંથી કાઢી મૂક્યા અને સમાધાનના તમામ રસ્તા બંધ કરી દીધા, ત્યારે આખરે પરિણીતાએ ન્યાય માટે પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનનો આશરો લઈને કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે પતિ સહિત તમામ સાસરિયાઓ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં ઇન્સ્ટાગ્રામ પર પ્રેમજાળ પાથરી સસ્તામાં મકાન અપાવવાની લાલચ આપી પરિણીતા સાથે રૂ. 11.69 લાખની છેતરપિંડી

અમદાવાદ, તા.22

અમદાવાદના સરદારનગર વિસ્તારમાં સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પરિચય કેળવીને પ્રેમસંબંધ બાંધ્યા બાદ સસ્તામાં મકાન અપાવવાના નામે 11.69 લાખ રૂપિયા પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટના યુવક સામે સરદારનગર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.



સરદારનગર કોતરપુર વોટર વર્ક્સ પાસે બાજપાઈનગરમાં રહેતી અને સિલાઈ કામ કરતી 42 વર્ષીય મહિલા ઓક્ટોબર 2023માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી રાજકોટના વિંછિયા તાલુકાના સનાળી ગામના વનરાજસિંહ ગંભીરભાઈ સોલંકીના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વાતચીત વધતા પ્રેમસંબંધ બંધાયો હતો. વર્ષ 2024માં નવરાત્રી દરમિયાન યુવક મહિલાને જૂનાગઢ, મોગલધામ, સતાધાર અને વીરપુર ફરવા લઈ ગયો હતો, જ્યાં તેણે મકાનના ફોર્મ બહાર પડવાના હોવાનું જણાવી સેટિંગમાં સસ્તામાં મકાન અપાવવાની લાલચ આપી હતી.

આરોપી વનરાજસિંહે મકાનના નામે અવારનવાર નાણાંની માંગણી કરતાં મહિલાએ પોતાના પરિચિતો તથા પુત્ર નિખિલના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ 2.03 લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં વધુ રકમની જરૂર હોવાથી મહિલાએ પોતાના સોનાના દાગીના વેચી દીધા અને અન્ય લોકો પાસેથી નાણાં મેળવીને કુલ 11.69 લાખ રૂપિયા આપ્યા હતા. આરોપીએ નાના ચિલોડા વેદ બંગ્લોઝમાં મકાન નોંધાવ્યાનું કહીને 300 રૂપિયાના સ્ટેમ્પ પેપર પર લખાણ આપ્યું હતું અને બાદમાં નામ સુધારવાના બહાને તે સ્ટેમ્પ પાછો પણ મેળવી લીધો હતો. લાંબો સમય વીતવા છતાં મકાન ન મળતા અને મહિલાએ પૈસા પરત માંગતા આરોપીએ સંપર્ક તોડી નાખ્યો હતો. પોતાની સાથે વિશ્વાસઘાત થયાની જાણ થતાં પરિણીતાએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

કોલેજ જતી વિદ્યાર્થિની પર ક્રેન ચઢાવી દીધી

અમદાવાદમાં સિલ્વર ઓક કોલેજથી 200 મીટર દૂર અકસ્માતમાં યુવતીનું ઘટનાસ્થળે જ મોત

અમદાવાદ, તા.22

અમદાવાદના ગોતામાં સિલ્વર ઓક કોલેજ પાસે યુવતી પર ક્રેન ચઢાવી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજા થવાના કારણે યુવતીનું સ્થળ પર જ મોત થયું હતું. પ્રેરણા નિનામા નામની 19 વર્ષની યુવતી સિલ્વર ઓક કોલેજમાં બીએસસીના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી હતી.



બનાવને પગલે આસપાસના લોકો ભેગા થયા હતા અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ડ્રાઇવરની અટકાયક કરી લીધી છે. આ ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. યુવતી ચાલતા ચાલતા એસ.જી હાઇવે તરફથી સિલ્વર ઓક તરફ જઈ રહી હતી ત્યારે પાછળથી આવી રહેલી ક્રેને યુવતીને ટક્કર મારી હતી. આજે સવારે અંદાજિત 11:53એ અકસ્માતનો બનાવ બન્યો હતો. જાણ થતા યુવતીની માતા સ્થળ પર પહોંચી હતી, જે બાદ યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ મોકલવામાં આવ્યો છે. એ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઇ એ.બી મોરીએ જણાવ્યું હતું કે અકસ્માતના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરવામાં આવી રહી છે.ડ્રાઈવર અકસ્માત બાદ નાસી ગયો હતો જેની અટકાયત કરવામાં આવી છે. આ ક્રેન કોની હતી કયા જતી હતી તેની તપાસ ચાલી રહી છે.

દાદરા અને નગર હવેલીમાં સરકારી નોકરીઓમાંથી કર્મચારીઓની છટણી સામે કોંગ્રેસ આક્રમક

અમદાવાદ, તા.22

સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીમાં સરકારી વિભાગોમાં લાંબા સમયથી સેવા આપી રહેલા આઉટસોર્સિંગ અને ડેઈલી વેજીસ કર્મચારીઓને છૂટા કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપને લઈને કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. રોજગારી, અનામત અને સ્થાનિક યુવાનોને સરકારી નોકરીમાં તક આપવાના મુદ્દે કોંગ્રેસે શાસકો તથા પ્રશાસન સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસનું કહેવું છે કે વર્ષોથી વિવિધ સરકારી વિભાગોમાં સેવા આપતા કર્મચારીઓને અચાનક છૂટા કરવામાં આવતાં તેમના પરિવારની રોજગારી અને આર્થિક સ્થિતિ પર સીધી અસર પડી રહી છે. આ મામલે અન્યાયી ગણાતા નિયમોમાં તાત્કાલિક સુધારો કરવાની માંગ સાથે કોંગ્રેસે પ્રશાસનને અલ્ટીમેટમ આપ્યું છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ સંઘપ્રદેશના સ્વાસ્થ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ એટલે કે PWD, જિલ્લા પંચાયત સહિતના મહત્વના સરકારી વિભાગોમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ આઉટસોર્સિંગ અને ડેઈલી વેજીસના આધારે લાંબા સમયથી ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓએ વર્ષોથી સરકારી વિભાગોની કામગીરીમાં સેવા આપી હોવા છતાં હવે તેમને અચાનક



સેવામાંથી દૂર કરવામાં આવી રહ્યા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે જો કોઈ કર્મચારી વર્ષોથી એક જ વિભાગમાં સેવા આપી રહ્યો હોય તો તેની રોજગારી અંગે નિર્ણય લેતી વખતે માનવિય અભિગમ અપનાવવો જોઈએ અને સીધી રીતે છટણી કરવાને બદલે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવવી જોઈએ. આ સમગ્ર મામલે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રભુ ટોકિયાએ શાસક પક્ષ અને સ્થાનિક સત્તાધીશો સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ કર્મચારી વિરોધી નીતિઓ પાછળ સાંસદ, જિલ્લા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ અને શાસક પક્ષ ભાજપની સીધી જવાબદારી છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે સ્થાનિક લોકો અને વર્ષોથી સેવા આપતા કર્મચારીઓના હિતોને પૂરતું મહત્વ આપવામાં આવી રહ્યું નથી. જોકે, આ આક્ષેપો કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવ્યા છે અને આ અંગે સંબંધિત શાસક પક્ષ અથવા પ્રશાસનનો પક્ષ અલગ હોઈ શકે છે. કોંગ્રેસે સરકારી કર્મચારીઓની છટણી સાથે પોલીસ ભરતીના નિયમોનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. પ્રદેશમાં પોલીસ ભરતી માટે નક્કી કરવામાં આવેલા કેટલાક નિયમો સ્થાનિક યુવાનો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે તેવો કોંગ્રેસનો દાવો છે. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા ડીઆઈજીને લેખિત રજૂઆત કરવામાં આવી છે અને ભરતી પ્રક્રિયામાં સ્થાનિક યુવાનોને યોગ્ય તક મળે તે માટે નિયમોમાં ફેરફાર કરવાની માંગ કરવામાં આવી છે. પોલીસ ભરતીમાં ઊંચાઈના માપદંડને લઈને પણ કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસની માંગ છે કે સ્થાનિક ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક યુવાનોને ઊંચાઈના માપદંડમાં યોગ્ય રાહત આપવામાં આવે. કોંગ્રેસનું કહેવું છે કે કડક શારીરિક માપદંડોના કારણે પ્રદેશના ઘણા સ્થાનિક યુવાનો ભરતી પ્રક્રિયામાંથી બહાર થઈ શકે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર